કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.

PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com

તા.૧૬ એપ્રિલ, ૨૦૨૬ ગુરૂવાર

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ ઉદય

મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો

-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૨૯૧◆વર્ષ : ૩૨ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ ચૈત્ર વદ - ૧૪◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## મોદીજીનો કચ્છસ્નેહ અને કચ્છીઓની ખમીરી સરાહનીય : સીએમ

# રાજ્યનો શ્રેષ્ઠ વિકસિત જિલ્લો એટલે કચ્છ








મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માતાના મઢ ખાતે મા આશાપુરાના આશીર્વાદ મેળવ્યા






**કોંગ્રેસના ગઢમાં રાજયના મૃદુ અને મકકમ મુખ્યપ્રધાનશ્રી ભુપેન્દ્રભાઈએ ગજવી જાહેર જનસભા : વિજય વીશ્વાસ સંમેલનમાં સીએમએ ભાજપની જંગી જીતનો વ્યકત કર્યો વિશ્વાસ**

**ગુજરાતના મૃદુ અને મકકમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ કચ્છના છેવાડાના વિસ્તારોના વિકાસ માટે સતત વિશેષ લાગણી દર્શાવતા રહ્યા છે : પ્રદુમનસિંહ જાડેજા (ધારાસભ્યશ્રી અબડાસા)**

**ભાજપ-મોદીજી-ભુપેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાત-કચ્છમાં નેત્રદિપક કામો થયા છે, નર્મદા જળ છેવાડાના સરહદી વિસ્તારોમાં પહોચ્યા છે, ભાજપ સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે : દેવજીભાઈ વરચંદ(જિલ્લા ભાજપ પ્રમુખ)**

**ધારાસભ્યશ્રીએ પ્રદુમનસિંહ જાડેજા, ગણપતભાઈ રાજગોર,જયદીપસિંહ જાડેજા, ધમેન્દ્રભાઈ કેશરાણી, જીલ્લા પંચાયતના ઉમેદવારોએ મુખ્યપ્રધાનશ્રીનો કર્યો પારંપરીક સન્માન : જાડેજા હમીરજી ખાનજી, જાડેજા હમીરજીભાઈ (ગુનેરી),સોઢા ચમનભાઈ સહીતનાઓ ભાજપનો કેસરીયો ખેસ ધારણ કર્યો, ૩૦૦થી વધુ લોકોને ભાજપમાં અપાયો આવકાર**

દયાપર : આજ રોજ લખપતના દયાપર મધ્યે રાજયના મુખ્યપ્રધાન શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વિકાસ સંકલ્પ સાથે વિશાળ જનસભાને સંબોધી હતી. આ તબક્કે તેઓએ બોલતા કહ્યુ હતુ કે, ધારાસભ્ય જે રીતે કહેતા હતા અને તમે જો તાળીઓ બરાબર પાડી હોય તો ધારાસભ્ય તરીકે તેમને એકેય કામ આપવાનુ થતુ નથી? કે પછી હજુય બાકી છે કંઈ કામો? તેઓએ કહ્યુ કે માંગ્યા વગર તો માંય ન પીરસે? તેઓએ અબડાસાના ધારાસભ્યશ્રીની પ્રજાસેવાની સંકલ્પબદ્ધતાની ખાસ નોધી લીધી હતી. તેઓએ કહ્યુ કે કચ્છને બધાય જોયું છે. કચ્છની જરૂરીયાતો પુરી થાય એ પહેલા ધરતીકંપ અને પછી બેઠા થવુ તે વખતે બધાયને એમ થતુ હતુ કે કચ્છનું શું થશે? પણ આપણે મોદીજીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે? તેઓએ પુરેપુરો સ્નેહ કચ્છ પર દર્શાવ્યો અને કચ્છને પણ વખાણવુ પડે કે કચ્છી માડુઓની ખમીરી અને મહેનત મારફતે કચ્છ ફરીથી બેઠું થયું છે. અત્યારે ગુજરાતમાં સૌથી વધુ વિકસીત થતુ હોય તો એ કચ્છ છે કચ્છ. ગુજરાતમાં સૌથી ઉજળું ભવિષ્ય કચ્છનું છે. જે રીતે અહી પાણીની વ્યવસ્થાઓ થઈ છે. નર્મદાનું જળ કચ્છ સુધી પહોચશે તે કોઈ માનવા જ તૈયાર ન હતા. આજે નર્મદાનુ પાણી વડાપ્રધાનશ્રીએ પહોચાડયું છે. જે કહેવુ તે કરવુ, તે મોદીજીનો બીજમંત્ર રહ્યો છે અને એટલે જ મોદીજી પ્રત્યે પ્રજાનો

અનુસંધાન પાના નં.૪ પર




## માતાનામઢ ખાતે મુખ્યમંત્રીને આવકાર

કચ્છ જિલ્લાના એક દિવસના પ્રવાસે આવેલા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને માતાનામઢ હેલીપેડ ખાતે કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દેવજીભાઈ વરચંદે આવકાર આપ્યો હતો.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

તંત્રી સ્થાનેથી....

## કચ્છના જંગમેદાનમાં 'દાદા'નો રણટંકાર: આશાપુરાના આશીર્વાદ સાથે કેસરીયાના શ્રીગણેશ



**મૃદુ છતા મકકમ મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈના સરહદી ક્ષેત્રમાં પધરામણીથી ભાજપ સહિત જિલ્લાભરમાં અનેરા ઉત્સાહનો સંચાર : કોંગ્રેસના ગઢમાં 'કેસરીયો' વંટોળ ફરી વળ્યાનો દેખાયો જોમ-જુસ્સો : ગાંધીધામ મનપામાં પણ વિકાસ નામે વોટ આપવા નગરજનોને સીએમએ કરી અપીલ**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો માહોલ જામ્યો છે, ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરહદી જિલ્લા કચ્છની ધરતી પરથી પ્રચારના મંગલ શ્રીગણેશ કરીને રાજકીય ગરમાવો લાવી દીધો છે. માતાના મઢ ખાતે માં આશાપુરાના ચરણોમાં શીશ ઝુકાવીને મુખ્યમંત્રીએ જે રીતે ચૂંટણી પ્રચારનો રણટંકાર ફૂંક્યો છે, તેણે કચ્છ ભાજપના કાર્યકરોમાં એક નવો આત્મવિશ્વાસ અને અનેરો સંચાર ભર્યો છે. મુખ્યમંત્રીની આ મુલાકાતની સૌથી વધુ અસર લખપત વિસ્તારમાં જોવા મળી રહી છે. જે લખપત પરંપરાગત રીતે કોંગ્રેસનો મજબૂત ગઢ ગણાય છે, ત્યાં મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિએ વાતાવરણ પલટી નાખ્યું છે. ભાજપના કાર્યકરોનો ઉત્સાહ અને જનમેદનીની હાજરી સૂચવે છે કે આ વખતે કોંગ્રેસના ગઢમાં ગાબડું પાડવા ભાજપ સજ્જ છે. આખું લખપત જાણે કેસરીયા રંગે રંગાઈ ગયું હોય તેવો માહોલ સર્જાયો છે.

માત્ર ગ્રામીણ જ નહીં, પરંતુ ગાંધીધામ મનપા વિસ્તારમાં પણ મુખ્યમંત્રીએ સઘન પ્રચાર-પ્રસાર કર્યો હતો. ઔદ્યોગિક હબ ગણાતા ગાંધીધામમાં તેમણે ડબલ એન્જિન સરકારના વિકાસકામોની ગાથા રજૂ કરી મતદારોને રીઝવવાનો પ્રયાસ કર્યો છે. શહેરી વિસ્તારના મતદારો વચ્ચે તેમની સીધી અને સરળ શૈલીએ વિશેષ છાપ છોડી છે.ભૂપેન્દ્રભાઈ પટેલની રાજકીય છબી અન્ય નેતાઓ કરતા થોડી અલગ અને વધુ પ્રભાવશાળી છે, જે આ પ્રચાર પ્રસાર દરમિયાન પણ ઉભરી આવી છે.'કોમન મેન'ની છાપ. તેઓ હંમેશા લો-પ્રોફાઈલ રહીને કામ કરવામાં માને છે. કાર્યકરોમાં તેઓ 'દાદા' તરીકે જાણીતા છે, જે તેમની સરળતા અને સહજતા દર્શાવે છે.

ભુપેન્દ્ર ભાઈ એટલે નિર્વિવાદિત નેતૃત્વ. વિવાદોથી દૂર રહીને માત્ર 'વિકાસ'ના એજન્ડા પર ચાલવું એ તેમની ઓળખ છે. કચ્છમાં પણ તેઓ આજે ચોકકસથી સૌને સાથે મળીને ચાલવાની પ્રેરણા આપશે. નિર્ણાયક અને ગંભીર વ્યકિતત્વ એટલે દાદા. ભલે તેમનો સ્વભાવ મૃદુ હોય, પરંતુ વહીવટી નિર્ણયોમાં તેઓ અત્યંત મક્કમ છે. કચ્છની સરહદની સુરક્ષા હોય કે ઉદ્યોગોનો વિકાસ, તેમની વિઝનરી છબી લોકોમાં ભરોસો જગાડે છે.જનતા સાથે સીધો સંવાદ કરવાની તેમનીઆગવી શૈલી તેમને વધુ લોકપ્રીયબ નાવે છે. હાઈ-પ્રોફાઈલ નેતા હોવા છતાં, સામાન્ય કાર્યકરના ખભે હાથ મૂકીને વાત કરવાની તેમની શૈલીએ તેમને કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં લોકપ્રિય બનાવ્યા છે.મુખ્યમંત્રીના આ પ્રવાસે કચ્છ ભાજપને એક નવી ઊર્જા આપી છે. માતાના મઢથી શરૂ થયેલો આ વિજય વિશ્વાસ પ્રચાર હવે આગામી દિવસોમાં મતના પરિણામોમાં કેટલો પરિવર્તિત થાય છે તે જોવું રહ્યું, પરંતુ હાલ પૂરતું તો સમગ્ર કચ્છ 'કેસરીયા માહોલ'માં ડૂબેલું જણાય છે.

# મુખ્યમંત્રીશ્રીનો ગાંધીધામમાં ભવ્ય સત્કાર

## ૫૦૦થી વધુ બાઈકોની રેલી સાથે યુવા ભાજપ દ્વારા કેસરીયો માહોલ





યુવા શક્તિનો ઉન્માદઃ ૫૦૦થી વધુ બાઈકોની રેલી : રાજયમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા, કચ્છના પ્રભારી મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા જોડાયા




ગાંધીધામ : ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રીનું આજે ગાંધીધામની પાવન ધરા પર આગમન થતા તેમનું અભૂતપૂર્વ અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટ પર ઉતરાણ કરતાની સાથે જ જિલ્લા ભાજપના પદાધિકારીઓ અને ચૂંટાયેલા

અનુસંધાન પાના નં.૪ પર

# જયાં ઝુપડું ત્યાં ઘરનો વાયદો : ભાજપે ચૂંટણી માટે જાહેર કર્યુ સંકલ્પપત્ર



**પ્રવકતા મંત્રી ઋષિકેશભાઈ પટેલ, પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવે સહિતનાઓએ સંકલ્પ પત્રની કરી ઘોષણા**




ગાંધીનગર : સ્થાનીક સ્વરાજયની ચુંટણીઓ જાહેર થઈ છે, ઉમેદવારો સામસામે મેદાનમાં છે, ત્યારે આજ રોજ ભાજપ દ્વારા ચૂંટણી માટે સંકલ્પપત્ર જાહેર કરાયો છે. આજ રોજ ઋષીકેશભાઈ પટેલ દ્વારા સંકલ્પપત્રની કરેલી જાહેરાતમાં જણાવ્યુ કે અમે જે સંકલ્પ જાહેર કરીએ છીએ તેને સિદ્ધ કરીએ છીએ. ગત વરસે અમે જે ઘોષણાઓ કરી હતી તે સંકલ્પો આજે પુરા થયા છે. આગામી સમયમા મોદીજી અને ભુપેન્દ્રભાઈના નેતૃત્વમાં ભાજપ અમદાવાદમાં જયા ઝુપડુ ત્યાં ઘરનો લક્ષ્યાંક સિદ્ધ કરશે. એએમસીને વિજળીના વધારાનો બોજ ન પડે તેનુ ધ્યાન રખાશે. ૨૦ નવા અર્બન હેલ્થ સેન્ટરો બનાવવામા આવશે.અમાદવાદમા માતા બહેનોના કેન્સરની મફત સારવારની વ્યવસ્થાઓ કરવામા આવશે. એએમસીમા થનારી ભરતીમાં ૩૦ ટકા મહીલા-બહેનો માટે અનામત રાખવમાં આવશે જુની ડ્રેઈન સિસ્ટમ બનાવવામા આવશે. વૃદ્ધોને મફતમાં અમદાવાદ માં મુસાફરીની વ્યવસ્થાઓ કરી આપવામાં આવશે. રીવર ફ્રન્ટને આગળ વધારનો લક્ષ્યાંક રખાયો છે. ઈંદીરા બ્રીજથી ગિફટ સીટી સુધી રીવરફ્રન્ટનું આયોજન ચાલી રહ્યુ છે.

# મહિલા અનામત બીલ સંસદમાં રજુ : પીએમ મોદીએ કહ્યુ મહિલા સશકિતકરણ માટે ઐતિહાસીક ડગ

**આજે સંસદમાં ત્રણ અલગ અલગ બીલો થયા રજુ : કાયદા પ્રધાને મહિલા અનામત બીલ કર્યુ પેશ**

નવી દીલ્હી : આજ રોજ ભારતીય સંસદમાં અનેરો ઈતિહાસ રચાવવા પામી રહ્યો છે. આજે સંસદમાં મહીલા અનામત બીલને લઈને મહત્વપૂર્ણ કાર્યવાહી કરવામા આવી હોવાના અહેવાલો સાંપડયા છે. આજથી શરૂ થયેલા સત્રમાં સૌ પ્રથમ લોકસભા અધ્યક્ષ ઓમબિરલાએ શોકપ્રસ્તાવ રજુ કરી અને ભારત ન્યુકલીયર ઉર્જાના લક્ષ્યમાં કઈ રીતે આગળ વધી રહ્યુ છે તેની વાત સદનને કરી હતી. આજ રોજ ગૃહમાં ત્રણ અલગ અલગ પ્રસ્તાવો રજુ કરવામાં આવ્યા હતા. જેમાં મહત્વપૂર્ણ એવા મહિલા અનામત

અનુસંધાન પાના નં.૪ પર

# કચ્છમાં મતદાન પૂર્વે જ ભાજપનો ૨૬ બેઠકો પર બિનહરીફ વિજય

## કચ્છમાં ભાજપ એક ઐતિહાસિક અભૂતપૂર્વ વિજય ભણી આગળ વધી રહ્યું છે : જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ

ભુજ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત ચાલી રહેલી તબક્કાવાર પ્રક્રિયાઓ દરમિયાન બુધવારે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થઈ ચૂક્યું છે ત્યારે કચ્છ જિલ્લા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં વિવિધ બેઠકો પર મળીને કુલ ૨૬ જેટલી બેઠકો ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોએ બિનહરીફ કબજે કરીને પ્રથમ નગારે ઘા માર્યો છે ત્યારે સમગ્ર કચ્છ ભાજપ આ ચૂંટણીના જંગમાં જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદના નેજા હેઠળ ડંકાની ચોટ પર વટભેર મેદાનમાં ઉતરી ચુક્યો છે. બુધવારે જાહેર થયેલા અંતિમ ચિત્ર મુજબ એક જિલ્લા પંચાયત બેઠક, ૯ તાલુકા પંચાયત બેઠકો, એક મહાનગરપાલિક બેઠક તેમજ ૧૫ નગરપાલિકા બેઠકો સહિત કુલ ૨૬ જેટલી બેઠકો બિનહરીફ રીતે ભારતીય જનતા પાર્ટીને મળવાથી કચ્છ જિલ્લા ભાજપના પ્રત્યેક કાર્યકર્તાઓનો જોશ અને આત્મવિશ્વાસ આજે આસમાનને સ્પર્શી રહ્યો છે અને ભાજપની છાવણીમાં ચારેકોર આનંદ અને ઉત્સાહ વ્યાપી રહ્યો છે. આ પ્રસંગે પ્રતિભાવ આપતા જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે, કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ તેમજ રાજ્યમાં ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની બંને સરકારોએ કચ્છ માટે કરેલા અનેક વિકાસકાર્યોના ફળસ્વરૂપે કચ્છમાં વિપક્ષોને મોઢું સંતાડવાની પણ ક્યાંય જગ્યા બચી નથી એ કચ્છના લોકોના ભાજપ પ્રત્યેના અનન્ય પ્રેમ અને આશીર્વાદ થકી જ શક્ય બન્યું છે અને આ આશીર્વાદના બળે જ આગામી તારીખ ૨૮ એપ્રિલના રોજ મત ગણતરીના દિવસે સૌ કચ્છી મતદાર ભાઈ બહેનો ભારતીય જનતા પાર્ટીને એક વિરાટ વિજય તરફ દોરી જશે એમાં લેશમાત્ર પણ શંકા નથી.

વિરોધીઓ પર પ્રહાર કરતા શ્રી વરચંદે જણાવ્યું હતું કે, માત્ર ચૂંટણીના દિવસોમાં જ લોકોના પ્રશ્નો અને લોકોને યાદ કરતા આવા કાચિંડા જેવા રંગ બદલતા વિપક્ષોને કચ્છની શાણી જનતા ખૂબ સારી રીતે ઓળખી ચૂકી છે અને માટે જ તેઓને ચારે દિશાઓથી જાકારો મળી રહ્યો છે. આ વિજય કચ્છના લોકોનો ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ પ્રત્યેનો અવિરત વિશ્વાસ અને 'ડબલ એન્જિન' સરકારના વિકાસલક્ષી કાર્યોની સ્વીકૃતિ છે. આ મોટી સંખ્યામાં થયેલા બિનહરીફ વિજયથી માત્ર ભાજપના કેડરમાં ઉત્સાહની લહેર જોવા મળી છે. આ પરિણામો આગામી દિવસોમાં યોજાનારા મતદાન અને પરિણામો પર પણ વ્યાપક મનોવૈજ્ઞાનિક અસર કરે તેવી પ્રબળ શક્યતા છે અને તે કચ્છના રાજકીય ભવિષ્યની દિશા નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

## માંડવી તાલુકા પંચાયતની ૩ બેઠકો ભાજપના ફાળે બિનહરીફ જાહેર



પાયલ સોમાભાઈ રાણા, નાની વિરાણી | દિનેશ ધનજી માતંગ, બાયઠ | શાંન્તાબેન કાનજી સંગાર, બિદડા-2

માંડવી - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની વર્ષ ૨૦૨૬ની ચૂંટણી અન્વયે કચ્છ જિલ્લાના ૨-માંડવી વિધાનસભા મત વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજયી શરૂઆત કરી છે. પ્રદેશ ભાજપ મહામંત્રી અને માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેના કુશળ માર્ગદર્શન હેઠળ માંડવી તાલુકા પંચાયતની ત્રણ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. જેમાં નાની વિરાણી બેઠક પરથી પાયલ સોમાભાઈ રાણા, બાયઠ બેઠક પરથી દિનેશ ધનજી માતંગ અને બિદડા-૨ બેઠક પરથી શાંતાબેન કાનજી સંગાર બિનહરીફ વિજેતા જાહેર થયા છે. ચૂંટણી પૂર્વે જ મળેલી આ સફળતાને માંડવી તાલુકા ભાજપ પરિવાર દ્વારા વધાવવામાં આવી છે. માંડવી તાલુકા ભાજપ પ્રમુખ સામતભાઈ ગઢવી તેમજ મહામંત્રીઓ મહેન્દ્રભાઈ રામાણી અને લક્ષ્મીશંકર જોષી સહિતના અગ્રણીઓએ તમામ બિનહરીફ વિજેતા ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા છે અને આ જીતને સંગઠનની શક્તિ અને નેતૃત્વ પરના અતૂટ વિશ્વાસનું પરિણામ ગણાવ્યું છે.

# નલિયા જિલ્લા પંચાયતના ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાએ સુથરી તા.પં.બેઠકથી પ્રચારનો કર્યો શુભારંભ





**સુથરી તા.પં.બેઠકના ઉમેદવાર તૌસીફ સંઘાર સાથે તાલુકા ભાજપ પ્રમુખ જયદિપસિંહ જાડેજા, ઈન્ચાર્જ વિક્રમસિંહ જાડેજા સાથે જીલ્લા તાલુકા ભાજપના અગ્રણીઓ સાથે જોડાયા**

નલિયા : નલિયા જીલ્લા પંચાયત બેઠકના ભાજપના ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાએ સુથરી તાલુકા પંચાયત સીટથી પ્રચારનો શુભારંભ કર્યો હતો.સાથે સુથરી તાલુકા પંચાયતના ઉમેદવાર તૌસીફ સંઘાર અને તાલુકા, જીલ્લા ભાજપના અગ્રણીઓ જોડાયા હતા.

સુથરી તાલુકા પંચાયત બેઠકથી પ્રચારની શરૂઆત કરતા નલીયા જી.પં.બેઠકના ભાજપના ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાએ ભાજપ સરકાર દ્વારા છેવાડાના અબડાસા તાલુકામાં પાયાની સુવિધાઓ અને રોડ-રસ્તા માટે થઈ રહેલા કામોની યાદી આપી ભાજપ એટલે વિવાદ નહીં પણ વિકાસનું સુત્ર આપ્યું હતું.તેમણે સામાન્ય અને ગરીબ માણસોને કોઈ બિમારી થાય ત્યારે ઘરની બચત મુડી ખતમ જઈ હતી પણ આયુષ્યમાન કાર્ડ દ્વારા રૂા.૧૦ લાખ સુધીની મફત સારવારની ભાજપ સરકારે વ્યવસ્થા કરી છે અને ખેડુતો અને પશુપાલકો તથા સમાજના તમામ વર્ગો માટે સરકાર કામ કરી રહી હોવાનું જણાવ્યું હતું.તેમણે તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે કરેલા કામોની યાદી રજુ કરી કોઈ પણ જાતના ભેદભાવ વગર કામો થયા હોવાનું જણાવ્યું હતું.

પ્રચારમાં તેમની સાથે જોડાયેલા સુથરી તાલુકા પંચાયત સીટના ઉમેદવાર તૌસીફ સંઘારે ભાજપે તેમનામાં વિશ્વાસ મુકી તેમને ટીકીટ આપી છે તેને ચરિતાર્થ કરી સુથરી વિસ્તારના લોકોના પ્રશ્નો ઉકેલવા તેઓ સદાય સક્રિય રહેશે તેવી ખાતરી આપી હતી.પ્રચારમાં તાલુકા ભાજપ પ્રમુખ જયદિપસિંહ જાડેજા, નલીયા જી.પં.ઈન્ચાર્જ વિક્રમસિંહ જાડેજા, જીલ્લા ભાજપ અગ્રણીઓ શૈલેન્દ્રસિંહ જાડેજા (મુન્નાભાઈ), ઉપપ્રમુખ પ્રફુલ્લસિંહ જાડેજા, તાલુકા ભાજપ મહામંત્રીઓ ગોપાલભાઈ ગઢવી, વિનયભાઈ રાવલ, મુળરાજભાઈ ગઢવી, ચકુભા જાડેજા, તાલુકા લઘુમતિ મોરચાના યાકુબભાઈ હિંગોરા, વિક્રમસિંહ ભાટી, મામદભાઈ સંઘાર સહિતના ભાજપ કાર્યકરો સાથે રહ્યા હતા.સ્થાનિક નાગરીકોએ જીલ્લા અને તાલુકા પંચાયતના ઉમેદવારોને ઉમકળાભેર આવકાર આપ્યો હતો.

## જિલ્લા પંચાયતની નારણપર બેઠકના મહિલા ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યું

ભુજ - કચ્છઉદય :કચ્છમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાની મદદના અંતિમ દિવસે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો હતો. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની કેટલીક બેઠકો પરથી જુદા જુદા દળોના અને અપક્ષ ઉમેદવારોએ પોતાના નામાંકન પત્રક ખેંચી લેતા સમીકરણો બદલાયા હતા, જેમાં જિલ્લા પંચાયતની નારણપર બેઠકના મહિલા ઉમેદવાર પ્રીતિબેન વેકરીયાએ પણ પોતાનું ફોર્મ પરત ખેંચી લીધું હતું.

## ભચાઉ પોલીસે શંકાસ્પદ મોપેડ સાથે યુવકની અટક કરી



ભચાઉ - કચ્છ ઉદય : વોંધ પુલિયા પાસે પોલીસે ચોરી કે છળકપટથી મેળવેલ શંકાસ્પદ મોપેડ સાથે યુવકની અટક કરી હતી. મૂળ રાધનપુરના હાલે સુંદરપુરીમાં રહેતા રાજેશ રમેશભાઈ કુંવરિયાને પકડી તેની પાસેથી ૨૦ હજારની જ્યુપીટર નં.જીજે૧૨ - સીઈ - ૧૯૧૯ કબજે કરવામાં આવી હતી.

# નલિયા-૧ તા.પં.ના ભાજપના ઉમેદવાર નંદીનીબેન સોલંકીના પ્રચાર કાર્યાલયનું ઉદ્દઘાટન





નલિયા : નલિયા - ૧ તાલુકા પંચાયત બેઠકના ભાજપના ઉમેદવાર નંદીનીબેન સોલંકીના પ્રચાર કાર્યાલયનું નલિયા ખાતે ઉદ્દઘાટન કરાયું હતું. નલીયાની મેઈન બજાર ખાતે ધનલક્ષ્મી કોમ્પલેક્ષ ખાતે પ્રચાર કાર્યાલયનું રીબીન કાપી તાલુકા ભાજપ પ્રમુખ જયદિપસિંહ જાડેજા અને નલીયા જી.પં.ના ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાના હસ્તે ઉદ્દઘાટન કરાયું હતું.આ પ્રસંગે નલીયા-૧ તા.પં.ઉમેદવાર નંદીનીબેન સોલંકીએ સૌને આવકાર આપી નલીયાના પ્રશ્નો માટે સદાય સક્રિય રહેવા સાથે ભાજપ સરકારની પ્રજા કલ્યાણની નીતીને ધ્યાને લઈ ભાજપને મત આપવા અપીલ કરી હતી.જી.પં.ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાએ તાલુકાના વિકાસ કામોની યાદી રજુ કરી હતી.તાલુકા ભાજપ પ્રમુખ જયદિપસિંહ જાડેજા દ્વારા નલીયાના ફોરલેન માર્ગ, નલીયા ભારતમાતા ગેટથી છાડુરા રોડ, નલીયાથી મીઠી ડેમ સુધીની પાણીની લાઈન જેવા કામો વર્ણવી કોંગ્રેસ માત્ર વિરોધની રાજનીતી કરતી હોવાનું જણાવી વિકાસ માટે ભાજપ કટિબધ્ધ હોવાનું જણાવ્યું હતું. નલીયા સરપંચ રામજીભાઈ કોલી, નલીયા જી.પં.પ્રભારી વિક્રમસિંહ જાડેજા, જ.પી. ગોર, તાલુકા ક્ષત્રિય સમાજ પ્રમુખ શૈલેન્દ્રસિંહ પ્રતાપસિંહ જાડેજા, દુષ્યંતસિંહ જાડેજા, ગોપાલસિંહ કે.જાડેજા, નલીયા તીલાટ દીલીપસિંહ જાડેજા, તારાચંદભાઈ ઠક્કર, ગીરીશભાઈ સોનાઘેલા, તુલસીગીરી ગોસ્વામી, રાજેશભાઈ દરજી, લહેરીભાઈ, તુષારભાઈ આઈયા, પ્રફુલ્લભાઈ હોથી સહિત વિવિધ સમાજોના અગ્રણી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.સંચાલન જેન્તીભાઈ ચૌહાણે અને આભારવિધી રમેશભાઈ જોષીએ કરી હતી.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને વિવિધ જાહેરનામા જારી કરાયા

ભુજ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય - પેટા ચૂંટણીઓની તારીખો જાહેર થયેલ છે, જે મુજબ આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે અને કચ્છ જિલ્લામાં તા.૨૬/૪ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા.૧/૪ થી તા.૩૦/૪ સુધી ચાલશે. આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ચૂંટણીની કામગીરી દરમિયાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલે વિવિધ જાહેરનામા અમલી કર્યા છે, જે અંતર્ગત પોલીંગ એજન્ટને મતદાનના કલાકો દરમિયાન માર્ક કરેલ મતદાર યાદી મતદાન મથકની બહાર કોઈપણ સંજોગોમાં લઈ જવા દેવામાં આવશે નહી. પ્રિસાઈડીંગ અધિકારીને મતદાર યાદી હાથમાં સોંપ્યા બાદ જ મતદાન મથક છોડવાની છૂટ આપવામાં આવશે. બીજી તરફ મતદાન પુરુ થતા સમયગાળા પહેલા ૪૮ કલાકના સમયગાળામાં પોલીટીકલ નેચર વાળા બલ્ક એસએમએસના ટ્રાન્સમીશન પર પ્રતિબંધ ફરમાવેલ છે.

આ ઉપરાંત મતદારો મતદાન મથકના અધિકૃત પ્રવેશદ્વાર પર એક જ કતારમાં એક પછી એક ઉભા રહેશે અને જે મતદાન મથકમાં મહિલા મતદારો માટે અલગ કતાર હોય તો તેઓ તે મુજબ અલગ અલગ કતારમાં ઉભા રહેશે. મતદારો એક પછી એક એમ વારા-ફરતી મત આપવા મતદાન મથકમાં જશે અને એક પુરૂષ મતદાર પછી બે સ્ત્રી મતદાર મત આપવા મતદાન મથકમાં જશે. દિવ્યાંગ મતદારો અને વરિષ્ઠ નાગરીકો (સિનીયર સિટીઝન)ને મતદાન માટે પ્રાથમિકતા આપવાની રહેશે.

પોતાનો મત આપ્યા પછી મતદાર તુરંત જ મતદાન મથકનો વિસ્તાર છોડી ચાલ્યા જશે તેમજ ઉમેદવારો, રાજકીય પક્ષો માટે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લાવવા, પરત લઈ જવાની ગેરકાયદેસરની સગવડ આપી મતદારની ઉપર અનધિકૃત દબાણ, પ્રલોભન આપવા ઉપર તથા મતદાનના દિવસે ઉમેદવારો તથા તેમના એજન્ટ દ્વારા વાપરવામાં આવતા વાહનો ઉપર પ્રતિબંધ - નિયંત્રણ રાખવા ફરમાવેલ છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણીઓના સમયગાળા દરમિયાન ચૂંટણીના પ્રચાર માટે ઉપયોગમાં લેવાતા આવતા વાહન પૂર્વ પરવાનગી વિના ઉપયોગમાં લઈ શકાશે નહી. પરવાનગી મેળવેલ વાહનનો જે તે મતદાર વિસ્તારમાં જ તેનો ઉપયોગ કરી શકાશે. ચૂંટણી માટે ઉપયોગમાં લેવાનાર વાહનના વીન્ડ સ્કીન પર પરવાનગીના હુકમ નંબર તારીખ દર્શાવવાના રહેશે. મતદાનના દિવસે ઉમેદવાર તેમના પોતાના માટે એક વાહન ચૂંટણી એજન્ટ માટે એક વાહન અને પક્ષના કાર્યકરોના ઉપયોગમાં એક વાહન મળી કુલ ૩ વાહનો પૂર્વ પરવાનગી મેળવી ઉપયોગ કરી શકશે.

### એચ.બી. વાઘેલા, મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાપરની કોર્ટમાં, ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી અરજી રજિ નં.૧૫૧/૨૦૨૬

શ્રી ઠક્કર ગંગારામ તુલસીદાસ,
રહે. મુ.ગાગોદર, તા.રાપર-હાલે રહે આદીપુર કચ્છ. ........................ અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, ગાગોદર, તા.રાપર-કચ્છ. ........................ સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી ઠક્કર ગંગારામ તુલસીદાસ, રહે.મુ.ગાગોદર, તા.રાપર હાલે.રહે. આદીપુર વાળાએ તા.૦૯/૦૪/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના બહેન રંજબેન તુલસીદાસ ઠક્કરનો જન્મ મોજેઃ ગાગોદર, તા.રાપર-કચ્છ મુકામે તા.૦૧/૦૬/૧૯૬૬ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃગાગોદર, તા. રાપર-કચ્છના વર્ષ-૧૯૬૬ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૧૫૧/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ- ૦૯/૦૪/૨૦૨૬

(એચ.બી. વાઘેલા)
મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, રાપર-કચ્છ

### મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ માંડવી(કચ્છ)ની કોર્ટમાં

**જાહેર નોટિસ** — જન્મ-મરણ કેસ નં.૧૦૫/૨૦૨૫

અયુબ અલીમામદ સુમરા
રહે. આસંબીયા નાના તા.માંડવી-કચ્છ ........................અરજદાર
અરજદાર ના વકીલશ્રી નારાણ કે.ગઢવી, રીના.એસ.ગઢવી, રક્ષા.એ.ગઢવી, માંડવી-કચ્છ

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી આસંબીયા નાના ગ્રામ પંચાયત ........................સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટિસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અયુબ અલીમામદ સુમરા રહે.આસંબીયા નાના તા.માંડવી-કચ્છ એ તા.૧૧/૧૧/૨૫ વાળી અરજીથી જણાવેલ છે કે તેમની પુત્રી નામે હનીફા અયુબભાઈ સુમરા વા/ઓ હનીફ આમદ સુમરા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૩ ના રોજ પઈવાડી વિસ્તાર, ગામ.આસંબીયા નાના તા.માંડવી-કચ્છ મધ્યે થયેલ પરંતુ પરિવારની અજ્ઞાનતાના તથા સરતચૂકના કારણે જન્મ અંગેની નોંધણી આસંબીયા નાના ગ્રામ પંચાયત ના વર્ષ : ૧૯૯૩ ના જન્મ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ-મરણ નોંધણી રજિસ્ટર નં.૧૦૫/૨૦૨૫ ઉપર નોંધવામાં આવેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધારપુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી. આજરોજ તારીખ : ૨૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

આજરોજ તા. ૨૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

(પી.એ. જેઠવા)
મામલતદાર અને એક્ઝિક્યુટીવ
મેજિસ્ટ્રેટ માંડવી-કચ્છ

### એચ.બી. વાઘેલા, મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાપરની કોર્ટમાં, ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી અરજી રજિ નં.૧૩૩/૨૦૨૬

શ્રી જુલેખાબેન જાકબ ખત્રી,
રહે.રાપર, તા.રાપર-કચ્છ ........................ અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારી અને
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) રાપર નગરપાલીકા, રાપર, તારાપર-કચ્છ. ........................ સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અજદારશ્રી જુલેખાબેન જાકબ ખત્રી,રહે.રાપર, તા.રાપર વાળાએ તા.૧૨/૦૨/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમનો જન્મ મોજેઃ રાપર, તા. રાપર-કચ્છ મુકામે તા.૧૨/૦૭/૧૯૫૫ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃરાપર, તા.રાપર-કચ્છના વર્ષ-૧૯૫૫ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૧૩૩/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ- ૦૯/૦૪/૨૦૨૬

(એચ.બી. વાઘેલા)
મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, રાપર-કચ્છ

**જોઈએ છે કોમ્પ્યુટર ઓપરેટર**
DTP અને કોરલ ડ્રોના જાણકાર
મળવાનો સમય :- ૫.૦૦ થી ૭.૦૦ સુધી
Mo. 90990 79342

### એચ.બી.વાઘેલા, મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, રાપરની કોર્ટમાં

ડાભુંડા રોડ, રાપર-કચ્છ. — જન્મ નોંધણી અરજી રજિ. નં.૧૨૮/૨૦૨૬

**જાહેર નોટીસ**

શ્રી ઠક્કર મનિષભાઈ મનસુખલાલ, રહે.રાપર, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) રાપર નગરપાલિકા, તા.રાપર .... સામાવાળા

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી ઠક્કર મનિષભાઈ મનસુખલાલ, રહે.રાપર, તા.રાપર વાળાએ તા.૨૭/૦૨/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્ર ઠક્કર હર્ષ મનિષકુમારનો જન્મ મોજે-રાપર, તા.રાપર-કચ્છ મુકામે તા. ૨૩/૦૪/૨૦૦૯ના રોજ થયેલ છે, પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજે રાપર તા.રાપર-કચ્છના વર્ષ ૨૦૦૯ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૧૨૮/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તા. ૦૯/૦૪/૨૦૨૬ (કોર્ટનો સિક્કો)

(એચ.બી.વાઘેલા)
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાપર-કચ્છ

### એચ.બી.વાઘેલા, મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, રાપરની કોર્ટમાં

ડાભુંડા રોડ, રાપર-કચ્છ. — જન્મ નોંધણી અરજી રજિ. નં.૧૪૫/૨૦૨૬

**જાહેર નોટીસ**

શ્રી માલી દર્શનકુમાર પ્રેમજીભાઈ, રહે.રાપર, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) રાપર નગરપાલિકા, રાપર, તા.રાપર-કચ્છ. .... સામાવાળા

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી માલી દર્શનકુમાર પ્રેમજીભાઈ, રહે.રાપર, તા.રાપર વાળાએ તા.૨૪/૦૩/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમનો જન્મ મોજે-રાપર, તા.રાપર-કચ્છ મુકામે તા. ૧૧/૦૬/૧૯૯૨ના રોજ થયેલ છે, પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજે રાપર તા.રાપર-કચ્છના વર્ષ ૧૯૯૨ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૧૪૫/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તા. ૦૯/૦૪/૨૦૨૬ (કોર્ટનો સિક્કો)

(એચ.બી.વાઘેલા)
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાપર-કચ્છ

### જાહેર નોટીસ

આથી હું એમ.આઈ.ગઢવી (એડવોકેટ) તે અમારા અસીલશ્રી AZURE POWER SIXTY THREE PVT. LTD. ની સૂચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત ૨૯ વર્ષ અને ૧૧ માસ માટે ભાડા પટ્ટે રાખવાના છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ-૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

:: પરીશિષ્ટ ::

ગુજરાત રાજયના કચ્છ જીલ્લાના રાપર તાલુકાના મોજે- ગેડી ગામના રે.સ.નં. ૧૯૦૦/૧, ની જમીન હે. ૧-૬૧-૮૮ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ નાવીબેન વિસા દૈયા પાસેથી રજીસ્ટર્ડ લીઝ ડિડ થી જરૂરીયાત મુજબની જમીન ભાડાપટ્ટેથી રાખવાની છે.

તા.૧૫/૦૪/૨૦૨૬
ઓફિસ સરનામું : મહેતા કોમ્પલેક્ષ, દેના બેંક ચોક, રાપર, મુ.રાપર, જી.કચ્છ. મો.નં.૯૬૮૭૧ ૭૬૦૮૧
તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર

**મહેશ આઈ.ગઢવી**
(એડવોકેટ)

### જાહેર નોટીસ

આથી હું એમ.આઈ.ગઢવી (એડવોકેટ) તે અમારા અસીલશ્રી AZURE POWER SIXTY THREE PVT. LTD. ની સૂચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત ૨૯ વર્ષ અને ૧૧ માસ માટે ભાડા પટ્ટે રાખવાના છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ-૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

:: પરીશિષ્ટ ::

ગુજરાત રાજયના કચ્છ જીલ્લાના રાપર તાલુકાના મોજે- ગેડી ગામના રે.સ.નં. ૧૯૦૧, ની જમીન હે. ૦-૮૦-૯૪ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ વિસા સવા દૈયા પાસેથી રજીસ્ટર્ડ લીઝ ડિડ થી જરૂરીયાત મુજબની જમીન ભાડાપટ્ટેથી રાખવાની છે.

તા.૧૫/૦૪/૨૦૨૬
ઓફિસ સરનામું : મહેતા કોમ્પલેક્ષ, દેના બેંક ચોક, રાપર, મુ.રાપર, જી.કચ્છ. મો.નં.૯૬૮૭૧ ૭૬૦૮૧
તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર

**મહેશ આઈ.ગઢવી**
(એડવોકેટ)

## પવન ઊર્જા ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ

# મુન્દ્રામાં દેશનું સૌથી મોટું પાંચ મેગાવોટનું વિન્ડ ટર્બાઇન કાર્યરત



**અદાણી વિન્ડે આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે રિન્યુએબલ એનર્જીમાં સ્થાપ્યું નવું સીમાચિહ્ન : વિશ્વના ટોપ-૧૫ ઉત્પાદકોમાં સ્થાન મેળવનારી એકમાત્ર ભારતીય કંપની બની**

મુન્દ્રા - કચ્છઉદય : ભારતના રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં એક ક્રાંતિકારી પ્રકરણ ઉમેરતા અદાણી વિન્ડે કચ્છના મુંદ્રા ખાતે દેશના સૌથી મોટા ૫ મેગાવોટ ક્ષમતા ધરાવતા મહાકાય વિન્ડ ટર્બાઈન પ્રોટોટાઈપનું સફળતાપૂર્વક કમિશનિંગ કર્યું છે.

કચ્છના સફેદ રણની સરહદે મુન્દ્રાના દરિયાકાંઠે ઊભું થયેલું આ વિશાળ ટર્બાઈન ટેકનોલોજીની દુનિયામાં ભારતનું નવું ગૌરવ બનીને ઉભરી આવ્યું છે. આ ટર્બાઈન તેના કદ અને અદ્યતન કાર્યક્ષમતાને કારણે ભારતના પવન ઊર્જા ઉદ્યોગમાં આમૂલ પરિવર્તન લાવશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

આ પ્રોજેક્ટ માત્ર વીજ ઉત્પાદનનું માધ્યમ નથી, પરંતુ તે ગગનચૂંબી સફળતા સાથે 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાચા અર્થમાં સાર્થક કરે છે.

આ વિરાટ ટર્બાઈનની વિશિષ્ટતાઓ વિશે વાત કરીએ તો તેનો રોટર ડાયામીટર ૧૮૫ મીટર જેટલો વિશાળ છે, જે તેને ભારતની સૌથી ઊંચી સંરચનાઓમાં સ્થાન અપાવે છે.

તેની એક બ્લેડની લંબાઈ ૯૧.૨ મીટર છે, જે પવનના ઓછા વેગમાં પણ મહત્તમ ઊર્જા ઉત્પન્ન કરવાની અત્યાધુનિક ક્ષમતા ધરાવે છે. વીજ ઉત્પાદન ક્ષમતાની દ્રષ્ટિએ આ એકમાત્ર ટર્બાઈન હજારો ઘરોને રોશન કરી શકે છે, જે દેશની સતત વધતી જતી વીજ માંગને સંતોષવા માટે ગેમ ચેન્જર સાબિત થશે. જમીનની મર્યાદિત ઉપલબ્ધતા અને વધતી જતી જરૂરિયાતો વચ્ચે અદાણી વિન્ડે હાઈ-કેપેસિટી ટર્બાઈન દ્વારા એક સચોટ ઉકેલ પૂરો પાડ્યો છે.

વૈશ્વિક સ્તરે પણ પવન ઊર્જા ક્ષેત્રે ભારતનો દબદબો દિન-પ્રતિદિન વધી રહ્યો છે. બ્લૂમબર્ગ એનઈ એફના તાજેતરના અહેવાલ મુજબ, પવન ઊર્જાના સ્થાપન બાબતે ભારત હવે ચીન પછી વિશ્વનું બીજું સૌથી મોટું બજાર બની ગયું છે, જેણે અમેરિકા અને જર્મની જેવા વિકસિત દેશોને પણ પાછળ છોડી દીધા છે. આ સિદ્ધિમાં અદાણી વિન્ડનો મહત્વનો ફાળો છે, કારણ કે તે વિશ્વના ટોપ-૧૫ વિન્ડ ટર્બાઈન ઉત્પાદકોની યાદીમાં સ્થાન મેળવનારી એકમાત્ર ભારતીય કંપની બની છે. ભારતની વિન્ડ મેન્યુફેક્ચરિંગ ક્ષમતા જે વર્ષ માં ૧૨ ગીગાવોટ હતી, તે હવે વધીને ૨૦ ગીગાવોટ સુધી પહોંચી છે.

ભારત હવે માત્ર પોતાની જરૂરિયાતો પૂર્ણ કરવા પૂરતું સીમિત નથી, પરંતુ યુરોપ જેવા દેશોમાં એન્ટી-આઈસિંગ ટેકનોલોજી ધરાવતી બ્લેડ્સની નિકાસ કરીને વૈશ્વિક બજારમાં પોતાની પકડ મજબૂત કરી રહ્યું છે.

અદાણી વિન્ડે આગામી સમયમાં પોતાની વાર્ષિક ઉત્પાદન ક્ષમતાને ૨.૨૫ ગીગાવોટથી વધારીને ૧૦ ગીગાવોટ સુધી લઈ જવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. ૧૧૦૦ ગીગાવોટની સંભવિત ક્ષમતા ધરાવતું ભારત હવે પવનના જોરે વિશ્વનું 'એનર્જી કેપિટલ' બનવા તરફ મક્કમ ગતિએ આગળ વધી રહ્યું છે.

### જાહેર નોટીસ

આથી હું એમ.આઈ.ગઢવી (એડવોકેટ) તે અમારા અસીલશ્રી AZURE POWER SIXTY THREE PVT. LTD. ની સૂચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત ૨૯ વર્ષ અને ૧૧ માસ માટે ભાડા પટ્ટે રાખવાના છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ-૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

:: પરીશિષ્ટ ::

ગુજરાત રાજયના કચ્છ જીલ્લાના રાપર તાલુકાના મોજે- ગેડી ગામના રે.સ.નં. ૧૯૦૧/પૈકી ૧, ની જમીન હે. ૨-૨૫-૬૧ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ ગેલા સવા દૈયા પાસેથી રજીસ્ટર્ડ લીઝ ડિડ થી જરૂરીયાત મુજબની જમીન ભાડાપટ્ટેથી રાખવાની છે.

તા.૧૫/૦૪/૨૦૨૬
ઓફિસ સરનામું : મહેતા કોમ્પલેક્ષ, દેના બેંક ચોક, રાપર, મુ.રાપર, જી.કચ્છ. મો.નં.૯૬૮૭૧ ૭૬૦૮૧
તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર

**મહેશ આઈ.ગઢવી**
(એડવોકેટ)

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

**સંસ્થાના હિતરક્ષક કે 'ગદ્દાર'? સર્વોચ્ચ અદાલતમાં પીઆઈએલના નામે 'ઘરઆંગણે હોળી' સળગાવવાનો પેંતરો**

# નવરો નખ્ખોદ વાળે : શેર હોલ્ડર્સે જાકારો આપી હાંસીયામાં ધકેલાતા ગદ્દાર રઘવાયો બન્યો : રહી-રહીને ફુટયું અખાજ્ઞાન.?

**અંદાજીત ૩૦ વર્ષ સુધી સત્તા ભોગવનારા ફુટી ગયેલા 'લવાંગીયા' ને હવે અધૂરાશો દેખાઈ? જૂના પાપ ઢાંકવા બદનામીનું નવું નાટક ! : ગદ્દાર જે મહાનસંસ્થાને માતૃસંસ્થા કહેતો ફરતો રહ્યો, તેમાં ખુદના જ સમયકાળમાં આચરાયેલી ગેરરીતીઓ કે ગેરવહીવટને લઈને મગરના આંસુઓ સારવા ત્રણ ત્રણ પીઆઈએલ કરવા તો ગયો પરંતુ ખુદના જ ચક્રવ્યુહમાં ઘેરાઈ ગયો હોય તેમ શેરહાલ્ડર્સ-જાગૃત નાગરીકો કરી રહ્યા છે આ ગદ્દારને ફરી ફરીને સવાલો..!: ૩૫ વર્ષથી તો તું આ મહાન સંસ્થામાં સભ્ય અને દોઢેક વર્ષ તો એકટીંગ ચેરમેન પણ બનીને બેઠો રહ્યો, તો તે વખતે આ બધી અધુરાશે, ગેરવહીવટ તને કેમ ન દેખાયો?**

**`જે પાર્ટીઓએ નાણા ભર્યા છે તે આ ગદ્દારની સહી વાળી નોટીસથી રકમ જણાવવામ આવેલ છે તો પછી પોતાની નિયત ખુલ્લી પડે છે ને પોલ પણ ખુલી રહી છે, એટલે ચેન કેન પ્રમાણે પોતાના ગળામાં આવેલ ફાંસોથી નીકળવા માટે તાયફા કરે છે પરંતુ શેર હોલ્ડર્સ હવે જાણે છે કે ભ્રષ્ટાચારી ખરેખર કોણ છે?**

**ગદ્દાર પોતાના પાપો ઢાંકવા માટે હવે વર્તમાન બોર્ડને ચેન કેન પ્રકારેણ બદનામીનો બટ્ટો લગાડી, ગેરરીતીઓને દેખાડી અને સરકારને આવીને આ સંસ્થાનો કબ્જો લઈ લેવાના આદરી રહ્યો છે ગતકડાં, પરંતુ હવે આ ફુટી ગયેલા લંવીગીયા જેવા ગદ્દાર સાંઠે બુદ્ધી નાઠેનો તાલ કરી રહ્યો હોવાનો દેખાય છે વર્તારો**

**હકીકતમાં તો ગદ્દારને પોતે આચરેલા કૌભાંડોના તપાસનો રેલો વર્ષ ૨૦૧૮થી ૨૦૨૪ સુધીમાં થયેલા ઓડીટ મારફતે ગમે ત્યારે પગ નીતે આવે જાણી ગયો છે, ઓડીટમાં ગેરરીતીઓ ખુલે, જેલમાં રીંગણાનું શાક અને રોટલો ખાવાનો વારો આવે એટલે ગદ્દાર પુર પહેલા પાળ બાંધવાની વેતરણો કરતો હોવાનો દેખાય છે વર્તાર**

## પીઆઈએલ દાખલ કરી છે, ગદ્દાર પહેલા અરીસામાં તારૂ મો જો મો..!

### વસૂલાત કરવી હોય તો 'તત્કાલીન કમિટી' પાસેથી કરો!

ગાંધીધામ : આજથી વીસ વર્ષ પહેલા અપાયેલા પ્લોટમાં ભાડુ વસુલાતના બદલે સળંગ રકમ જમા કરાવી લેવામાં ૨૦ ટકાનો વધારો નથી ઉમેરાયો, તેવો દાવો ગદ્દાર કરી રહ્યો છે, પરંતુ તે વખતે કઈ કમીટીએ આ વધારો નજરઅંદાજ કયો છે? તે કમિટીના સભ્યો કોણ હતા? કેમ તેમને તે વખતે જ ૨૦ ટકા વધારો ઉમેરો ન કર્યો?ખરેખર જો ગદ્દાર આ સંદર્ભે ગેરરીતીની વાત કરતો હોય તો ભુલવુ ન જોઈએ કે ચાર સભ્યોની કમીટીમાં ગદ્દાર એક હતો, ખરેખર જો આ રકમોની રીકવરી કરવાની થાય તો સબંધિત પાર્ટી પાસેથી નહી પણ તે વખતની કમીટી અને તેના સભ્યો પાસેથી કરવી જોઈએ રીકવર? જો ખરેખર સંસ્થાના નાણાંની ચિંતા હોય, તો રિકવરી સંબંધિત પાર્ટીઓ પાસેથી કરવાના બદલે, એ વખતે નિર્ણય લેનારી ચાર સભ્યોની કમિટી પાસેથી કરવી જોઈએ. આ કમિટીમાં મુખ્ય ભૂમિકા ભજવનાર આજે સુધારાવાદી હોવાનો ઢોંગ આ ગદ્દાર કરી રહ્યા છે. ખરેખર તો આ ગદ્દાર અને તેના આળતીયા મળતીયાઓ પાસેથી તે રકમની રીકવરી જ કરવી જોઈએ.

## ડીપીએ-કંડલાના બની બેઠલ પીઆરઓ ગદ્દાર ભેગા ૧ થાળીમાં જ ખાતા થયા કે શું?

### લીઝ ડીડ કેન્સલ સંદર્ભે માત્ર ચોકકસ ચાર-પાંચ પ્લોટધારકોને જ કબ્જો સોપવા, દસ્તાવેજો જમા કરાવાવના આદેશથી વહેતી થઈ વાતો? જો આ કાર્યવાહી કરવી હોય તો ૬૦થી વધુ લીઝ ધારકોને આદેશ આપવો જોઈતો હતો, આવુ ન થવાથી ઉઠી રહયા છે તરેહ તરેહના સવાલો

ગાંધીધામ : ગદ્દારના કરતુતોનો વ્યાપ મોટો છે. આમ તો જાતી જીંદગી છે, એક પગ નર્કમાં છે તો બીજો સ્મશાનના ઉંબરે પડયો છે છતા પણ આ ગદ્દાર લોકોના અને શહેરના લોહીચુસણા કરવાની એક તક જતી કરતો નથી. હાલમાં પણ સંકુલમાં ચર્ચા છે કે, એકાદ-દોઢવર્ષ પહેલા લીઝ ડીડી કેન્સલ કરાઈ હતી તેમાથી ગણ્યાગાણ્યા બે-ચાર પ્લોટધારકોને જ કબ્જો સોપવા તથા દસ્તાવો જમા કરાવી દેવાની તાકીદ કરાઈ છે ત્યારે સવાલ થાય છે કે આવુ કેમ? જો આ આદેશ વછુટવો જોઈએ તો ૬૦થી વધુ કેન્સલ લીઝ ડીડી ધારેકોને માટે વછુટવો જોઈએ પરંતુ વ્હલાઓને બાકાત રાખવા અને દવલોઅને નિશાન બનાવવાની આ કાર્યવાહી થતી હાવોનુ દેખાતા લોકો સવાલ કરી રહ્યા છે કે, ડીપીએ-કંડલાના બની બેઠલા પીઆરો અને ગદ્દાર શખ્સ શું એક જ થાળીમાં ખાતા થઈ ગયા છે કે કેમ? નહી તો આવી વ્હલાદવલાની રીતી નીતી થાય નહી. ગદ્દાર જે માનસીકતાનો છે તે અનુસાર તો બની બેઠેલ પીઆરઓ જ તેને મદદગારીમાં હોઈ શકે તેમ જાણકારો કહી રહ્યા છે.

ગાંધીધામ : પૂર્વ કચ્છના ઔદ્યોગીક પાટનગર ગાંધીધામ સંકુલની જાગૃત પ્રજા અને પ્રબુદ્ધ શેરહોલ્ડર્સ દ્વારા મહાનસંસ્થા અને સંકુલના વીકાસ કામો માટે ગ્રહણરૂપ અને દુશ્મન સમાન ગદ્દાર શખ્સને તેનું સ્થાન દેખાડી દીધુ, ખુબજ અપમાનિતઅવસ્થામાં આ ગદ્દારને સંસ્થા બહારનો રસ્તો શેરહોલ્ડર્સ દ્વાર દેખાડી જ દીધો છે. જે રીતે આ ગદ્દાર અને તેના આળતીયા મળતીયાની ટોળકી મનસ્વી અને ઈજારાશાહી પૂર્વક જ વહીવટ ચલાવતા હતા તે જોતા અંતે જાગૃત શેરહોલ્ડર્સ દ્વારા ગદ્દારને ઘરે જ બેસાડી દીધો છે. પરંતુ કહેવાય છે ને કે વાંદરો બધુ જ ભુલે પણ ગુલાંટ મારવાની આદત પોતાની ભુલતો નથી, ત્રણ દાયકા જેટલા સમય સુધી આડેધડ સત્તાઓ ભોગવી, મન ફાવે તેવા નિર્ણયો લીધો, ભ્રષ્ટાચારો આચર્યા, હવે પ્રજાએ ઘરે બેસાડી દીધા એટલે આ ગદ્દારને જુના કારનામાઓ-ગેરવહીવટ થયા હોવાનુ યાદ આવી રહ્યુ છે અને વર્તમાન બોર્ડને સાણસામા લેવા માટે નામદાર અદાલતોમાં જાહેર હીતની અરજીઓ કરતો ફરી રહ્યો છે.

હકીકતમાં તો વધુ એક વખત આ ગદ્દારનો જ ચહેરો અહી બેનકાબ થવા પામી ગયો છે. કારણ કે જયારે તેના કરતુતોને લઈને તેની સામે થું. થુ..થતુ હતુ અને મહાનસંસ્થાના વહીવટને લઈને ચર્ચઆઓ થતી હતી ત્યારે આ ગદ્દાર કહેતો ફરતો હતો કે, વ્યકિત ગત જે કાદવ ઉછાળ કરવા હોય તે કરો, સંસ્થા મહાન છે તેને કંઈ જ ન કહો, આ અમારી માતૃસંસ્થા છે? ગદ્દાર તે વખતે આવી વાતો કરતો હતો તો હવે માતૃસંસ્થા-મહાનસંસ્થાને મુદ્દે જ કેમ ખુદ નામદાર અદાલતના દ્વાર સુધી પહોચી ગયો છે? કાંચીડાની જેમ રંગ બદલતા આ ગદ્દારની આવી નવી હરકતને લઈને પણ લોકો કહી રહ્યા છે કે, આ સંસ્થાનો હિતરક્ષક કયારે હતો નહી, અને રહેશે નહી? તેને મહાનસંસ્થાથી કદાપી કહી લેવા દેવા ન હોતા માત્ર અને માત્ર પોતાના જ ઉલ્લુ તે સીધા કરતો રહ્યો છે. હાલમાં પણ આ ગદ્દાર રાજયની વડી અદાલતમાં જઈ અને જે પીઆઈઅલ કરી છે તેના મુદા જોતા તો લોકો કહે છે કે પીઆઈએલના નામે ઘર આંગણે જ હોળી સળગાવવાનો આ ગદ્દારનો નવો પેંતરો છે. તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતમાં જાહેરહિતની અરજીના નામે જે ખેલ ખેલાયો છે, તેનાથી સંસ્થાના વર્તુળોમાં ભારે ચર્ચાઓ જાગી છે. વર્ષો સુધી જે સંસ્થાના શિખર પર બેસીને સત્તાના સુખ માણ્યા, આજે એ જ સંસ્થાને બદનામ કરવા નીકળેલા આ ગદ્દાર 'મગરના આંસુ' જ સારી રહ્યો હોય તેવી સ્થિતી સાબિત થઈ રહી છે. જાગૃત નાગરિકો હવે સવાલ કરી રહ્યા છે કે, ૩૫ વર્ષ સુધી સભ્ય અને દોઢ વર્ષ સુધી ચેરમેન પદે બિરાજમાન હતા, ત્યારે આ 'બુદ્ધિશાળી' નેતાને સંસ્થાની અધૂરાશો કેમ ન દેખાઈ? શુ માત્ર અને માત્ર પોતાના પાપ ઢાંકવા 'કેસરી' વાઘા ઓઢી સરકારને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યો છે. વર્તમાન બોર્ડને કોઈપણ પ્રકારે બદનામ કરી, સરકાર પાસે સંસ્થાનો કબજો અપાવવાના બદઈરાદા સાથે આ આખું ગતકડું ઊભું કરવામાં આવ્યું હોય તેમ જણાય છે. જે રીતે પ્લોટના ભાડા વસૂલાત અને ૨૦% વધારાની બાબતમાં આ 'ગદ્દારો' એ મૌન સેવ્યું હતું, તે હવે ઉઘાડું પડી રહ્યું છે. હકીકત એ છે કે ૨૦ વર્ષ પહેલા જ્યારે પ્લોટના ભાડા પેટે સળંગ રકમ જમા કરાવવામાં આવી, ત્યારે ૨૦% નો વધારો કેમ ન ઉમેરાયો? તે સમયે કમિટીના સભ્યો કોણ હતા અને કોના ઈશારે આ આર્થિક નુકસાન થવા દેવાયું? તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતમાં જાહેરહિતની અરજી (PIL)ના નામે જે ખેલ ખેલાયો છે, તેનાથી સંસ્થાના વર્તુળોમાં ભારે ચર્ચાઓ જાગી છે. જેણે વર્ષો સુધી સંસ્થાના શિખર પર બેસીને સત્તાના સુખ માણ્યા, આજે એ જ વ્યક્તિ સંસ્થાને હાસ્યસ્પદ સ્થિતિમાં ધકેલી રહ્યો છે. આ રઘવાટ જોઈને જાગૃત નાગરિકો સવાલ કરી રહ્યા છે કે, ૩૦-૩૦ વર્ષ સુધી આ સંસ્થામાં સભ્ય અને દોઢ વર્ષ સુધી ચેરમેન પદે બિરાજમાન હતા, ત્યારે આ 'જાગૃત' નેતાને સંસ્થાની અધૂરાશો કેમ ન દેખાઈ?સત્તા ગઈ એટલે રઘવાયા બનીને સંસ્થાની ગરિમાને ઠેસ પહોંચાડનારા આ તત્વોને જનતા ઓળખી ગઈ છે. PIL એ જાહેરહિત માટે હોય છે, વ્યક્તિગત વેર વાળવા કે જૂના ભ્રષ્ટાચાર છુપાવવા માટે નહીં.

## ગદ્દારના મળતીયા બની બેઠેલા એસ્ટેટ મેનેજર જેવા સડ્ડાને દુર નહી કરાય, ત્યાં સુધી ભ્રષ્ટાચાર નહી અટકે

ગાંધીધામ : ગદ્દારને માટે લોકો કહી રહ્યા છે કે, સાપ તો જાય પણ લીસોટા છોડતો જાય તેવી જ રીતે આ ગદ્દારને તો મહાનસંસ્થામાંથી હાંકી કઢાયો છે પરંતુ વરસોથી ગદ્દારના એઠા પાણી પીનારા બની બેઠલ એસ્ટેટ મેનેજર સહિતના તેના સાગરીતો હજુય અહી ચીટકીને બેઠા છે અને જયા સુધી આવા બની બેઠલ સ્ટેટ મેનેજર જેવા તત્વો અને સંસ્થાના મૂળિયાં કોતરી ખાનારા 'ગદ્દારો' અરીસામાં પોતાનું મોં જોઈને આત્મચિંતન નહીં કરે, ત્યાં સુધી ભ્રષ્ટાચારનો સડો દૂર થવાનો નથી.કહેવાય છે કે વિનાશકાળે વિપરીત બુદ્ધિ. સત્તા છીનવાઈ ગયા પછી રઘવાયા બનેલા આ નેતા હવે સંસ્થાને નુકસાન પહોંચાડવાના ખતરનાક તાલ કરી રહ્યા છે.

# ડો.બાબાસાહેબે કરોડો વંચિતો અને શોષિતોનો ઉદ્ધાર કર્યો : વિનોદભાઈ ચાવડા









**ભુજના મીરઝાપર ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી : પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ અને શોભાયાત્રા યોજાઈ : કચ્છના સાંસદ સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં મહામાનવના વિચારોને જીવનમાં ઉતારવા આહવાન કરાયું**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ નજીક આવેલા મીરઝાપર ખાતે અનુસૂચિત જાતિ સમાજ દ્વારા ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મીરઝાપરના ડો. બાબાસાહેબ આંબેડકર નગર ખાતે મહામાનવની પૂર્ણ કદની નવી પ્રતિમાનું શાસ્ત્રોક્ત વિધિ અને જય ભીમના નાદ સાથે અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રતિમાના દાતા તરીકે ગુજરાત પ્રદેશ મહેશ્વરી સમાજના પ્રમુખ નરેશભાઈ મહેશ્વરીએ પવિત્ર યોગદાન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ભીમરતન હોસ્ટેલથી આંબેડકર ચોક સુધી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં અબાલ-વૃદ્ધ અને યુવાનો જોડાયા હતા. સાંજે પ્રતિમા અનાવરણ બાદ સન્માન સમારોહ અને રાત્રિના સમયે દાંડિયા રાસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેનો સમાજની જનમેદનીએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.આ અવસરે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, બાબાસાહેબ આંબેડકર એક અદભૂત વ્યક્તિત્વ અને વિશ્વવિભૂતિ હતા. જો બાબાસાહેબનો જન્મ ન થયો હોત તો કરોડો વંચિતો અને શોષિતોનો ઉદ્ધાર કોણે કર્યો હોત તે કલ્પના કરવી પણ મુશ્કેલ છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, બાબાસાહેબે સંવિધાનના માધ્યમથી સમાજના દરેક વર્ગને સ્વતંત્રતા અને ન્યાય અપાવવાનું ઐતિહાસિક કાર્ય કર્યું છે. સાંસદશ્રીએ ઉપસ્થિત સમાજજનોને અનુરોધ કર્યો હતો કે માત્ર કાર્યક્રમો યોજીને કે ભોજન લઈને છૂટા પડવાને બદલે બાબાસાહેબના વિચારો અને તેમના દ્વારા અપાયેલા શિક્ષણના મંત્રને જીવનમાં ઉતારવો જોઈએ. તેમણે સરકાર દ્વારા ચલાવવામાં આવતી શિક્ષણલક્ષી યોજનાઓનો લાભ લેવા અને આવનારી પેઢીને સુશિક્ષિત બનાવવા પર ભાર મૂક્યો હતો.આ પ્રસંગે જિલ્લા પ્રભારી ફલજીભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, મીરજાપરના સરપંચ શ્રી ચાવડા, નરેશભાઈ મહેશ્વરી વગેરે હાજર રહ્યા હતા.કાર્યક્રમના આયોજન માટે ડો. બાબાસાહેબ આંબેડકર પ્રતિમા અનાવરણ સમિતિ-કચ્છના હોદ્દેદારો અને સ્થાનિક આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

# ભાજપની સર્વાંગી વિકાસલક્ષી નીતિ પર મતદારોને પૂર્ણ વિશ્વાસ : ધનશ્યામસિંહ જાડેજા



**નખત્રાણા પંથકમાં ભાજપના ઉમેદવારોના લોકસંપર્ક અભિયાનને પ્રચંડ જનસમર્થન સાંપડ્યું: નિરોણા જિલ્લા પંચાયત અને દેશલપર તાલુકા પંચાયત બેઠક માટે ઉમેદવારોએ ગજવ્યું મેદાન : ભાજપના ઉમેદવારો ધનશ્યામસિંહ જાડેજા અને ઉત્પલસિંહ જાડેજાએ વિવિધ ગામોમાં લોકસંપર્ક કરી મતદારોના આશીર્વાદ મેળવ્યા**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રચાર પ્રસાર તેજ કરવામાં આવ્યો છે. બુધવારના નિરોણા જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર ધનશ્યામસિંહ પ્રવિણસિંહ જાડેજા અને દેશલપર તાલુકા પંચાયત બેઠકના ઉમેદવાર ઉત્પલસિંહ ફતેસિંહ જાડેજા દ્વારા નિર્ધારિત કાર્યક્રમ મુજબ લોકસંપર્ક અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

વહેલી સવારથી જ કાર્યકરોના ઉત્સાહ વચ્ચે બંને ઉમેદવારોએ પ્રચારની ધૂરા સંભાળી હતી અને ગ્રામીણ વિસ્તારોમાં જઈ ભાજપની વિકાસગાથા રજૂ કરી હતી. નિરોણા જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર ઘનશ્યામસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની વિકાસલક્ષી નીતિ પર મતદારોને પૂર્ણ વિશ્વાસ છે ત્યારે દરેક વિસ્તારમાં મતદારો દ્વારા અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે. સવારે મોરાય ગામેથી જનસંપર્કની શરૂઆત કરવામાં આવી હતી જેમાં ગ્રામજનોએ ભવ્ય સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ ઉગેડી ગામે ઉમેદવારોએ બેઠકો યોજી હતી. દેશલપર અને ઐયર ગામે લોકસંપર્ક યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. બપોરે મુરુ ગામે કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ તમામ ગામોમાં લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને ભાજપના શાસન પર ફરી એકવાર વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ વજીર વાંઢ, ઢોરો, લુડબાય ગામે જનસંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સાંજે ઉઠગડી અને ભંભરા વાંઢ ગામે જંગી જનસભા અને ડોર ટુ ડોર પ્રચારના કાર્યક્રમો યોજાશે. પ્રચાર દરમિયાન ઉમેદવારોએ ડબલ એન્જિન સરકારના વિકાસના કામોને લોકો સુધી પહોંચાડ્યા હતા અને જંગી બહુમતીથી જીતવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આ પ્રવાસ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના તાલુકા સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સાથે જોડાયા હતા.

# ભુજ નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ ૬માં ભાજપના ઉમેદવારોનો ઝંઝાવતી પ્રચાર







### લોકસંપર્ક કાર્યક્રમમાં મળી રહ્યો છે ભારે જનપ્રતિસાદ

ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે ત્યારે વોર્ડ નંબર ૬ના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો દ્વારા જોરશોરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ગત રવિવાર તારીખ ૧૨ એપ્રિલના રોજ ભાજપના ચારેય ઉમેદવારો જલધિ (જગત) ચંદ્રભાઈ વ્યાસ, હિનાબા જીતેન્દ્રસિંહ ઝાલા, ધ્વનિ હિતેશભાઈ ગણાત્રા અને પ્રશાંતગીરી લહેરીગીરી ગોસ્વામી દ્વારા ભવ્ય લોકસંપર્ક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆત રવિવારે સવારે આશાપુરા મંદિરે દર્શન કરીને કરવામાં આવી હતી ત્યારબાદ આસપાસના વિસ્તારોમાં ઉમેદવારોએ મતદારોની રૂબરૂ મુલાકાત લીધી હતી. રવિવારે સાંજ સત્રમાં જૂની ઉમેદ નગર કોલોની, નર નારાયણ નગર અને ઝુલેલાલ સોસાયટી જેવા વિસ્તારોમાં જનસંપર્ક કરવામાં આવ્યો હતો જેને પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો. આ પ્રચાર કાર્યમાં જયંત ઠક્કર, કિરીટભાઈ સોમપુરા, વિનોદભાઈ મોંઢ, કોકિલાબેન દરજી, લવ ઠક્કર, પ્રકાશભાઈ શાહ, ભાવેશ મહેતા સહિત કાર્યકર્તાઓ સાથે રહ્યા હતા. હવે ભાજપના આ ઉમેદવારોનો પ્રચાર અભિયાન વધુ તેજ બન્યું છે. બે દિવસથી શહેરના વિવિધ વિસ્તારોમાં ભાજપના ઉમેદવારો લોક સંપર્ક કરી રહ્યા છે જ્યાં દરેક સોસાયટી અને મહોલ્લામાં જનતા દ્વારા તેમનું ઉમરકાભેર સ્વાગત કરવામાં આવી રહ્યું છે. વડીલોના આશીર્વાદ અને યુવાનોના સમર્થન સાથે ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મતદારો વચ્ચે જઈને ઉમેદવારો નગરપાલિકાના વિકાસ કામો અને આગામી આયોજનો અંગે ચર્ચા કરી રહ્યા છે અને ભાજપની પેનલને વિજયી બનાવવા અપીલ કરી રહ્યા છે. જે રીતે લોકસંપર્ક દરમિયાન જનમેદની ઉમટી રહી છે તે જોતા વોર્ડ નંબર ૬માં ભાજપનું પલડું ભારે જણાતું હોય તેવો માહોલ સર્જાયો છે.

## રાજ્યમંત્રીએ બંધારણના ઘડવૈયાને આપી અંજલિ




અંજાર શહેરમાં ભારત રત્ન અને ભારતીય બંધારણના પ્રણેતા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ગૌરવશાળી અવસરે ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ત્રીકમભાઈ છાંગાએ ખાસ ઉપસ્થિત રહીને બાબાસાહેબની પ્રતિમાને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મંત્રીશ્રીએ આ તકે ડૉ. આંબેડકરના રાષ્ટ્ર નિર્માણના યોગદાન અને તેમના આદર્શોને યાદ કરી સૌને શુભેચ્છા પાઠવી હતી.

# ગાંધીનગરમાં GCCI આયોજીત ત્રિદિવસીય એન્યુઅલ ટ્રેડ એક્સપોનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ







ગાંધીનગર : ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના બીજા એન્યુઅલ ટ્રેડ એક્સપોનું ગાંધીનગરમાં ઉદઘાટન કરતા સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનથી ગુજરાત ટ્રેડ એન્ડ ટ્રેડિશન, કોમર્સ એન્ડ કલ્ચર તથા ઈન્ડસ્ટ્રી એન્ડ એન્ટરપ્રેન્યોરશીપના સમન્વયથી ડેવલપમેન્ટનું રોલ મોડલ બન્યુ છે.

ગુજરાત વિઝન - ગ્લોબલ એમ્બિશનની થીમ સાથે યોજાઈ રહેલો જ્છ્ઈ-૨૦૨૬ ઈર્ટે એમ.એસ.એમ.ઈ. અને યુવા સાહસિકો માટે લોકલથી ગ્લોબલનું પ્લેટફોર્મ પુરુ પાડશે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગાંધીનગરના એક્ઝીબિશન સેન્ટર ખાતે ૧૮૦૦૦ ચોરસ મિટરની વિશાળ જગ્યામાં ૧૬થી વધુ વિવિધ સેક્ટર્સના સ્ટોલ્સ સાથેના એન્યુઅલ ટ્રેડ એક્સપોમાં ઓટોમોબાઈલ, રિન્યુએબલ એનર્જી, આઈ.ટી., ફાર્માસ્યુટીકલ્સ અને ટેક્સટાઈલ્સ તથા એ.આઈ. અને સાઈબર સિક્યુરીટી પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ ગુજરાત એડવાન્સ્ડ ટેક્નોલોજી એન્ડ ઈકોનોમી એક્સપો-૨૦૨૬ તા.૧૬ થી ૧૮ એપ્રિલ દરમિયાન યોજાઈ રહ્યો છે.

મુખ્યમંત્રીએ ગુજરાત વિઝન - ગ્લોબલ એમ્બિશનની થીમ સાથે યોજાઈ રહેલો આ એક્સપો એમ.એસ.એમ.ઈ. અને યુવા સાહસિકો માટે લોકલથી ગ્લોબલનું પ્લેટફોર્મ પુરુ પાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનથી ગુજરાત ટ્રેડ એન્ડ ટ્રેડિશન, કોમર્સ એન્ડ કલ્ચર તથા ઈન્ડસ્ટ્રી એન્ડ એન્ટરપ્રેન્યોરશીપના સમન્વયથી ડેવલપમેન્ટનું રોલ મોડલ બન્યું છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના નેતૃત્વમાં શરૂ થયેલી વાઈબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાથી ગુજરાત ગ્લોબલ ગેટવે ટુ ધી ફ્યુચર બન્યું છે.

પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની ગુજરાત (Gujarat)ની જે ખ્યાતિ છે તેમાં પોલિસી મેકિંગ માટે ગ્રાઉન્ડ રીપોર્ટ અને ફિડબેક આપવાનું મહત્વનું કામ ચેમ્બર ઓફ કોમર્સ કરે છે આ ઉપરાંત વાયબ્રન્ટ સમિટના આયોજનથી લઈને એક્ઝીક્યુશનમાં પણ રાજ્ય સરકારની સાથે રહી છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, ઉદ્યોગોને આત્મનિર્ભર બનાવીને 'મેઈક ઈન ઈન્ડિયા મેઈડ ફોર ધ વર્લ્ડ'નો વડાપ્રધાને જે ધ્યેય રાખ્યો છે તે ગુજરાત ગ્રીન ગ્રોથ, રિન્યુએબલ એનર્જી, ઈ.વી. મેન્યુફેક્ચરીંગ, સેમિકન્ડક્ટર જેવા ઈમર્જીંગ સેક્ટર્સમાં લિડ લઈને સાકાર કરવા આગળ વધી રહ્યુ છે.

દેશના જી.ડી.પી.માં ગુજરાત ૮.૩ ટકા, ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં ૧૮ ટકા અને એક્સપોર્ટમાં ૩૧ ટકાનો ફાળો આપે છે

દેશના જી.ડી.પી.માં ગુજરાત ૮.૩ ટકા, ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં ૧૮ ટકા અને એક્સપોર્ટમાં ૩૧ ટકાનો ફાળો આપે છે. વિકસિત ભારતના નિર્માણની સંકલ્પ સિદ્ધિ માટે અર્નિંગ વેલ-લિવિંગ વેલના મંત્ર સાથે વિકસિત ગુજરાત જ ૨૦૪૭ રોડમેપ તૈયાર કરનારું ગુજરાત દેશનું પહેલું રાજ્ય છે તેમ મુખ્યમંત્રીએ ગુજરાતની વિવિધ ક્ષેત્રોની સિદ્ધિઓની ભૂમિકા આપતા જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસિત 'ભારત ૨૦૪૭'નું જે આહવાન કર્યુ છે તેને ગુજરાતની ક્ષમતાઓ રાજ્ય સરકાર સાથે સહયોગ કરીને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ વિશ્વ સ્તરે વિકસાવીને પાર પાડશે તેવો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને ટ્રેડ એક્સપોની આ બીજી કડીની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ટોરેન્ટ પાવર લિમિટેડના વાઈસ ચેરમેન અને એમડી જીનલ મહેતાએ કહ્યું હતું કે, હાલમાં વૈશ્વિક જીઓપોલિટિકલ અનિશ્ચિતતા ચાલી રહી છે, ત્યારે વડાપ્રધાનના નેતૃત્વમાં ભારતમાં ઈન્ડસ્ટ્રીઝના વિકાસ માટે મહત્વની નીતિઓ ઘડીને એક નવી દિશા આપવામાં આવી રહી છે. ગુજરાત સરકાર પણ મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં સહભાગી બનીને ઉદ્યોગોના વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવી રહી છે.

રાજ્યમાં ΓXXI દ્વારા ઈન્ડસ્ટ્રીઝને નોંધપાત્ર સહયોગ આપવામાં આવી રહ્યો છે. વધુમાં, તેમણે વોઈસ ઓફ ગ્લોબલ ડોમિનન્સ, ક્વોલિટી, ઓપરેશન, બેન્ચમાર્ક, સપ્લાય ચેન અને સ્ટ્રેટેજિક એલાયન્સ વિશે માહિતી આપી હતી.

આ પ્રસંગે જ્ઞ્ઞૈં ના પ્રમુખ સંદીપ એન્જિનિયરે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમ ગુજરાતના ઔદ્યોગિક વિકાસ અને 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ પ્રદર્શનમાં ૬૧૦ જેટલા એક્ઝિબિટરનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે, આ ઉપરાંત અંદાજે ૩૦ હજાર કરતાં વધુ મુલાકાતીઓએ નોંધણી કરાવી છે અને તે ૫૦ હજાર સુધી પહોંચવાની શક્યતા છે.

# 'અમે ભારતને અનલિમિટેડ તેલ આપવા તૈયાર છીએ', અમેરિકાના પ્રતિબંધો વચ્ચે રશિયાની મોટી જાહેરાત

નવીદિલ્હી :: વૈશ્વિક સ્તરે વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને અમેરિકાની પ્રતિબંધોની ધમકીઓ વચ્ચે ભારત અને રશિયાની વ્યૂહાત્મક ભાગીદારી વધુ ગાઢ બની રહી છે. ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ અલિપોવે સ્પષ્ટ કર્યું છે કે રશિયા ભારતની વધતી જતી વૈશ્વિક ભૂમિકાનું સંપૂર્ણ સમર્થન કરે છે અને કોઈપણ અવરોધ વિના ભારતની ઉર્જા તેમજ સંરક્ષણ જરૂરિયાતો પૂરી કરવા કટિબદ્ધ છે.પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ છતાં રશિયાએ ભારતને ઉર્જા ક્ષેત્રે મોટી ખાતરી આપી છે. રાજદૂત અલિપોવે જણાવ્યું કે રશિયા ભારતની જરૂરિયાત મુજબ કાચું તેલ અને ન્યસપ્લાય કરવા તૈયાર છે. તેમણે અમેરિકા અને યુરોપને 'અવિશ્વસનીય ભાગીદાર' ગણાવ્યા અને આક્ષેપ કર્યો કે પ્રતિબંધોની ધમકીઓ આપીને અમેરિકા ભારત-રશિયાના સંબંધોમાં નુકસાનકારક ભૂમિકા ભજવી રહ્યું છે. છેલ્લા એક મહિનામાં રશિયાથી ભારતની તેલ આયાતમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

ભારત અને રશિયા વચ્ચેના ઐતિહાસિક સંરક્ષણ સંબંધોમાં નવા આયામો ઉમેરાઈ રહ્યા છે. જી-૪૦૦ વાયુ રક્ષા પ્રણાલીના બાકી રહેલા જથ્થા ટૂંક સમયમાં ભારતને સોંપવામાં આવશે. રશિયાએ પુષ્ટિ કરી છે કે ભારત તેના પાંચમી પેઢીના અત્યાધુનિક લડાયક વિમાન જીં-૫૭ માં રસ દાખવી રહ્યું છે. બ્રહ્મોસ મિસાઈલ અને છદ્મ-૨૦૩ રાઈફલ્સનું સંયુક્ત ઉત્પાદન બંને દેશોના સફળ સહયોગનું ઉદાહરણ છે.

બંને દેશો આર્થિક મોરચે પણ ઝડપથી આગળ વધી રહ્યા છે. ભારત અને રશિયા વચ્ચે દ્વિપક્ષીય વેપારને ૧૦૦ અબજ ડોલર સુધી લઈ જવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. અમેરિકન ડોલર પરની નિર્ભરતા ઘટાડતા હવે ૯૫% વેપાર બંને દેશોની રાષ્ટ્રીય મુદ્રામાં (રૂપિયા-રૂબલ) થઈ રહ્યો છે. રશિયા ઈચ્છે છે કે ભારત તરફથી કૃષિ ઉત્પ ાદનો, મશીનરી અને હાઈ-ટેક ચીજોની નિકાસ વધે જેથી વેપ ાર ખાધ સંતુલિત કરી શકાય.

સપ્ટેમ્બર ૨૦૨૬માં ભારતની અધ્યક્ષતામાં યોજાનાર બ્રિક્સ (મ્ઇૈંઝ્રજી) શિખર સંમેલનમાં ભાગ લેવા રાષ્ટ્રપતિ પુતિન ભારત આવે તેવી શક્યતા છે. આ વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયાની મુલાકાત લે તેવી પણ તૈયારીઓ ચાલી રહી છે.

# ટ્રમ્પ-જિનપિંગ ભાઈભાઈ: યુદ્ધમાં બદલાતા સમીકરણો

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ટ્રમ્પે હોર્મુઝને હું ચીન માટે પણ ખોલાવીશ, આખા વિશ્વ માટે ખોલાવીશ. ચીન એ વાતથી ખુશ છે કે હોર્મુઝને હું હમેશા માટે ખોલી રહ્યો છું. ટ્રમ્પે એમ પણ જણાવ્યું હતું કે તેઓ ચીનના પ્રીમિયર જિનપિંગને મળશે તો જિનપિંગ આનંદ અને ઉત્સાહમાં તેમને ગળે લગાવી દેશે. હવે દુશ્મની નહીં થાય. દોસ્તી થશે. આમ ખાડીયુદ્ધના સમીકરણો બદલાઈ રહ્યા છે. ટ્રમ્પ-જિનપિંગ ભાઈભાઈનો નારો વેગ પકડી રહ્યો છે. આ સંજોગોમાં ટ્રમ્પના બદલાયેલા સુર યુદ્ધ પર કેવી અસર પાડી શકે છે તે જોવાનું રહ્યુ.

તેમણે જણાવ્યું હતું કે મિત્રતાનું કામ લડાઈ-ઝઘડા કરતાં વધારે સારું છે. આશ્ચર્યની વાત એ છે કે આ સાથે તેમણે ચીનને ચેતવણી પણ આપી હતી કે અમેરિકા લડવામાં પણ ઘણુ કાબેલ છે. તે ક્યાંય પણ અને ગમે ત્યાં લડી શકે છે. ટ્રમ્પનું આ નિવેદન ઠીક ચીનના પ્રવાસ પહેલાં આવ્યું છે. ટ્રમ્પ આગામી મહિને ચીનનો પ્રવાસ ખેડવાના છે.ટ્રમ્પે ફરીથી શરૂ થનારી મંત્રણા પૂર્વે ઈરાન પર દબાણ વધારતા જણાવ્યું હતું કે જો ઈરાન પરમાણુ શસ્ત્ર બનાવવાની દિશામાં આગળ વધે છે તો તેની સાથે કોઈપણ ડીલ શક્ય નહીં બને. તેમણે દાવો કર્યો કે વર્તમાન સંઘર્ષ ઝડપથી ખતમ થશે અને તેલના અને તથા ગેસના ભાવમાં પણ કડાકો બોલી જશે.

અમેરિકાએ તેના સૌથી મોંઘા ડ્રોનમાંથી એક ડ્રોન ગુમાવી દીધું છે. અમેરિકાનું ડ્રોન એમક્યુ-૪સી ટાઈટન ૯ એપ્રિલના રોજ તૂટી પડયું હતું શરૂઆતમાં તો ઈરાને તેને તોડી પાડયાના સમાચાર મળ્યા હતા, પરંતુ અમેરિકાએ સ્પષ્ટ જણાવ્યું છે કે ડ્રોન ક્રેશ થઈ ગયું છે. કોઈ જવાન ઈજા પામ્યો નથી. આ ડ્રોન ૯મી એપ્રિલના રોજ પર્સિયન ગલ્ફ પરથી ઉડી રહ્યુ હતુ, અચાનક તે ફ્લાઈટ ટ્રેકિંગ સિસ્ટમથી ગાયબ થઈ ગયું. તેના કારણે ૨૫ લાખ ડોલરથી વધુ રકમનો ફટકો પડયો છે.આ સિવાય અમેરિકા દ્વારા પ્રતિબંધિત રિચ સ્ટારી ટેક્રર ગઈકાલે અખાતમાંથી નીકળ્યા પછી પાછુ હોર્મુઝની ખાડીમાં આવી ગયું છે. આમ તે અમેરિકન ઘેરાબંધીને તોડવામાં કે ચાતરી જવામાં નિષ્ફળ રહ્યું હતું. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોઈપણ જહાજ અમેરિકન ઘેરાબંધીને તોડીને આગળ વધી શક્યું નથી.

મધ્યપૂર્વમાં જારી તનાવ વચ્ચે પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનીર ઈરાનને અમેરિકાનો સંદેશ પહોંચાડવા માટે પ્રતિનિધિમંડળ સાથે તહેરાન પહોંચ્યા છે. પાક. પ્રતિનિધિમંડળ અમેરિકા-ઈરાન મંત્રણાના બીજા રાઉન્ડનો તખ્તો તૈયાર કરી શકે છે.

# પહેલા પાનાથી... રાજયનો શ્રેષ્ઠ

## માતાના મઢ ખાતે મા આશાપુરાના દર્શન કરી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ફૂંક્યુ ચૂંટણી પ્રચારનું રણશિંગું : કચ્છની ધરતી પરથી વિપક્ષોના સૂપડા સાફ કરી દેવા આહ્વાન : છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડી હોવાનો મુખ્યમંત્રીનો દાવો

વીશ્વાસ સતત વધી રહ્યો છે. મોદીજીએ જે કહ્યુ તે કરી દેખાડયું છે. પ્રવાસન પણ એટલું જ વિકસાવી દીધું. કચ્છમાં સફેદ રણ કેટલા વરસથી છે? આપણે સૌ વરસોથી જોઈએ છીએ કચ્છના રણને પણ મોદીજીએ જોયુ તે બાદ આજે દુનીયા કચ્છ ભણી આવી રહી છે. મોદીજીની દીર્ઘદ્રષ્ટી થકી આજે કચ્છનું રણ વિશ્વ પ્રવાસનનું તોરણ બન્યુ છે. મોદીજીએ વરસો પહેલા કહ્યુ હતુ કે, આ સફેદ રણ જોવા માટે દુનીયા અહી આવશે, અને જી ટવેન્ટીની એક ઈવેન્ટ આપણે કચ્છના સફેદ રણમાં કરી છે. શિક્ષણની વાત મને ધ્યાને દોરાઈ છે, બિલ્ડીગની કોઈ તકલીફ છે, તે જગ્યા બદલવાનો વિષય છે તેને વેળાસર પૂર્ણ કરી દેવાશે તેવી ખાત્રી સીએમ દ્વારા અપાઈ હતી. શિક્ષણમાં પણ અત્યારે બે ચાલુ યોજનાઓ સારી લવાઈ છે. નમો લક્ષ્મી, નમો સરસ્વતીની છે. બહેનોને ભણવા માટે ધો.૮થી ૧૨ માટે દીકરીઓ ભણે તો તેને ૫૦ હજાર સુધીની રકમ સરકાર આપે છે. એ જ રીતે વિદ્યા સાધના યોજનામાં સાયન્સ લેનારી દીકરીને ૨૫ હજાર રૂપીયા પણ સરકાર જ આપે છે. રોડ-રસ્તાઓની વાત છે ત્યા સુધી આખાય ગુજરાતમાં ત્રીજા ભાગનું કચ્છ ભુગોળની રીતે વિસ્તરેલ છે. અત્યાર સુધી કદાચ થોડું ધ્યાન રહ્યુ હશે પણ રોડ કચ્છમાં ડેવલપ હવે થયા છે અને મારા ધ્યાનમાં રોડ માળખું કચ્છને માટે બરાબરનું છે. સીએમ એ કહ્યુ કે, કરવુ તો છે પણ પૈસાનું આયોજન શું? વડાપ્રધાનશ્રીએ તે આયોજન સરસ કર્યુ છે. કોવિદમાં એક પણ વિકાસ કામ અટકયા નથી અને ભવિષયમાં પણ નહી અટકે તેવી ખાત્રી આ તબક્કેથી સીએમ દ્વારા આપવામાં આવી હતી. મુખ્યપ્રધાનશ્રીએ આ તબક્કે યોગ અને આયુષ્યમાન કાર્ડ યોજનાની પણ છણાવટ કરી હતી.

મુખ્યપ્રધાનશ્રીએ આ તબક્કે કહ્યુ કે, વર્તમાન સમયે યોજનાઓ બની રહી છે અને તે અંતિમ લાભાર્થીઓ સુધી પહોચી રહી છે. વિકસીત ભારત માટે વિકસીત ગુજરાત થવુ જરૂરી છે. સૌથી વધુ મત આપી અને ભાજપના એક એક ઉમેદવારને ભવ્ય વિજયી અપાવો તેવી અપીલ મતદારોને મુખ્યપ્રધાનશ્રીએ આ તબક્કે કરી હતી.આ તબક્કે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈએ કહ્યુ હતુ કે, દેશની સૌથી મોટી પાર્ટી ભાજપ આજે નરેન્દ્રભાઈ અને ભુપેન્દ્રભાઈના નેતૃત્વમાં સતત રાજય-દેશના વિકાસની આગેકુચ કરી રહી છે. વરસોથી સમાજમાં વર્ગવિગ્રહની રાજનીતી ચાલી તેનાથી અત્યાર સુધીમાં દેશની પ્રગતિ બાધિત થતી રહી પણ હવે દેશનુ સદભાવ્ય છે કે, ભાજપ જેવો પક્ષ મળ્યો, મોદીજી જેવા પીએમ અને ભુપેન્દ્રભાઈજેવા સીએમ આપણે મળવા પામ્યા છે. શ્રી વરચંદે કહયુ કે, નર્મદા જળને રોકવા સહિતના કેટલા કામો અટકતા રહ્યા પણ નરેન્દ્રભાઈ આવ્યા બાદ નરેન્દ્રભાઈએ કમાન સંભાળ્યા બાદ સરહદી છેવાડાના વિસ્તારો સુધી પાણી પહોચતુ રહે છે. નર્મદા જળથકી આજે કચ્છના વાગડના ગેડી એક માત્ર ગામ છે તેમાં ૭૦૦ કરોડનું જીરૂ થવા પામ્યું છે. વિશ્વનું સૌથી મોટું સોલાર પાર્ક આજે કચ્છમાં બની રહ્યુ છે. રોડ-રસ્તા માળખાગત સુવિધાઓના કામો ગુજરાતમાં થવા પામી રહ્યા હોવાનું શ્રી દેવજીભાઈએ કહ્યુ હતુ.

આજ રોજ યોજાયેલ દયાપર ખાતેના વિજય વિશ્વાસ સંમેલના કાર્યક્રમમાં રાજયના મુખ્યપ્રધાન શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કચ્છની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પ્રભારી શ્રી ફલજીભાઈ ચૌધરી, કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, મહામંત્રીશ્રી ભીમજીભાઈ જોધાણી, હિતશભાઈ ખંડોર, અબડાસા ધારાસભ્યશ્રી પ્રદુમનસિંહ જાડેજા, પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, રાજેશભાઈ પલણ, નયનાબેન પટેલ, ગણપતભાઈ રાજગોર, જયદીપસિંહ જાડેજા, ધર્મેશભાઈ કેશરાણી, ઈશાબેન મોડ, ગાયત્રી બા જાડેજા, સુરજબા દેવુભા સોઢા, સુરજબા બહાદુરસિહ જાડેજા, સહિતના મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

જુવરાજસિંહસીખ જેતમાલજી જાડેજા હઠૂભા સોઢા કુરીયાણી કરસનજી જાડેજા ભરતભાઈ સોમજીયાણી ત્રણ તાલુકાતાલુકાના મંડળના પ્રમુખ લખપત તાલુકા ભાજપ ના ગણપતભાઈ રાજગોર અબડાસા તાલુકા ભાજપ જયદીપ સિંહ જાડેજા નખત્રાણા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશ કેસરાણી હરિ સિંહ રાઠોડ કાનજી કાપ ડી નેત્રા જિલ્લા પંચાયતના સરોજબા જાડેજા નિરોણા બેઠકના ઉમેદવાર ઘનશ્યામસિંહ પી જાડેજા વિકાસભાઈ રાજગોર પ્રફુલ સિંહ જાડેજા લખપત જિલ્લા પંચાયતની ચાર બેઠકના ઉમેદવારો તાલુકા પંચાયતના ઉમેદવારો સહિતના હાજર રહ્યા હતા

આજ રોજ મુખ્યપ્રધાનશ્રીની ઉપસ્થિતી હોવાના લીધે દયાપર વેપારી મંડળે બંજારો બંધ રાખી અને ખાસ વિજય વિશ્વાસ સંકલ્પ સભામાં હાજરી આપી હતી.

## માતાના મઢ ખાતે જાગીર ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીને આવકાર



ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે કચ્છના એક દિવસીય મહત્વપૂર્ણ ચૂંટણી પ્રવાસે આવ્યા હતા. સરહદી જિલ્લા ગણાતા કચ્છમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓનો માહોલ ગરમાયો છે ત્યારે મુખ્યમંત્રીએ પોતાના પ્રવાસના પ્રારંભે આસ્થાના પ્રતીક સમાન દેશ દેવી માં આશાપુરાના ધામ માતાના મઢ ખાતે શીશ ઝુકાવ્યું હતું. માતાજીના આશીર્વાદ મેળવીને તેમણે ભાજપના ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરાવ્યા હતા. માતાના મઢ ખાતે જાગી ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીને આવકાર અપાયો હતો. આ ધાર્મિક વિધિ બાદ મુખ્યમંત્રીએ દયાપરના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આયોજિત એક વિરાટ જનસભાને સંબોધન કર્યું હતું.

# બાલેન શાહ અને તારિક રહેમાને ઇતિહાસ રચ્યો: ટાઈમ મેગેઝિનમાં વિશ્વના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોમાં સ્થાન

ટાઈમ મેગેઝિને ૨૦૨૬માં વિશ્વના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની યાદી બહાર પાડી છે. આ યાદીમાં નેપાળના વડાપ્રધાન બાલેન શાહ અને બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. બોલિવૂડ અભિનેતા રણબીર કપૂર, ગુગલના સીઈઓ સુંદર પિચાઈ, યુટ્યુબના સીઈઓ નીલ મોહન અને સેલિબ્રિટી શેફ વિકાસ ખન્નાનો પણ સમાવેશ થાય છે. બાલેન શાહ તાજેતરમાં નેપાળના સૌથી યુવા વડાપ્રધાન તરીકે ચૂંટાયા છે.

આ ઉપરાંત, તારિક રહેમાને બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં પણ મોટા માર્જિનથી વડાપ્રધાન પદ જીત્યું છે. તેઓ બાંગ્લાદેશના સૌથી યુવા વડાપ્રધાન પણ છે.

ટાઈમ મેગેઝિને નેપાળના વડા પ્રધાન બાલેન શાહને તેમની પ્રતિષ્ઠિત 'વિશ્વના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકો' યાદીમાં સામેલ કર્યા છે. તેમને આ સન્માન ૩૫ વર્ષની ઉંમરે નેપાળના સૌથી યુવા વડા પ્રધાન બનવા અને સામાન્ય ચૂંટણીઓમાં તેમના પક્ષને ઐતિહાસિક વિજય અપાવવા બદલ મળ્યું છે. આ યાદીમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને બેન્જામિન નેતન્યાહૂ જેવા વૈશ્વિક નેતાઓ સાથે તેમનો સમાવેશ થાય છે. કાઠમંડુના મેયર તરીકે સેવા આપતી વખતે, બાલેન શાહને વર્ષ ૨૦૨૩માં ટાઈમ મેગેઝિનની 'ટાઈમ૧૦૦ નેક્સ્ટ' યાદીમાં સામેલ કરવામાં આવ્યા હતા.બાંગ્લાદેશના વડા પ્રધાન અને બીએનપી નેતા તારિક રહેમાનને ટાઈમ મેગેઝિનની ૨૦૨૬ના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. ૧૭ વર્ષના દેશનિકાલ (લંડન) પછી પાછા ફર્યા અને ફેબ્રુઆરી ૨૦૨૬ની ચૂંટણીમાં જંગી વિજય મેળવ્યા બાદ, ટાઈમે તેમને એક રાષ્ટ્રીય નેતા તરીકે પ્રકાશિત કર્યા છે જે દેશને એક કરવા અને આર્થિક સ્થિરતા લાવવાના પડકારનો સામનો કરે છે. ટાઈમ મેગેઝિન સાથેની એક મુલાકાતમાં, તેમણે દેશને એક કરવા, યુવાનો માટે રોજગાર અને આર્થિક સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા વિશે વાત કરી.

# ભારત-અમેરિકા ડીલ પર આખરી મહોરની તૈયારી !

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ભારતીય પ્રતિનિધિમંડળ ટ્રેડ ડીલ અને ટૅરિફ મુદ્દે આગામી સપ્તાહે વોશિંગ્ટન પહોંચીને અમેરિકન નેતાઓ સાથે બેઠક કરશે. ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ૪૦ મિનિટ સકારાત્મક વાતચીત થયા બાદ આ નિર્ણય લેવાયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ભારતીય પ્રતિનિધિમંડળ ૨૦થી ૨૨ એપ્રિલ દરમિયાન અમેરિકા જવાનું છે. આ દરમિયાન બંને દેશો ટ્રેડ ડીલ અને ટૅરિફ સંબંધી ગૂંચવાયેલા મુદ્દાઓનો નિવેડો લાવવા પર અને સમજૂતીને અંતિમ રૂપ આપવા પર ધ્યાન કેન્દ્રીત કરશે. ટ્રેડ ડીલને લઈને બંને દેશો વચ્ચે અનેક બેઠકો યોજાઈ ગઈ છે, પરંતુ હજુ સુધી કોઈ નિર્ણાયક નિર્ણય લેવાયો નથી.

અમેરિકન રાજદૂતે સંકેત આપ્યા છે કે, આગામી દિવસોમાં ભારત-અમેરિકા વચ્ચે ઊર્જા સહિત અનેક મોટા સમજૂતી થઈ શકે છે. વડાપ્રધાન મોદીએ પણ એક્સ પર પોસ્ટ કરીને ટ્રમ્પ સાથે વાતચીત કરી હોવાની માહિતી આપી છે. તેમણે લખ્યું હતું કે, 'મારા મિત્ર રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ફોન આવ્યો હતો. અમે દ્વિપક્ષીય સંબંધો હેઠળ વિવિધ સેક્ટરોમાં થયેલી મહત્ત્વની પ્રગતિ પર સમીક્ષા કરી છે.

# ૨૦૨૫-૨૬માં ચીન ભારતનું સૌથી મોટું વેપાર ભાગીદાર બન્યું

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : ૨૦૨૫-૨૬માં ચીને અમેરિકાને પાછળ મૂકીને ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર બની ગયો છે તેમ સરકાર દ્વારા જારી આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર ૧૫૧.૧ અબજ ડોલરે પહોંચી ગયો હતો. બીજી તરફ ચીન સાથે ભારતની વેપાર ખાધ વધીને ૧૧૨.૧૬ અબજ ડોલર થઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૨૪-૨૫ સુધી સતત ચાર વર્ષ અમેરિકા જ ભારતનો સૌથી મોટો ભાગીદાર હતો. ગત નાણાકીય વર્ષ દરમિયાન ભારતે ચીનમાં કરેલી નિકાસ ૩૬.૬૬ ટકા વધીને ૧૯.૪૭ અબજ ડોલર રહી હતી. જ્યારે ભારતે ચીન પાસેથી કરેલી આયાત ૧૬ ટકા વધીને ૧૩૧.૬૩ અબજ ડોલર રહી હતી. ચીન સાથે ભારતની વેપાર ખાધ ૨૦૨૪-૨૫માં ૯૯.૨ અબજ ડોલર હતી જે ૨૦૨૫-૨૬માં વધીને ૧૧૨.૧૬ અબજ ડોલર થઈ ગઈ છે.

બીજી તરફ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતે અમેરિકામાં કરેલી નિકાસ ૦.૯૨ ટકા વધીને ૮૭.૩ અબજ ડોલર રહી હતી. જ્યારે ભારતે ચીન પાસેથી કરેલી આયાત ૧૫.૯૫ ટકા વધીને ૫૨.૯ અબજ ડોલર રહી હતી. ૨૦૨૫-૨૬માં અમેરિકા સાથે ભારતનું ટ્રેડ સરપ્લસ ૩૪.૪ અબજ ડોલર રહ્યું છે. જે ૨૦૨૪-૨૫માં ૪૦.૮૯ અબજ ડોલર હતું. વાણિજય મંત્રાલયનાં આંકડાઓ અનુસાર ૨૦૧૩-૧૪થી ૨૦૧૭-૧૮ સુધી અને પછી ૨૦૨૦-૨૧માં ચીન જ ભારતનું સૌથી મોટો વેપાર ભાગીદાર હતો.

-

# ગુજરાત સહિત ૧૨ રાજ્યોમાં 'લૂ'નું એલર્ટ; પારો ૪૦ ડિગ્રીને પાર જશે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય હવામાન વિભાગ અનુસાર, હાલમાં કોઈ સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ન હોવાને કારણે દેશભરમાં તાપમાનમાં ઝડપથી વધારો થવાની શક્યતા છે. આગામી દિવસોમાં પારો ૪૦ થી ૪૨ ડિગ્રીને પાર કરી શકે છે, જેના કારણે મધ્ય અને દક્ષિણ ભારતના અનેક રાજ્યોમાં ભીષણ 'લૂ' ની સ્થિતિ સર્જાશે. બુધવારે મહારાષ્ટ્રના અકોલા અને કર્ણાટકના કલબુર્ગીમાં દેશનું સૌથી વધુ ૪૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે દેશના વિવિધ હિસ્સાઓ માટે ચેતવણી જાહેર કરી છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર (વિદર્ભ), ઉત્તર કર્ણાટક, છત્તીસગઢ અને તેલંગાણામાં આ અઠવાડિયે કાળઝાળ ગરમી અને લૂ ચાલશે. પશ્ચિમ બંગાળ, ઓડિશા, તટીય મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ગુજરાત, તમિલનાડુ અને કેરળમાં ગરમીની સાથે અસહ્ય બફારો લોકોને પરેશાન કરશે. ઉત્તર-પશ્ચિમ ભારતમાં ૧૮ એપ્રિલ સુધી તાપમાનમાં ૩-૪ ડિગ્રી અને મધ્ય ભારતમાં ૨૦ એપ્રિલ સુધી ૨-૩ ડિગ્રીનો વધારો જોવા મળી શકે છે. દિલ્હીમાં પારો ૪૨ ડિગ્રી સુધી પહોંચવાની ધારણા છે.

# કેનેડા પીઆરની પ્રોસેસમાં ધરમખ ફેરફાર કરવાની તૈયારીમાં

નવીદિલ્હી : કેનેડામાં સ્થાયી થવા ઈચ્છતા લોકો માટે આવનારા દિવસોમાં પ્રક્રિયા ઘણી બદલાઈ શકે છે. કેનેડા સરકાર તેના પ્રખ્યાત એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમમાં મોટા ફેરફારો કરવાની યોજના બનાવી રહી છે. ઈમિગ્રેશન, રિફ્યુજી અને સિટીઝનશિપ કેનેડાના ૨૦૨૬-૨૦૨૮ ના પ્લાન મુજબ, આગામી બે વર્ષમાં નવી અને સરળ સિસ્ટમ અમલમાં આવી શકે છે. આ ત્રણેય પ્રોગ્રામને બદલે એક જ સિંગલ કેટેગરી લાવવાની તૈયારી છે. આ નવી સિસ્ટમમાં પાત્રતાના નિયમો અત્યાર કરતા ઘણા સરળ હશે, જેથી અરજદારો અને કંપનીઓ બંને માટે પ્રક્રિયા સમજવી સરળ રહે. કેનેડા સરકારના જણાવ્યા અનુસાર, આ ફેરફાર પાછળના મુખ્ય કારણોમાં અર્થતંત્રને વેગ આપવા અલગ-અલગ ક્ષેત્રોની જરૂરિયાત મુજબ આંતરરાષ્ટ્રીય ટેલેન્ટને આકર્ષવા માંગે છે. આ ઉપરાંત જટિલ નિયમોને કારણે અરજદારોને પડતી મુશ્કેલી ઘટાડવી. સમગ્ર પ્રક્રિયા સરળીકરણ કરવાનું છે. ઈની પ્રક્રિયા વધુ પારદર્શક અને ઝડપી બનાવવાની છે. હાલમાં આ માત્ર એક પ્રસ્તાવ છે. ૨૦૨૬ માં સ્પ્રીંગ ૨૦૨૬ના સમયે સરકાર સામાન્ય જનતા અને નિષ્ણાતો પાસેથી અભિપ્રાય લેશે.

# પહેલા પાનાથી...

### મુખ્યમંત્રીશ્રીનો ગાંધીધામમાં

પ્રતિનિધિઓ દ્વારા તેમને આવકારવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીના સ્વાગત માટે એરપોર્ટ પર રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા, કચ્છના પ્રભારી મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા, જિલ્લા ભાજપના અગ્રણીઓ અને ધારાસભ્યો ઉપ સ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીઓ અને સંગઠનના હોદ્દેદારો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીના આગમનને યાદગાર બનાવવા માટે જિલ્લા યુવા ભાજપ અને ગાંધીધામ મહાનગર યુવા ભાજપ દ્વારા એક વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. એરપોર્ટથી લઈ સભા સ્થળ સુધી સમગ્ર માર્ગ 'ભારત માતા કી જય' ના નારાથી ગુંજી ઉઠ્યો હતો. રેલીમાં ૫૦૦થી વધુ બાઈક સવારો કેસરીયા સાફા અને ધ્વજ સાથે જોડાયા હતા, જે યુવા શક્તિનો જોશ અને ભાજપ પ્રત્યેનો ઉત્સાહ દર્શાવતો હતો. એરપોર્ટથી સભા સ્થળ સુધીના માર્ગ પર ઠેર-ઠેર લોકો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. ગાંધીધામના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયા અને રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની વિશેષ ઉપસ્થિતિએ કાર્યકરોમાં નવો ઉત્સાહ પૂરો પાડ્યો હતો. આ રેલીએ સમગ્ર ગાંધીધામ શહેરમાં ભક્તિ અને શક્તિનો માહોલ સર્જ્યો હતો.


### મહિલા અનામત બીલ

બીલનો પ્રસ્તાવ પણ મુકવામા આવ્યો હતો. આજ રોજ ગૃહની કાર્યવાહી શરૂ થતા પહેલા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ક્હયુ હતુ કે, મહીલા અનામત બીલ એ દેશની મહીલાઓને શકિત આપવાની દીશામાં અમારી સરકારનુ ઐતિહાસીક કદમ છે. આપણા દેશની માતા અને બહેનોનું સન્માન રાષ્ટ્રનુ સન્માન કહેવાય તે બીજમંત્રને આગળ ધપાવીને અમે સતત આગેકુચ કરી રહ્યા છીએ. આજ રોજ ગૃહમાં કાયદા પ્રધાન અર્જુન મેઘવાલ દ્વારા મહીલા અનામત બીલ રજુ કરવામા આવ્યુ હતુ.

ગેસ એ કિમંતી સંપતી છે, તેનો વ્યય ન કરો
રસોઈ પહેલા દાળ-ચોખા પલાળીને રાખો-ગેસની બચત થશે

# સીબીએસઈ બોર્ડના પરિણામમાં મોદી સ્કૂલનો દબદબો


TATHYA MAHESHBHAI RIBADIYA 98%


Chauhan Prisha 97%


SUMITKUMAR BHARATBHAI CHAVDA 96.80%


SHREEYA VIMAL PARAKHIYA 96.60%


ANWITA DUBEY 96.60%


Sanghani Harshil 96.80%


KESHAV MEENA 96.40%


Vora Siddhant 96.40%


PRISHA NILESHKUMAR ANDIPARA 95.80%


YASH ROOPSINGH MEENA 95.80%


MANAN RAVI JOSHI 95.80%


DHARMANSHU CHANDRESH PARMAR 95.80%

**સમગ્ર કચ્છ - સૌરાષ્ટ્રમાં પ્રથમ સ્થાને તથ્ય રીબડીયાએ અપાવ્યું ગૌરવ**


ARUL GARG 95.60%


SHREY JIGNESHBHAI RAKHOLIYA 95.20%


HARSHVARDHAN BABARIYA 95.20%


Thumar Daksh 95%


Shah Kharv 95%

રાજકોટ - કચ્છઉદય : ગઈકાલે સીબીએસઈ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણામોમાં મોદી સ્કૂલના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. આ પરિણામોમાં સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ૯૮ ટકા ગુણ મેળવીને મોદી સ્કૂલનો હોનહાર વિદ્યાર્થી તથ્ય મહેશભાઈ રીબડીયા પ્રથમ સ્થાને રહ્યો છે. તથ્યએ ગણિતમાં ૯૭, વિજ્ઞાનમાં ૯૯, સામાજિક વિજ્ઞાનમાં ૯૮, અંગ્રેજીમાં ૯૭ અને હિન્દી વિષયમાં ૯૯ ગુણ મેળવી કુલ ૫૦૦માંથી ૪૯૦ ગુણ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

શાળાના અન્ય વિદ્યાર્થીઓએ પણ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે, જેમાં પ્રિશા ચૌહાણ ૯૭ ટકા અને સંસ્કૃત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ સાથે દ્વિતીય ક્રમે રહી છે. જ્યારે હર્ષિલ સાંગાણી અને સુમીત ચાવડાએ ૯૬.૮૦ ટકા મેળવી તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. હર્ષિલે પણ સંસ્કૃત વિષયમાં પૂરેપૂરા ૧૦૦ ગુણ મેળવ્યા છે. ચતુર્થ ક્રમે અન્વીતા દુબે અને શ્રેયા પારખીયા ૯૬.૬૦ ટકા સાથે ઉત્તીર્ણ થયા છે, જેમાં અન્વીતાએ વિજ્ઞાન વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. આ ઉપરાંત પ્રિશા ચૌહાણ, હર્ષિલ સાંગાણી, સિદ્ધાંત વોરા, ખર્વ શાહ, ધ્રુવ ત્રિવેદી અને વિધાન સરવૈયા એમ કુલ ૬ વિદ્યાર્થીઓએ સંસ્કૃત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી મેદાન માર્યું છે. શાળાનું સમગ્ર પરિણામ ૧૦૦ ટકા રહ્યું છે. આંકડાકીય વિગતો મુજબ શાળાના ૧૭ વિદ્યાર્થીઓએ ૯૫ ટકાથી વધુ, ૫૨ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ, ૯૫ વિદ્યાર્થીઓએ ૮૫ ટકાથી વધુ અને ૧૩૩ વિદ્યાર્થીઓએ ૮૦ ટકાથી વધુ ગુણ મેળવી ઝળહળતી સફળતા મેળવી છે. સીબીએસઈ બોર્ડમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને મોદી સ્કૂલના સંસ્થાપક ડૉક્ટર રશ્મીકાંત મોદી અને પારસ મોદીએ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

# ગઢશીશામાં ભાજપના પ્રચાર કાર્યમાં મહિલાઓ મોખરે : ડોર ટુ ડોર પ્રચાર કાર્ય ગતિમાં





**ગઢશીશા જિ.પં. અને તાલુકા પંચાયત બેઠકના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા મતદાતાઓને મહિલા કાર્યકરો દ્વારા વિકાસની સમજાવટ ભરી અપીલ**

ગઢશીશા - કચ્છ ઉદય : કચ્છ જિલ્લા પંચાયતની તમામ બેઠકો અને તમામ તાલુકાઓની તાલુકા પંચાયતની બેઠકોને જંગી બહુમતીથી વિજયી બનાવવા જિલ્લા ભાજપ મહિલા મોરચો મેદાને આવવાની સાથે તાલુકાની તમામ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો પર ભગવો લહેરાવવા ભાજપ મહિલા કાર્યકરો દ્વારા ડોર ટુ ડોર પ્રચાર કાર્ય આરંભાયું છે. જેમાં ગઢશીશા જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર મેઘબાઈ ગઢવી તાલુકા પંચાયત ગઢશીશા - ૧ - ૨ અને મઉં બેઠકના ઉમેદવારોને સફળતા પૂર્વક વિજયી બનાવવા ગઢશીશા વિસ્તાર ભાજપ મહિલા કાર્યકરોએ છેલ્લા બે દિવસમાં ગઢશીશાનો ડોર ટુ ડોર પ્રચાર કાર્યને બેગવાન બનાવ્યું છે. મહિલા મોરચાની કાર્યકર બહેનોની પ્રચાર કાર્યની કામગીરીને ભાજપ અગ્રણીઓએ બિરદાવી હતી.

# ગાંધીધામની આત્મીય વિદ્યાપીઠનું સીબીએસઈ ધોરણ ૧૦ની પરીક્ષામાં ઝળહળતું પરિણામ


વૃત પટેલ 95.4%


હિતાર્થ નાગોર 94.8 %


અક્ષીતા સોની 93.8%


પ્રાચી ચાવડા 93.6 %


એકલોવ્ય પાંડે 92.8 %


અભિગ્યાન મિશ્રા 92.6 %

**શાળાના ૧૧ વિદ્યાર્થીઓએ મેળવ્યો એ વન ગ્રેડ**


સ્વરા મોરે 92.2 %


નંદિકા પ્રદીપ 92 %


આયુષ રેવાલે 91.6 %


દિપાંશી શર્મા 90.6 %


શીતલ ગુંસાઈ 90.6 %

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ સ્થિત આત્મીય વિદ્યાપીઠ દ્વારા સીબીએસઈ બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શૈક્ષણિક ક્ષેત્રે પોતાની સર્વોપરિતા સાબિત કરવામાં આવી છે.

શાળાના ૧૧ જેટલા તેજસ્વી તારલાઓએ આ પરીક્ષામાં પ્રતિષ્ઠિત એ-વન ગ્રેડ હાંસલ કરીને સંસ્થા તેમજ પોતાના પરિવારનું નામ રોશન કર્યું છે. આ ભવ્ય સફળતા બદલ શાળાના સંચાલકો અને સમગ્ર ટીમે હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે. આ શાનદાર સિદ્ધિ એ વિદ્યાર્થીઓના અવિરત પરિશ્રમ, શિક્ષકોના સમર્પિત માર્ગદર્શન અને માતા-પિતાના અતૂટ સમર્થનનું નમ્ર પરિણામ હોવાનું સંસ્થાએ જણાવ્યું છે.

આવી વિશિષ્ટ સિદ્ધિઓ કંઈ રાતોરાત પ્રાપ્ત થતી નથી, પરંતુ તે સતત પ્રયત્નો, વિવિધ કસોટીઓ, સઘન અભ્યાસ અને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવાની સામૂહિક ઈચ્છાશક્તિનું ફળ છે. આ ઉત્તમ પરિણામો આત્મીય વિદ્યાપીઠની ગુણવત્તાસભર શૈક્ષણિક સંસ્કૃતિ અને શિક્ષણ પ્રત્યેની ઊંડાણપૂર્વકની દ્રષ્ટિનું જીવંત પ્રતીક પૂરવાર થયા છે. શાળાએ ગૌરવ સાથે જણાવ્યું છે કે શિક્ષકોનું માર્ગદર્શન અનેક વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યના ઘડતર માટે આધારસ્તંભ બન્યું છે, જ્યારે માતા-પિતાનું પ્રોત્સાહન અને વિશ્વાસ પણ અવિસ્મરણીય રહ્યો છે.

આગામી વર્ષોમાં પણ સંસ્થા આવી જ શ્રેષ્ઠતાની ભાવના જાળવી રાખીને સફળતાના નવા શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# ‘લોકશાહીની હત્યા બંધ કરો’ની નારે બાજી કરનારા કોંગ્રેસના કાર્યકરો સામે પોલીસે ફરિયાદ નોંધી

**ભુજ તાલુકા પંચાયતમાં ફોર્મ પરત ખેંચવાના દિવસે સર્જાયેલી ધમાસાણમાં કોંગ્રેસે પોલીસ ભાજપ માટે કામ કરતી હોવાના લગાવ્યા હતા આક્ષેપ : સામે પોલીસે સાત નામજોગ સહિત ૧૫-૨૦ કાર્યકર્તા સામે ફરજમાં રૂકાવટની ફરિયાદ નોંધી**

## પોલીસે ભાજપને જીતાડવી હોય તો ખેસ પહેરી લેવા જોઈએ : કોંગ્રેસ

તાલુકા પંચાયતમાં થયેલી બબાલ બાબતે કોંગ્રેસના આગેવાનો સામે ફરિયાદ નોંધાયા બાદ પ્રતિક્રિયા આપતા કચ્છ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ વી.કે. હુંબલ અને એચ.એસ.આહિરે જણાવ્યું કે, કોંગ્રેસના આગેવાનો સામે ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ચૂંટણીમાં ભાજપના નેતાઓ હાર ભાળી ગયા છે. જેથી પોલીસનો સહારો લઈ રહ્યા છે. કોંગ્રેસના આગેવાનોએ પોલીસની તાનાશાહી સામે લોકશાહી ઢબે વિરોધ નોંધાવ્યો હતો. જોકે, પોલીસ ધકામુકી કરી બહાર કાઢયા હતા. કોંગ્રેસના આગેવાનો આવી ફરિયાદોથી ડરવાના નથી. પોલીસના અધિકારીઓએ ભાજપને જીતાડવી હોય તો ભાજપના ખેસ પહેરી લેવા જોઈએ તેવો આક્ષેપ પણ કર્યો હતો.

ભુજ - કચ્છ ઉદય : કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં એક તરફ કોંગ્રેસ દ્વારા પોલીસની ભૂમિકા પર સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે. કારણ કે, રાપર તાલુકાના બેલા સીટના કોંગ્રેસના ઉમેદવારનું અપહરણ કરાયું, ચૂંટણી ટાણે જ ભુજની જમીન બાબતેના વિવાદમાં પાનધ્રો જિલ્લા પંચાયત સીટના ઉમેદવારના પતિ સામે ગુનો દાખલ કરાયો, આ સિવાય લખપત તાલુકાના એક આગેવાનને ભુજ એલસીબી કચેરીએ વિના કારણે બેસાડી રખાયા, તેમજ ઘણા કાર્યકરો અને આગેવાનોને પોલીસ દ્વારા નજર કેદમાં રાખી, ફોર્મ પરત ખેંચાવા દબાણ કરી કોંગ્રેસના મત તુટે તે માટે ઘણી જગ્યાએ ખુદ પોલીસે અપક્ષ ઉમેદવાર ઊભા રાખ્યા હોવાનો આક્ષેપ જિલ્લા કોંગ્રેસ પ્રમુખે કર્યો છે. પોલીસ ભાજપની બી ટીમ બનીને કામ કરે છે. તેવા આક્ષેપો વચ્ચે ગઈકાલે ભુજ તાલુકા પંચાયતમાં ભારે ધમાસાણ સર્જાયું હતું. સુખપર -૨ સીટના કોંગ્રેસના ઉમેદવાર પુષ્પાબેન ભુડિયા અચાનક આવ્યા અને અંદર તેઓ ફોર્મ પરત ખેંચવા જતા હતા ત્યારે પોલીસે તેમને અંદર લઈ લીધા અને બાદમાં ગેટ બંધ કરી નાખ્યો હતો. કોંગ્રેસના તાલુકા પ્રમુખે આક્ષેપ કર્યો હતો કે, પોલીસ પાસે ગેટ બંધ કરવાની કોઈ સત્તા નથી. છતા પોલીસે ગેટ બંધ કર્યું છે, બળજબરીથી ઉમેદવારને અંદર લઈ જવાયા છે, આ ઉમેદવારને પોલીસ દ્વારા ધમકી અપાઈ હતી કે, તમારું ઘર તોડી નાખશું જેથી ડરીને ફોર્મ પરત ખેંચ્યું હતું. આ વચ્ચે પોલીસે નોંધેલી ફરિયાદની વિગતો પર નજર કરીએ તો એ-ડિવિઝન પોલીસના કર્મચારી ઉર્વશીબેન રાજગોરે ફરિયાદમાં જણાવ્યું કે, તેઓ અન્ય પોલીસ સ્ટાફ ચૂંટણીના બંદોબસ્તમાં હતો ત્યારે સુખપર - ૨ બેઠક કોંગ્રેસના ઉમેદવાર પુષ્પાબેન ભુડિયા પોતાનો ફોર્મ પરત ખેંચવા માટે આવ્યા ત્યારે કોંગ્રેસના કાર્યકર ભેગા થઈ જોર જોરથી લોકશાહીની હત્યા બંધ કરોના નારા લગાવ્યા હતા. તેમજ કોંગ્રેસના ઉમેદવાર ગેટની અંદર પ્રવેશ્યા ત્યારે કાર્યકરોએ અંદર ઘૂસવા માટે પ્રયાસ કર્યો હતો ત્યારે પોલીસ સ્ટાફે ટોળા સાથે અંદર ન જાવ તેમ કહેતા ધકામુકી કરવામાં આવી હતી. ત્યારે જોર જોરથી નારે બાજી કરવામાં આવી હતી. દરવાજામાં ન બેસવા જણાવતા મહિલાઓ ઊભી થઈ અને લાલીબેન આહીવાલ તેમજ રસીકબા જાડેજાએ કોન્સ્ટેબલ ક્રિષ્નાબેન કેરાઈને ધકો મારતા તેઓ નીચે પડી ગયા અને કમરના ભાગે ઈજાઓ થતા જી.કે.માં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. કોંગ્રેસના હરીશ આહિર, એચ. એસ. આહિર, નરેન્દ્રસિંહ જાડેજા, રમેશ ગરવા, લાખાજી સોઢા, લાલીબેન ભાનુભાઈ આહીવાલ, રસીકબા જાડેજા તેમજ અન્ય ૧૫થી ૨૦ જેટલા કાર્યકર્તાઓ દ્વારા ટોળુ બનાવીને પોલીસની ફરજમાં રૂકાવટ કરવા સાથે મહિલા કોન્સ્ટેબલને નીચે પાડી ઈજા પહોંચાડી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# ભુજમાં બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિએ સમાજ એકતા અને શિક્ષણનો સંદેશ ગુંજ્યો


ભુજ - કચ્છઉદય : ભારતના બંધારણના શિલ્પી અને ‘ભારતરત્ન’ ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિ નિમિતે ભુજ શહેરમાં મેઘવાર - મારવાડા તુખમ સમાજ દ્વારા ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. ન્યાય મંદિર નજીક આવેલી તેમની પ્રતિમા સમક્ષ આયોજિત કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ ડો. આંબેડકરના જીવનમૂલ્યો અને વિચારો પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, સમાજના સર્વાંગી વિકાસ માટે ‘સંગઠિત બનો, સંઘર્ષ કરો અને શિક્ષિત બનો’ જેવા તેમના સૂત્રોને જીવનમાં ઉતારવાની આજના સમયમાં વિશેષ જરૂરિયાત છે. દલિત સમાજના ભાઈઓ અને બહેનોને શિક્ષણ પ્રત્યે જાગૃત બની આગળ વધવા અને સમાજને મજબૂત બનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને હારાર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ભા.જ.પ.ના ઉપપ્રમુખ પચાણ વીરા સંજોટ, પ્રમુખ રાજા થાવર પરમાર, પુરબાઈ રાજા પરમાર, ગૌતમ રાજાભાઈ પરમાર, ધાનીબેન ગૌતમ પરમાર, નિરવીબેન પરમાર, શિવાંસ પરમાર, રમેશ લખણપાર, સાનિયાબેન લખણપાર, રતીબેન રાજા પરમાર, પ્રિન્સ, વેલજી કાનજી જેપાર, જેન્તીભાઈ કરમશીભાઈ પરમાર, હસમુખભાઈ ચોરસીયા, દેવજી પચાણ સીજુ, ગાંગજી બુચિયા સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ સમાજના પ્રમુખ રાજા થાવર પરમાર દ્વારા કરવામાં આવી હતી.

## ભુજમાં માનસિક દર્દીઓને વિનામૂલ્યે સારવાર અપાશે

ભુજ - કચ્છ ઉદય : ઓમ ફાઉન્ડેશન અને મેન્ટલ હેલ્થ સેલ - ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે માનસિક તણાવ, ચિંતા, હતાશા, વ્યસન, ઓસીડી, આત્મહત્યાના નકારાત્મક વિચારોથી પીડિત, આર્થિક રીતે નબળા માનસિક દર્દીઓને વિનામૂલ્યે દવા સાથે સારવાર આપીને તેમણે રોજિંદા કામથી જોડવા માટે મન ઉર્જા ક્લિનીક, હોસ્પિટલ રોડ, ભુજ ખાતે સવારે ૧૦:૩૦ થી ૧ વાગ્યા સુધી તા. ૧૮/૪ શનિવારે યોગ સાયકોથેરાપી માનસિક આરોગ્ય ઓપીડી સેવા ચાલુ રહેશે. જેમાં જોડાવા ઈચ્છુક લોકોને મો.નં. ૯૯૨૫૨ ૬૭૦૪૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે આદિજાતિ અનામત મુદ્દે જંગ છેડાયો : ભીલ સમાજ દ્વારા આંદોલનની ચીમકી






ભચાઉ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે આદિજાતિ અનામત બેઠકોને લઈને વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. ભીલ સમાજના આગેવાનોએ એકત્ર થઈ રાજ્ય કક્ષાના મંત્રી ત્રિકમભાઈ છાંગા તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીને ઉગ્ર રજૂઆતો સાથેનું આવેદન પત્ર પાઠવ્યું છે. સમાજનો મુખ્ય આક્ષેપ છે કે કચ્છ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની અનામત બેઠકો પર બ્રાહ્ય જિલ્લાના, ખાસ કરીને ગીર, બરડા અને આલેચ વિસ્તારના ઉમેદવારો ખોટા જાતિ પ્રમાણપત્રોના આધારે ચૂંટણી લડી રહ્યા છે તેવું પ્રતીત થાય છે અને સ્થાનિકોનો હક્ક છીનવી રહ્યા છે.

આવેદનપત્રમાં એવો પણ ગંભીર દાવો કરવામાં આવ્યો છે કે અન્ય જ્ઞાતિના લોકો આદિવાસી દીકરીઓ સાથે લગ્ન કરી ગેરકાયદેસર રીતે અનામતનો લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. અબડાસા, માંડવી, ભુજ, અંજાર અને મુન્દ્રા જેવા મહત્વના તાલુકાઓની બેઠકો પર શંકાસ્પદ ઉમેદવારોની નિષ્પક્ષ તપાસ કરવાની માંગણી ઉઠી છે તેમજ જિલ્લા પંચાયત સીટ ભીમાસર ચકાસર અને સામખિયાળી જિલ્લા પંચાયત સીટના બ્રાહ્ય ઉમેદવારના કાસ્ટ વેલીડિટી સર્ટિફિકેટની તાત્કાલિક નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેમજ ભીલ સમાજનું કહેવું છે કે જિલ્લામાં ભીલ આદિજાતિની વસ્તી ૭૦ થી ૮૦ હજાર હોવા છતાં સ્થાનિક લાયક ઉમેદવારોને અન્યાય થઈ રહ્યો છે. જો તંત્ર દ્વારા આ મામલે સત્વરે તપાસ નહીં કરવામાં આવે અને કોઈ બિન-હક્કદાર વ્યક્તિ ઉચ્ચ હોદ્દા પર બેસશે તો આગામી દિવસોમાં સમગ્ર કચ્છમાં ગાંધીચિંધ્યા માર્ગે જનઆંદોલન છેડવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આ મામલે રાજ્યના ચૂંટણી આયોગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત ટ્રાયબલ ડેવલોપમેન્ટ ડિપાર્ટમેન્ટ અને જાતિ ચકાસણી સમિતિને પણ નકલો મોકલી તાકીદે પગલાં ભરવા રજૂઆત કરાઈ છે.

# અંજારમાં મામઈદેવ બગથડા દાદાનો યાત્રા મહોત્સવ ઉજવાશે

**આગામી ૧૭ એપ્રિલના વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે મહોત્સવની કરાશે ઉજવણી : બગથડા મંદિર સ્થાનકે ચાલી રહી તૈયારીઓને આખરી ઓપ : ધર્મગુરૂઓ દ્વારા કરાશે જ્ઞાનશાસ્ત્ર અને મહાધૂપ**



અંજાર : શહેરમાં શ્રી મામઈદેવ બગથડા દાદાનો યાત્રા મહોત્સવની ઉજવણી આગામી તા.૧૭/૪/૨૦૨૬ના રોજ કરવામાં આવશે. મહેશપંથી મહેશ્વરી સંપ્રદાયના ઈષ્ટદેવ મામઈદેવ બગથડા દાદાનો યાત્રા મહોત્સવ દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્ર વદ અમાસના ધાર્મિક રીતે ઉજવવામાં આવશે. આ યાત્રા મહોત્સવ ઉજવણીની તૈયારી જેસલ-તોરલ સમાધીની બાજુમાં શ્રી મામઈદેવ બગથડા મંદિર સ્થાનકે ચાલી રહી છે. આ યાત્રા મહોત્સવ મહેશપંથી સંપ્રદાયના પીર સાહેબ નારાયણદેવ લાલણ દાદાની આગેવાની હેઠળ ઉજવવામાં આવશે. મામઈદેવ બગથડા મંદિરે યાત્રા મહોત્સવમાં ધર્મગુરૂઓ તથા મહેમાનોનું સન્માન, પ્રવચન તથા ધર્મગુરૂઓ દ્વારા જ્ઞાનશાસ્ત્ર તેમજ મહાધુપ કરવામાં આવશે. આ યાત્રા મહોત્સવમાં વહેલી સવારના ધ્વજારોહણ, દાદાને ભેટુ ચડાવવામાં આવશે. તેમજા સવારના ૧૦.૦૦ કલાકે મહાધુપ અને બપોરના ૧૨.૦૦ વાગ્યે મામઈદેવ સ્થાનક બગથડા યાત્રાધામના પ્રમુખ ખીમજીભાઈ પાલુભાઈ સિંધવ, શ્રીમતિ વીમળાબેન ખીમજીભાઈ સિંધવ દંપતિના હસ્તે મામદેવ મંદિર સ્થાનકે બારમતીપંથ કરવામાં આવશે. સાંજના ૬.૦૦ કલાકે મહેમાનોનુ સન્માન સમારંભ યોજવામાં આવશે. આ યાત્રા મહોત્સવ સવારના ૫:૦૦ કલાકેથી રાત્રીના ૧૦:૦૦ વાગ્યા સુધી ઉજવવામાં આવશે. સાંજે ૦૭.૦૦ કલાકે રાજેશભાઈ થારુ ટીમ દ્વારા ધર્મગુરૂઓ, સર્વે યાત્રાધામ તેમજ સમાજના આગેવાનો તથા સમસ્ત સમાજની વિશેષ ઉપસ્થિતિમાં દાદાની ધુપ દ્વારા મહાઆરતી કરવામાં આવશે, આ યાત્રા મહોત્સવમાં સમગ્ર કચ્છ હાલાર ગુજરાત રાજ્યમાંથી ૩૫થી ૪૦ હજાર ભાવીકો ઉપસ્થિત રહી યાત્રા મહોત્સવનો લાભ લેશે. યાત્રા મહોત્સવને સફળ બનાવવા મંદિરના પુજારી ખીમજીભાઈ ધનજીભાઈ માતંગ, નીરજભાઈ માતંગ, કમલેશભાઈ માતંગ, શંભુભાઈ આત્મારામ મારાજ, મહેશભાઈ આત્મારામ મારાજ, કિશોરભાઈ આત્મારામ મારાજ, કાંતીભાઈ ધોરીયા, સમાજના અગ્રણી રામજીભાઈ ખેતશીભાઈ ઘેડા, લાલજીભાઈ કે. મહેશ્વરી, ઉપપ્રમુખ ખમુભાઈ માતંગ, ડાયાલાલ કેશવજીભાઈ બળગા, મહામંત્રી હિરજી દેવજીભાઈ નોરીયા, લાલજી વેલજીભાઈ બળગા, સહમંત્રી મંગલજી દેવરાજભાઈ ઢેરા, ખજાનચી ગોપાલ પચાણભાઈ કોચરા તથા મામઈદેવ યુવા ગ્રુપ, લુણંગનગર યુવા ગ્રુપ, વિજયનગર યુવા ગ્રુપ, મતીયાનગર યુવા ગ્રુપ વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા અંજાર નગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ સ્ટાફના અધિકારીઓ, કર્મચારીઓ, પી.જી.વી. સી.એલ. સ્ટાફના અધિકારી, કર્મચારીઓ પુરતી સેવા તેમજ સહકાર આપી રહ્યા છે તેવું યાત્રાધામના પ્રમુખ ખીમજીભાઈ પાલુભાઈ સિંધવની યાદી જણાવાયું છે.

# અકસ્માતમાં પેટના ક્ષતિગ્રસ્ત હિસ્સાની જટિલ શસ્ત્રક્રિયા કરી ડ્રાયવરને અપાયું જીવતદાન

**અદાણી સંચાલિત ગેઈમ્સ જી. કે. જનરલ હોસ્પિટલના સર્જનોએ કરી સફળ ટ્રોમા વિપ્પલ સર્જરી**

ભુજ : અદાણી સંચાલિત ગેઈમ્સ જી.કે. જનરલ હોસ્પિટલમાં દાખલ દર્દી એવા ડ્રાયવરને થયેલા એક જાનલેવા ગંભીર અકસ્માતના કેસમાં પેટના આંતરિક અવયવો એટલી હદે વિચ્છેદિત થઈ ગયા હતા કે, જનરલ સર્જરી વિભાગે લાંબી જહેમત પછી ઓપરેશન કરી બિહારી ડ્રાયવરને જીવતદાન આપ્યું. હોસ્પિટલના સર્જન અને આસિ.પ્રોફે.ડો. હેત સોનીએ સફળ શસ્ત્રક્રિયા કર્યા બાદ કહ્યું કે, આ એક દુર્લભ સર્જરી હતી. બિહારથી કચ્છ આવતા ડ્રાયવરને ગંભીર અકસ્માતમાં સ્ટીયરિંગ પેટમાં સખત વાગવાને કારણે બ્લન્ટ એબડોમીનલ ટ્રોમા (પેટના અંદરના અવયવોને નુકસાન) સાથે દર્દીને દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે પેશન્ટનું એડમિશન થયું ત્યારે બેભાન અવસ્થામાં હોવા ઉપરાંત તેમનું બી.પી.પણ પકડાતું નહોતું. મુઢમારની ગંભીરતા ચકાસવા સિટીસ્કેન વિગેરે ચકાસણી કરતા આંતરિક અંગોને ભારે નુકસાન પહોંચ્યાનું સચોટ નિદાન થયું. જેમાં સ્વાદુપિંડ (પેક્રિયાસ)નું ઉપરનું માથું છુંદાઈ ગયું હતું. નાના આંતરડાને પણ સખત નુકસાન પહોંચ્યું હતું જ્યારે પિતનળી સંપૂર્ણ તૂટી ગઈ હતી. પેટની આ જટિલ પરિસ્થિતિ જોવા મળતા સર્જનો તાત્કાલિક ટ્રોમેટિક વિપ્પલ સર્જરીના નિષ્કર્ષ પર આવ્યા અને એક સફળ ઓપરેશન કર્યું. દર્દીને વેન્ટિલેટરની સારવાર પણ અપાઈ અને છેવટે દોઢ મહિનાની સારવાર બાદ ડિસ્ચાર્જ આપવામાં આવ્યો. આ ઓપરેશનમાં સર્જન ડો. કૃણાલ શેઠ, ડો.તીર્થ પટેલ વિગેરે જોડાયા હતા. ટ્રોમેટિક વિપ્પલ સર્જરી એક એવી ઈમરજન્સી અને જટિલ શસ્ત્રક્રિયા છે, જેમાં ક્ષતિગ્રસ્ત શિર (હેડ)ને હટાવી દેવામાં આવે છે.

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,**
લખપત-કચ્છ.મુ.દયાપર

**જાહેર નોટીસ**
અરજી નં.૦૩/૨૦૨૬

શ્રી કાસમ ઈબ્રાહીમ રાયમા, રહે. કોટડામઢ, તા.લખપત .... અરજદાર
વિરૂધ્ધ
તલાટી સહમંત્રીશ્રી, કોટડામઢ ગ્રામ પંચાયત, તા.લખપત, જિ.કચ્છ. .... સામાવાળા

**બાબત : મરણની નોંધણી કરવા હુકમ કરવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે અરજદારશ્રી કાસમ ઈબ્રાહીમ રાયમા, રહે. કોટડામઢ, તા.લખપત દ્વારા તેઓના પિતા ઈબ્રાહીમ જાફર રાયમાનું મરણ લખપત તાલુકાના કોટડામઢ મુકામે તા.૦૫/૧૧/૧૯૬૨ના રોજ થતા તેની મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજીસ્ટરે થઇ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના પિતાની મરણ નોંધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઇ, સદર મરણની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે. સદરહુ હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સહ વાંધો રજુ કરવો. જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહી આવે તો કોઇને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.
આજરોજ તા.૧૩/૦૪/૨૦૨૬ ના સહી તથા સિક્કો કરી આપ્યો.

| (સી.પી.નાડોદા) | (ડો.વી.પી.સાખરા) | (નવીનચન્દ્ર મારુ) |
|---|---|---|
| તૈયાર કરનાર | મુકાબીલ કરનાર | એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ |
| રેવન્યુ તલાટી | નાયબ મામલતદાર (મહેસુલ) | લખપત મુ.દયાપર |

**(એ.એન.શર્મા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ભુજ-ગ્રામ્યની કોર્ટ સમક્ષ**
એકોર્ડ હોસ્પિટલ સામે, તાલુકા સેવા સદન, મુંદરા રોડ, ભુજ-કચ્છ.

**જાહેર નોટીસ**
નં. જન્મ-મરણ નોંધણી કેસ રજી નંબર ૭૦/૨૦૨૬

(૧) શ્રી હુસેન હારૂન સમા, રહે.જુણા, તા.ભુજ-કચ્છ.
વિરૂધ્ધ
(૧) રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને તલાટી સહમંત્રીશ્રી,
જુણા જુથ ગ્રામ પંચાયત, તા.ભુજ-કચ્છ

**વિષય : જન્મ-મરણ નોંધણી (સુધારા) અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી હુસેન હારૂન સમા, રહે.જુણા, તા.ભુજ-કચ્છની તા.૧૧/૦૨/૨૦૨૬ વાળી અરજીથી તેઓના પુત્ર નામે એજાજ હુશેન સમાનો તા. ૦૧/૦૬/૨૦૧૯ના રોજ મોજે: જુણા, તા.ભુજ-કચ્છ મધ્યે તેઓના નિવાસસ્થાને જન્મ થયેલ. પરંતુ શરતચુક તથા કાયદાની અજ્ઞાનતાના કારણે જન્મ નોંધણી જુણા જુથ ગ્રામ પંચાયત, તા.ભુજ-કચ્છના વર્ષ ૨૦૧૯ના જન્મ રજીસ્ટરે કરાવવાનું રહી ગયેલ હોવાનું જણાવી, જન્મ નોંધણી કરવાનો હુકમ થવા અરજી કરેલ છે. જે અરજી અત્રેની કચેરીના જન્મ-મરણ નોંધણી રજી. નં. ૭૦/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સદર જન્મ નોંધણી કરાવવા બાબતે કોઇ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૩૦માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આ કેસ અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.
તા. ૧૨/૦૩/૨૦૨૬ (એ.એન.શર્મા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ભુજ-ગ્રામ્ય

**(એ.એન.શર્મા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ભુજ-ગ્રામ્યની કોર્ટ સમક્ષ**
એકોર્ડ હોસ્પિટલ સામે, તાલુકા સેવા સદન, મુંદરા રોડ, ભુજ-કચ્છ.

**જાહેર નોટીસ**
નં. જન્મ-મરણ નોંધણી કેસ રજી નંબર ૭૩/૨૦૨૬

(૧) શ્રી અતીક અનવર સમા, રહે.જુણા, તા.ભુજ-કચ્છ.
વિરૂધ્ધ
(૧) રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને તલાટી સહમંત્રીશ્રી,
જુણા જુથ ગ્રામ પંચાયત, તા.ભુજ-કચ્છ

**વિષય : જન્મ-મરણ નોંધણી (સુધારા) અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અતીક અનવર સમા, રહે.જુણા, તા.ભુજ-કચ્છની તા.૧૧/૦૨/૨૦૨૬ વાળી અરજીથી તેઓના પુત્ર નામે અમીસ અતીક સમાનો તા. ૨૧/૦૧/૨૦૨૧ના રોજ મોજે: કાસમવાંઢ, જુણા, તા.ભુજ-કચ્છ મધ્યે તેઓના નિવાસસ્થાને જન્મ થયેલ. પરંતુ શરતચુક તથા કાયદાની અજ્ઞાનતાના કારણે જન્મ નોંધણી જુણા જુથ ગ્રામ પંચાયત, તા.ભુજ-કચ્છના વર્ષ ૨૦૨૧ના જન્મ રજીસ્ટરે કરાવવાનું રહી ગયેલ હોવાનું જણાવી, જન્મ નોંધણી કરવાનો હુકમ થવા અરજી કરેલ છે. જે અરજી અત્રેની કચેરીના જન્મ-મરણ નોંધણી રજી. નં. ૭૩/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સદર જન્મ નોંધણી કરાવવા બાબતે કોઇ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૩૦માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આ કેસ અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.
તા. ૧૨/૦૩/૨૦૨૬ (એ.એન.શર્મા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ભુજ-ગ્રામ્ય

# આત્મા અને પરમાત્માના મિલનનો મહોત્સવ એટલે રૂક્ષ્મણી વિવાહ : પૂ.ઉદયપ્રસાદજી







વક્તા ઉદય પ્રસાદજીના મુખે મેઘપરમાં શ્રીમદ ભાગવત કથાનું રસપાનઃ કૃષ્ણ-રુક્ષ્મણી વિવાહ પ્રસંગે ગોકુળ જેવો માહોલ સર્જાયો : રાઠોડ પરિવાર આયોજિત ભાગવત સપ્તાહમાં વક્તા ઉદય પ્રસાદજીએ રુક્ષ્મણી વિવાહનું આધ્યાત્મિક મહત્વ સમજાવ્યું

**મેઘપરની પવિત્ર ધરા પર ભક્તિનો મહાસાગર ઘૂઘવ્યો : ૪૬ વર્ષની પરંપરા સાથે રુક્ષ્મણી વિવાહનો દિવ્ય પ્રસંગ ઉજવાયો : આજે કથાનું થશે સમાપન : ઉલ્લાસ અને શ્રદ્ધાનો સંગમ સર્જાયો, ભક્તો થયા ભાવવિભોર**

ગાંધીધામ : જામનગર જિલ્લાના મેઘપર ગામની પવિત્ર ભૂમિ પર હાલ ભક્તિ, શ્રદ્ધા અને ભારતીય સંસ્કૃતિનો અનોખો સંગમ રચાયો છે. પૂજ્ય ભાયા બાપાના પાવન સાનિધ્યમાં આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ આજે તેના છઠ્ઠા દિવસે પહોંચતા સમગ્ર વાતાવરણ હરિભક્તિની સુગંધથી મહેકી ઉઠ્યું હતું. રાઠોડ પરિવારના તમામ ભાઈઓના અપાર સહયોગ અને સમર્પણથી છેલ્લા ૪૬ વર્ષથી અવિરત ચાલતો આ ભક્તિ યજ્ઞ આજે રુક્ષ્મણી વિવાહના દિવ્ય પ્રસંગ સાથે ચરમસીમાએ પહોંચ્યો હતો, જેમાં હજારો ભક્તોએ ઉમળકાભેર ભાગ લીધો આ પવિત્ર કાર્યક્રમની સૌથી મોટી વિશેષતા એ છે કે તે છેલ્લા સાડા ચાર દાયકાથી પણ વધુ સમયથી એકધાર્યો ચાલી રહ્યો છે. રાઠોડ પરિવાર દ્વારા જાળવવામાં આવેલી આ પરંપરા માત્ર એક ધાર્મિક આયોજન નથી, પરંતુ સમાજમાં એકતા, સેવા અને સંસ્કારોનું સિંચન કરવાનું એક સબળ માધ્યમ બની રહી છે. ૪૬ વર્ષની આ અવિરત યાત્રા આજે નવી પેઢી માટે પણ પ્રેરણારૂપ સાબિત થઈ રહી છે, જે આધુનિક યુગમાં પણ આપણી સનાતન સંસ્કૃતિને જીવંત રાખવાનું કાર્ય કરી રહી છે.કથાના છઠ્ઠા દિવસે જ્યારે વ્યાસપીઠ પરથી ભગવાન શ્રીકૃષ્ણ અને દેવી રુક્ષ્મણીના દિવ્ય વિવાહનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો, ત્યારે શ્રોતાઓ ભાવવિભોર બની ગયા હતા. શાસ્ત્રોક્ત રીતે આ પ્રસંગનું વિશેષ મહત્વ છે; રુક્ષ્મણીજી એટલે કે 'લક્ષ્મી' અને શ્રીકૃષ્ણ એટલે કે 'નારાયણ'. આ વિવાહ એ જીવાત્માનું પરમાત્મા સાથેના મિલનનું પ્રતીક માનવામાં આવે છે. કથાકાર દ્વારા જ્યારે રુક્ષ્મણીજીના પત્ર લેખન અને ભગવાન દ્વારા તેમના ઉદ્ધારની કથા રજૂ કરવામાં આવી ત્યારે સમગ્ર મેઘપર ગામ જાણે ગોકુળ અને દ્વારકા નગરીમાં ફેરવાઈ ગયું હોય તેવો ભાસ થતો હતો.કથા મંડપમાં ભગવાનની જાનના આગમન સમયે વાજતે-ગાજતે સામૈયા કરવામાં આવ્યા હતા. ભક્તોએ મંગળ ગીતો અને હરિનામના નાદ સાથે ભગવાનના વિવાહ ઉત્સવને વધાવી લીધો હતો. દૂર-દૂરથી આવેલા ભક્તોએ પ્રસાદ અને દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ આયોજન દ્વારા રાઠોડ પરિવારે સાબિત કર્યું છે કે જ્યાં શ્રદ્ધા અને સંપ હોય ત્યાં ભક્તિનો આવો ભવ્ય મહેલ ચણી શકાય છે. આગામી દિવસોમાં કથાની પૂર્ણાહુતિ થશે, ત્યારે આ સાત દિવસનો સત્સંગ સૌના જીવનમાં શાંતિ, સુખ અને સમૃદ્ધિ લાવશે તેવી મંગલ કામના કરવામાં આવી છે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 5 | 4 | 9 |
| 3 | | | | | 4 | | 2 | 6 |
| | | | | | 7 | 3 | | |
| | 2 | 3 | | | 9 | | | 8 |
| 1 | | | | | | | | 2 |
| 5 | | | 4 | | | 9 | 1 | |
| | | 9 | 3 | | | | | |
| 2 | 3 | | 9 | | | | | 4 |
| 7 | 4 | 6 | | | 2 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 |
| 9 | 2 | 5 | 7 | 1 | 4 | 8 | 3 | 6 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 9 | 2 | 7 |
| 2 | 8 | 7 | 4 | 6 | 3 | 1 | 5 | 9 |
| 1 | 5 | 4 | 9 | 7 | 2 | 3 | 6 | 8 |
| 6 | 9 | 3 | 5 | 8 | 1 | 7 | 4 | 2 |
| 5 | 1 | 9 | 2 | 4 | 7 | 6 | 8 | 3 |
| 4 | 7 | 8 | 3 | 5 | 6 | 2 | 9 | 1 |
| 3 | 6 | 2 | 1 | 9 | 8 | 4 | 7 | 5 |

## અવસાન નોંધ

૧૬-૪-૨૬

**રાપર** : મૂળ ચિત્રોડના શ્રીમાળી સોની પાટડિયા કાંતાબેન (ઉ.વ. ૮૫) તે સુંદરજી લક્ષ્મીચંદના પુત્રવધૂ, સ્વ. શિવલાલના પત્ની, ધીરજલાલ, ગંગાબેન, દમયંતીબેન, સ્વ. અનસોયાબેન, દીપિકાબેન, હંસાબેન, રસીલાબેનના માતા, મીનાક્ષીબેન ધીરજલાલ, રણછોડભાઈ નરભેરામભાઈ (થોરિયારી), જગદીશભાઈ જોઈતારામ (અંજાર), કનૈયાલાલ બેચરભાઈ (આદિપુર), લાલજીભાઈ ચુનીલાલ (માધાપર), મહેશભાઈ વિશનજીભાઈ (સામખિયાળી), પ્રદીપભાઈ બાબુલાલ (માધાપર)ના સાસુ, પૂજા, વિજય, ભૂમિના દાદી, મહેન્દ્ર, ઘનશ્યામ, પ્રીતિ, દીપક, ભાવેશ, ચેતના, મહેશ, આશિષ, સંગીતા, નીલમ, અંજુ, મીનલ , મયૂર, અક્ષય, હિરેન, ખુશી, જીનલ, ધાર્મિક, આસ્થાના નાની, ચાંપાનેરીયા રવજીભાઈ માનસંગભાઈ (શિકરા)ના પુત્રી, સ્વ. કાંતિલાલ, વેલજીભાઈ, દિનેશભાઈ, હીરુબેન ગૌરીશંકર (ગાગોદર), હેમલતાબેન વર્ધિલાલ (ચોબારી)ના બહેન, ગં.સ્વ. ગૌરીબેન ભગવાનજી સદાણી (માધાપર), ગં.સ્વ. અમૃતબેન કાંતિલાલ ચાંપાનેરીયા (વોંધ), સ્વ. માધવજીભાઈ, ગંગારામભાઈ, ચુનીલાલભાઈના ભાભી, સ્વ. જયાબેન મોહનલાલના દેરાણી, સ્વ. હેમકુવરબેન સ્વ. કાન્તાબેન, ઈચ્છાગૌરીબેનના જેઠાણી, સ્વ. મોહનભાઈના નાના ભાઈના પત્ની, અમૃતભાઈ, ભાઈલાલભાઈ, કિશોરભાઈ, અશોકભાઈ, સ્વ. વિનોદભાઈ, રમેશભાઈ, સ્વ. સંજયભાઈ, કમલેશભાઈ, રાજુભાઈ, કીર્તિભાઈ, હિતેષ ગંગારામ, હિતેષ ચુનીલાલના કાકી તા. ૧૩-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૪-૨૦૨૬ના ગુરુવારે ૪થી ૫ દરિયાસ્થાન, રાપર ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**માનકૂવા (તા. ભુજ)** : ઔદીચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ ત્રિવેણીબેન પ્રભુલાલ વ્યાસ (ઉ.વ. ૮૪) તે સ્વ. પ્રભુલાલ નરશી ઈશ્વર વ્યાસના પત્ની, અરૂણાબેન (અંજાર), હર્ષદભાઈ (બટુક), પ્રજ્ઞાબેન (ભુજ), રાજેશભાઈ, ભાવનાબેન (મુંદરા), ચેતનભાઈના માતા, જયસુખભાઈ, નવીનભાઈ, સ્વ. સુરેન્દ્રભાઈ, રમેશભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, રસીલાબેન (અંજાર), દમયંતીબેન (મિરજાપર), નિર્મળાબેન (અંજાર), રમીલાબેન (અંજાર), મુક્તાબેન (કુકમા), પ્રતિમાબેન (અંજાર), હસ્તાબેન (ગઢશીશા), સ્વ. કમળાબેન, નિરૂપાબેન (મુંબઈ)ના કાકી, નીતાબેન અને અનિલના મોટાબા, સ્વ. અશોકકુમાર વ્યાસ (અંજાર), શૈલેષભાઈ ત્રિવેદી (ભુજ), હિરેનકુમાર રાવલ (મુંદરા), હર્ષાબેન, મનીષાબેન, દીપિકાબેનના સાસુ, ભૂમિબેન (ભુજ), રીતુબેન (ભુજ), નીશી, યશ, પ્રિશાના દાદી, નાર્ગી (ભુજ), વિવેક (અંજાર), દિવ્યા (ભુજ), હર્ષના નાની, સ્વ. અમૃતલાલ ત્રિભોવન રાવલ (મોટી ચિરઈ)ના પુત્રી, સ્વ. મગનભાઈ (અંજાર), સ્વ. પ્રવીણચંદ્ર (અંજાર), વસંતભાઈ (અંજાર), હરિપ્રસાદભાઈ (અંજાર), સ્વ. રુક્ષ્મણીબેન (અંજાર), સ્વ. પ્રભાબેન (અંજાર)ના બહેન, સ્વ. ભાનુશંકર ભટ્ટ (માધાપર)ના મામી તા. ૧૪-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૪-૨૦૨૬ના સાંજે ૫થી ૬ લક્ષ્મીનારાયણ સમાજવાડી, જૂનાવાસ, માનકૂવા ખાતે.

**ભુજ** : મૂળ વરલીના કુસુમબા (ઉ.વ. ૭૫) તે ભરતસિંહ રવુભા જાડેજા (એસટી રિટાયર્ડ)ના પત્ની, પરાક્રમસિંહ, રામદેવસિંહના માતા, સ્વ. હરિસંગજી, શિવભદ્રસિંહ, ચંદ્રસિંહ, કુલદીપસિંહ, હિતેન્દ્રસિંહના ભાભી, દેવદીપસિંહના દાદી તા. ૧૨-૪ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૧૬-૪ના સાંજે ૫થી ૬ રાજપૂત સમાજવાડી, રઘુવંશી નગર, ભુજ ખાતે.

**કુકમા (તા. ભુજ)** : શ્રીમાળી સોની ગં.સ્વ. વિજયાબેન હરજીવનભાઈ કોંઢિયા (ઉ.વ. ૭૫) તે સ્વ. કોંઢિયા હરજીવન હાથીરામના પત્ની, સ્વ. પ્રભાબેન ગોરધનભાઈ પાટડિયા (ભચાઉ)ના પુત્રી, માલતીબેન (કુકમા), વિજયભાઈ, દક્ષાબેન (ભુજ), સ્વ. જયેશભાઈના માતા, અલ્પેશકુમાર પાટડિયા, અશોકકુમાર પાટડિયા, નિશાબેન, તૃપ્તિબેનના સાસુ, સ્વ. લીલાવંતીબેન હીરાલાલ કોંઢિયા, સ્વ. ઈન્દિરોબેન અમૃતલાલ કોંઢિયાના દેરાણી, સ્વ. રમણીકલાલ, સ્વ. ગુણવંતીબેન છગનલાલ ચાંપાનેરિયાના ભાભી, જીલ, હર્ષલ, ધ્રુવ, વિહારના દાદી, નિકુંજકુમાર તથા સાક્ષીબેનના દાદીસાસુ, પૂજા, બંસરી, મેહુલ, મિહિર, અંકિત, કેવલના નાની, રોનકકુમારના નાનીસાસુ, સ્વ. કનૈયાલાલ, દિનેશભાઈ, મનસુખલાલ, સ્વ. રમેશભાઈ, અશ્વિનભાઈના કાકી, સ્વ. પ્રવીણભાઈ, મહેશભાઈ, સ્વ. વિનોદભાઈ, કાન્તાબેન, ત્રવેણીબેન, ધનલક્ષ્મીબેન, પ્રફુલાબેન, હીરાબેનના બહેન, વેદાર્થના પરનાની તા. ૧૩-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૪ના સાંજે ૫થી ૬ આહીર સમાજવાડી, કુકમા ખાતે.

**માંડવી** : ભગવતીબેન ઠક્કર (ઉ.વ. ૭૪) તે હરગોવિંદ ઠક્કરના પત્ની, સ્વ. રતનબેન રતનશી લાલજીના પુત્રવધૂ, સ્વ. મૂરજી તુલસીદાસ (વાપી)ના પુત્રી, ભરત, મનીષા, નિમિષાના માતા, સ્વ. સાવિત્રીબેન રતનશી (સુરત), પુષ્પા હરદાસ આડઠક્કર (ભુજ), સ્વ. બબીબેન માવજી પલણ (નખત્રાણા)ના ભાભી, દમયંતી (બેબી) કિશોર આડઠક્કર (ગાંધીધામ)ના મામી, સ્વ. મંજુલા મોતીલાલ, માધુરી હરિલાલ (ભુજ)ના દેરાણી, સ્વ. અનસૂયા વેરશી જોબનપુત્રા (આદિપુર), ગીતા બંસી શેઠિયા (ભુજ), હેમલતા પંકજ અઢિયા (દાણુ), સ્વ. ચંદ્રસેન મૂરજી કતિરા (વાપી)ના બહેન તા. ૧૨-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૪ના સાંજે ૫થી ૬ લોહાણા મહાજનવાડી, તળાવ ગેટ પાસે, માંડવી ખાતે.

**શેરડી (તા. માંડવી)** : મૂળ શિરવાના સેવક બ્રાહ્મણ દેવધર પ્રમોદિનીબેન (ઉ.વ. ૭૫) તે દેવધર હિમ્મતલાલ કેશવજીના પત્ની, ભટ્ટ મણિબેન પોપટલાલ (નાગલપર મોટી)ના પુત્રી, વિજય, ઉમેશ, અજયના માતા, શાન્તિબેન, પ્રજ્ઞાના સાસુ, સલોની, યુગ, રિદ્ધિ, વૃંદાના દાદી, ગં.સ્વ. હેમલતાબેન ઈશ્વરલાલના દેરાણી તા. ૧૩-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પાર્થનાસભા તા. ૧૬-૪ના ગુરૂવારે સાંજે ૪થી ૫ જૈન મહાજન વાડી, શેરડી ખાતે.

**રાજપર (તા. માંડવી)** : કેશવલાલ સામજી સેંઘાણી (ઉ.વ. ૬૩) તે ગં.સ્વ. હીરબાઈ સામજી સોમજી સેંઘાણીના પુત્ર, સ્વ. રામબાઈ સોમજી સેંઘાણીના પૌત્ર, સ્વ. લક્ષ્મીબેન શિવજી પોકાર (વડોદરા)ના ભત્રીજા, મંજુલાબેનના પતિ, સ્વ. પચાણ દેવશી ભીમાણી (રત્નાપર)ના જમાઈ, દીપ્તિ, પુનિત, મોનિકા, સોનેશના પિતા, રિચાબેન (માનકૂવા), હિતેષ લિંબાણી (માનકૂવા), રાજેશ વેલાણી (લુડવા)ના સસરા, મોક્ષના દાદા, પ્રેમજીભાઈ (બાબુભાઈ), પરસોત્તમભાઈ (પ્રમુખ રાજપર કડવા પાટીદાર સમાજ), મોહનભાઈ, સ્વ. મનસુખભાઈ, શારદાબેન રવજી ઠાકરાણી (જનકપુર), જશુબેન હીરાલાલ પટેલ (લંડન)ના ભાઈ, કમળાબેન, શાંતાબેનના દિયર, ગૌરીબેન, અમૃતબેનના જેઠ, સ્વ. ગીતાબેન, ભાવેશ, રોશની, રંજન, રિંકુ, હિતેષ, અલ્પા, સુમિત, હાર્દિક, ઉજાશ, જિગરના કાકા, સુનિતાબેન, જિજ્ઞાબેન, હેત્વીબેનના કાકાજી તા. ૧૪-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૪-૨૦૨૬ના સવારે ૮.૩૦થી ૧૧, બપોરે ૩.૩૦થી ૬ પાટીદાર સમાજવાડી, રાજપર ખાતે તથા તા. ૧૭-૪-૨૦૨૬ના શુક્રવારે બપોરે ૩.૩૦થી ૫ લક્ષ્મીનારાયણ ઉમાધામ, કાસારવડવલી, ઘોડબંદર રોડ, થાણા (વે.) ખાતે.

**નાગલપુર (તા. માંડવી)** : રાયમા રહીમાબાઈ (ઉ.વ. ૭૮) તે મ. ઈબ્રાહીમ ગુલમામદના પત્ની,મ. રાયમા ભચુ ગુલમામદ (ટપાલી) (ગઢશીશા)ના પુત્રી, મહેમૂદ, શૌકત, સલીમના માતા, રાયમા રઉફ ફકીરમામદ (ગઢશીશા), રાયમા શૌકત ઉમર (મોટા કપાયા)ના સાસુ, સકીલ, ઈર્શાદ અને શાહિમના દાદી, હાજી ફકીરમામદ ભચુ, આમદ ભચુ (ટપાલી) (ગઢશીશા)ના બહેન, રમજુ, આમદ, મામદ, અબ્દુલ, કાસમ અને જકરીયાના ભાભી તા. ૧૪-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયઝ-જિયારત તા. ૧૭-૪-૨૦૨૬ના શુક્રવારે સવારે ૧૦થી ૧૧ મસ્જિદ જમાતખાના, નાગલપુર ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.
**અવસાન નોંધ** માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.
સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ

## મુંબઈની અવસાન નોંધ

બાડા : માતુશ્રી ભાનુમતી રામજી હરીયા (ઉં.વ. ૮૭) તા. ૧૦-૪-૨૬ના અવસાન પામેલ છે. હાંસબાઈમા વેરશીના પુત્રવધૂ. રામજીના પત્ની. મનોજ, અનિલ, જ્યોતિ, ઉર્મિલાના માતા. બાડા જેઠીબાઈ આણંદ અરજણ ગડાના પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. નિ. મનોજ હરીયા, ૩૭૦૪, ટાવર નં. ૮, રૂનવાલ ગ્રીન્સ, મુલુંડ ગોરેગાંવ લીંક રોડ, મુલુંડ (વેસ્ટ).

સાડાઉ : તારાબેન વસંતલાલ ગાલા (ઉં.વ. ૮૦) તા. ૧૩-૪ના અવસાન પામેલ છે. હીરબાઈ/ નાનબાઈ ભવાનજીના પુત્રવધૂ. વસંતલાલના પત્ની. વર્ષા, પ્રજ્ઞા, દિનેશ, સુનીલના માતા. બારોઈ કુંવરબેન/લક્ષ્મીબેન મેઘજી મોણશી નંદુના પુત્રી. શાંતિલાલ, રતન, રેખાના બહેન. પ્રા. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સંઘ સં. કરસન લધુ હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦. નિ. દિનેશ ગાલા, બી/૧૪, આનંદ મંગલ સોસાયટી, શિવ મંદિર રોડ, ડોંબીવલી (ઇ).

કચ્છી સારસ્વત બ્રાહ્મણ : રાડીયાનું ધાતળ, જોશી કાન્તિલાલ કાનજી (ઉં.વ. ૮૨) સ્વ. કાનજી મેઘજી તથા સ્વ. કલાવતીના પુત્ર. સ્વ. વાઘજી ધતુરિયા (દેશલપર-ગુંથલી)ના દોહિત્ર. છગનલાલ જોશી, સ્વ. જવાહર જોશી, સ્વ. વિમળા સુરેન્દ્ર બોડા, અરુણા રજનીકાંત હરિયા માણેક, પ્રફુલ્લ મોહનલાલ, રજની જોગીન્દર ધરાદેવના ભાઈ. સ્વ. હંસરાજ લક્ષ્મીદાસ સાહેલ (ફરાદીવાળા)ના જયેષ્ઠ જમાઈ. મિનાક્ષીબેન જોશીના પતિ. પંકજ તથા હેમંતના પિતા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬/૪/૨૬ સાંજે ૫ થી ૭. સ્થળ: સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

# પૂર્વ કચ્છમાં પીએનજી સુવિધા ઉભી કરવા ગાંધીધામ ચેમ્બરની મુખ્યમંત્રીને રજૂઆત

ગાંધીધામ -કચ્છઉદય : ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી પૂર્વ કચ્છના ગાંધીધામ-આદિપુર સંકુલમાં પીએનજી પાઈપલાઈન સુવિધા તાત્કાલિક અમલમાં લાવવા માંગ ઉઠાવવામાં આવી છે. ચેમ્બરે પોતાના પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા નેટવર્કના ઝડપી વિસ્તરણ માટે લેવાયેલા તાજેતરના નિર્ણયો દેશના નાગરિકોને સસ્તી, સુરક્ષિત અને સતત ગેસ સપ્લાય પૂરી પાડવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે. આવા સમયમાં ઊર્જા સુરક્ષા, ખર્ચ નિયંત્રણ અને પર્યાવરણ સંરક્ષણ જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ગાંધીધામ જેવા વ્યૂહાત્મક અને ઉદ્યોગપ્રધાન વિસ્તારમાં પીએનજી સુવિધા ઉપલબ્ધ થવી અતિ આવશ્યક બની ગઈ છે.

ચેમ્બરના પ્રમુખ તેજા કાનગડે જણાવ્યું હતું કે, હાલના વૈશ્વિક પરિસ્થિતિ અને યુદ્ધના સંજોગોમાં સરકાર દ્વારા ગ્રાહકોને પીએનજી તરફ પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે, પરંતુ ગાંધીધામ સંકુલમાં આ સુવિધા ઉપલબ્ધ નથી. ગાંધીધામ - આદિપુર વિસ્તાર દેશના અગ્રણી પોર્ટ આધારિત ઉદ્યોગો, આયાત - નિકાસ પ્રવૃત્તિઓ અને લોજિસ્ટિક્સ નેટવર્કનું મુખ્ય કેન્દ્ર છે, છતાં અહીં પીએનજી જેવી આધુનિક સુવિધાનો અભાવ વિકાસ માટે અવરોધરૂપ બની રહ્યો છે. વધુમાં ઉમેર્યું હતું કે, પીએનજી સુવિધા શરૂ થતાં, સ્થાનિક નાગરિકો માટે જીવન સુવિધાઓમાં સુધારો થશે તેમજ ઉદ્યોગોને ખર્ચમાં રાહત મળશે, જે વિસ્તારના સવ વિકાસને પ્રોત્સાહન આપશે.માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, ગાંધીધામ સંકુલ માટે અપાવેલી પીએનજી મંજૂરીને પુનઃસ્થાપિત કરી તાત્કાલિક અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા સંબંધિત વિભાગોને સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવે તે અત્યંત જરૂરી છે. ગાંધીધામ દેશના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપે છે અને આવા વિસ્તારમાં પીએનજીની સુવિધાનો અભાવ સ્થાનિક ઉદ્યોગો તથા નાગરિકોને અનાવશ્યક મુશ્કેલીઓમાં મૂકે છે. તેમણે રાજ્ય સરકારને આ મુદ્દાને પ્રાથમિકતા આપી દઢ અને ત્વરિત નિર્ણય લેવા અપીલ કરી હતી. ચેમ્બરે આશા વ્યક્ત કરી છે કે, મુખ્યમંત્રીના દુરંદેશી નેતૃત્વ હેઠળ આ મહત્વપૂર્ણ પ્રસ્તાવને યોગ્ય પ્રાથમિકતા અપાઈ ગાંધીધામ - આદિપુર સંકુલને દેશના વિકાસના મુખ્ય પ્રવાહ સાથે વધુ મજબૂતીથી જોડવામાં આવશે. તેવી માહિતી અખબારી યાદીમાં જણાવ્યું છે.

# મુન્દ્રા ખાતે જય ભીમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતિની ઉજવણી






મુન્દ્રા : બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડોક્ટર બાબાસાહેબ આંબેડકરની ૧૩૫ મી જન્મ જયંતી નિમિત્તે આજે મુન્દ્રા ખાતે જય ભીમ ચેરિટેબલ ટ્રસ્ટ મુન્દ્રા દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી બાબા સાહેબની ૧૩૫મી જન્મ જયંતીની ઉજવણી મુન્દ્રા શહેર મધ્યે જય ભીમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી આજે સવારે જય ભીમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમાને હારા રોપણ કરવામા આવ્યું હતુ ત્યારબાદ દરજી સમાજ વાડી ખાતે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી જેમાં નિવૃત કર્મચારીઓનું સન્માન,નવી નિમણૂક પામેલ કર્મચારીઓનું સન્માન,તેજસ્વી તારલાઓનું સન્માન નિવૃત સેના કર્મચારીઓ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમન અને બાળકો દ્વારા ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ની વિચારધારા ને લઇ પ્રવચન અને નાટક પ્રસારિત કરવામાં આવ્યા હતા ત્યારબાદ સમૂહ પ્રસાદ (ભોજન) નું આયોજન કરવામાં આવેલ હતું આમંત્રણને સન્માનથી સ્વીકારી આવેલ મહેમાનોમાં અધ્યક્ષ સ્થાને ડૉ એલ. વી ફફલ સાહેબ,કિશોરભાઈ પીગોલ,ડૉ.નરેશ કેન્યા સાહેબ, ડૉ.બીનાબેન કેન્યા,લક્ષ્મીબેન નંજાર (સરપંચશ્રી ભુજપુર ગ્રામ પંચાયત),દિનેશભાઈ સોલંકી

હરિભાઈ ગોહિલ, ડાયાભાઈ ગોહિલ, સંત રોહીદાસ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ખેમચંદભાઈ પરમાર તેમજ અનિલભાઈ સોલંકી ડૉ મોહનભાઈ પરમાર, રાજેશભાઈ સીજુ (નિર્મલ ગેસ એજન્સી), અલ્પેશભાઈ સેનમાં સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. હાજર રહેલ તમામ મહેમાનો ભાઈઓ અને બહેનોનું જય ભીમ ચેરિટેબલ ટ્રસ્ટ ના તમામ સદસ્યો એ આભાર વ્યક્ત કર્યો હતો આ કાર્યક્રમ ને સફળ બનાવવા પ્રમુખ નિકુંજભાઈ સોલંકી, ઉપ પ્રમુખ યોગેશભાઈ મકવાણા, મંત્રી જગદીશભાઈ પરમાર, ખજાનચી દેવશીભાઈ વિકમા તથા જયભીમ ચેરિટેબલ ટ્રસ્ટ પરિવારે મહત્વ નું યોગદાન આપ્યું હતું.

## કચ્છ કચ્છનોંધ

**અંધજન મંડળ કેસીઆરસી**

● અંધજન મંડળ કેસીઆરસી ભુજ ખાતે ફિઝીયોથેરાપી સેન્ટરમાં પેરાલીસીસ, ઘૂંટણનો દુઃખાવો (વા), કપાયેલા અંગ માટે, પીઠ અને ગળાના દર્દ, સાંધા મરડાઈ જવા, બાળકોનો મોડો વિકાસ, બાળ લકવા, એડીનો દર્દ, સાંધાની તકલીફ, મોઢાનો વા, પોલિયો, ખભ્ભાનો દર્દ તથા સ્નાયુ જકડાઈ જવા, રમત-ગમતના લીધે થતી ઈજાઓ, લકવો, કરોડરજ્જુની ઈજા અને હાથ-પગનો લકવો, મગજનો લકવો તેવા લક્ષણોમાંથી કોઈપણ તકલીફ તમને જાણતી હોય તો સંસ્થા ખાતે અનુભવી ફિઝીયોથેરાપીસ્ટ દ્વારા સોમથી શનિ સવારે ૯ થી ૫ સુધી રાહત દરે અને જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક સેવા આપવામાં આવશે, જેના માટે રૂબરૂ દર્દીઓને આવવાનું રહેશે. વધુ માહિતી માટે સંસ્થાનો સંપર્ક કરવો.

**વૃક્ષ મિત્ર સંગીત સભા**

● વૃક્ષ મિત્ર સંગીત સભા તા.૧૮/૪ને શનિવારના સાંજે ૬ થી ૧૦ તથા વૃક્ષ મિત્ર નિઃશુલ્ક સંગીત ક્લાસ તા.૧૯/૪ને રવિવારના સાંજે ૬ થી ૯ ડો. શ્યામા પ્રસાદ મુખર્જી વૃક્ષ મિત્ર ગાર્ડન, પ્રમુખ સ્વામી મહારાજ સર્કલ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય પાસે, મુન્દ્રા રીલોકેશન, ભુજ ખાતે.

**કાવ્ય લેખન સ્પર્ધા**

● કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા કાવ્ય લેખન સ્પર્ધા યોજવામાં આવશે, જેમાં ભાગ લેવા ૧૪ વર્ષ સુધી ઉમરના બાળકોએ તા.૧૮/૪ સુધીમાં સંસ્કૃત પાઠ શાળા (છઠ્ઠી બારી) ખાતે આશાબેન પાસે નામ નોંધાવવા અને વધુ માહિતી માટે દિલીપ આચાર્યનો સંપર્ક કરવો.

## રત્નકણિકા

**જેના પાસે આશા છે તેની પાસે બધું જ છે.- ઇમર્સન**

## પંચાગ

કનકચંદ્ર સી. વ્યાસ

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. આદર-૧૩૯૫, મુ. શવ્વાલ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, ચૈત્ર વદ-૧૪ પંચક તા.૧૬ એપ્રિલ ૨૦૨૬, ગુરૂવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૨૭, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, ઐન્દ્ર યોગ, શકુની કરણ, સૂ.ઉ.૬:૩૧, સૂ.અ.૭:૧૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

કનકચંદ્ર સી. વ્યાસ

**મેષ** : જાહેર સાહસના કાર્યોમાં સાવધ રહેવું. મૂંઝવણ-ચિંતામાં વધારો થાય.

**વૃષભ** : વિરહની વેદના સહેવી પડે. ધંધામાં અવરોધ આવે.

**મિથુન** : સંપત્તિને લગતા કાર્યોમાં સાવચેત રહેવું. વ્યર્થ ક્રોધ આવે.

**કર્ક** : આકસ્મીક ધન લાભ થાય. અટકેલા કાર્યો આગળ ધપે.

**સિંહ** : શેર-સટ્ટાથી દૂર રહેવું. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.

**કન્યા** : જૂની ઓળખાણ લાભદાયી નીવડે. આર્થિક સમસ્યા હળવી બને.

**તુલા** : સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર થાય.

**વૃશ્ચિક** : અંગત મૂંઝવણ દૂર થાય. નોકરી-ધંધામાં લાભ થાય.

**ધન** : અગત્યના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. ગૃહવિવાદ.

**મકર** : માનસિક ઉચ્ચાટ અનુભવાય. આર્થિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.


**કુંભ** : મહત્વના કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ મળે. અણધાર્યો લાભ મળે.

**મીન** : મહેનતનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. રોકાયેલા નાણાં છૂટા થાય.

# દેવપુરનગરે ગોડીજી પાર્શ્વનાથ દાદાના દરબારે

# ત્રિહાન્હિકા પ્રભુ ભક્તિ મહોત્સવનું કરાયેલ આયોજન

**પૂજય સાધ્વીશ્રી જયપદમગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ગોડીજી પાર્શ્વનાથ દાદાની ૧૪૪મી ધ્વજારોહણના અવસરે ઉજવાનારા ત્રિહાન્હિકા મહોત્સવના આયોજનને અનુલક્ષી કરાયેલ તૈયારીઓ : મહોત્સવને માણવા મુંબઈથી સંઘ સ્વરૂપે છસો જેટલા ભાવિકોનું દાતા પરિવારો સાથે થનારૂં આગમનઃ દેવપુર જૈન મહાજન દ્વારા દાતા પરિવારો - નિયાણી બહેનોનું કરાશે ભવ્ય સામૈયું : મહોત્સવ દરમ્યાન વિધિકાર ડો. હર્ષ દેઢિયા દ્વારા વિવિધ પૂજનો ભણાવાશે**



ગઢશીશા-કચ્છઉદય : દૈદિપ્યમાન દેવપુર(ગઢ) નગરે શ્રી ગોડીજીપાર્શ્વનાથ દાદાના દરબારે શ્રી કચ્છ દેવપુર જૈન મહાજન દ્વારા ગોડીજી પાર્શ્વનાથ દાદાના જિનાલયની ૧૪૪મી ધ્વજારોહણના અવસરે દાતાઓના સહયોગથી ત્રિહાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન વિ.સં. ૨૦૮૨ વૈશાખ સુદ-૪ તા. ૨૦-૪-૨૦૨૬ થી વૈશાખ સુદ છઠ્ઠ દરમ્યાન કરવામાં આવેલ છે.

ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ. ગુણસાગરસુરીજી તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. ગુણોદય સાગરસુરીજી, જયોતિષાચાર્ય પ.પૂ. વીરભદ્ર સાગરસુરીજી મ.સા.ની દિવ્ય કૃપા અને વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ. કલાપ્રભસાગર સુરીજી ની આજ્ઞાઆશિષે અને અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ. કવિન્દ્રસાગર સુરીજી મ.સા. તથા પ્રરામર સમિતિ આગમ અભ્યાસી પ.પૂ. આ.ભ. શ્રી મહોદય સાગર સુરીજીના શુભાશિષે તેમજ પ.પૂ.સાધ્વી ભગવંત શ્રી જયપદમ ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા -૪ની પાવન નિશ્રામાં મહોત્સવની ઉજવણી કરાશે. ગામની નિયાણી બહેનોને જાહેર આમંત્રણ પાઠવાયું છે.

મહોત્સવમાં પાંચ દિવસની સાર્ધમિક ભક્તિના દાતા માતૃશ્રી નેણબાઈ શામજી ઉમરશી હરિયા પરિવાર હસ્તે મંજુલાબેન દિપક શામજી હરિયા તેમજ રંગમંડપ તેમજ ચોકીયારાના દાતા માતૃશ્રી સોનબાઈ કાનજી ગોસર પરિવાર હસ્તે ગુણવતી ઉમરશી કાનજી મોતા તેમજ દેવદેવીઓની ધ્વજાના લાભાર્થી માતૃશ્રી રતનબેન ધનજી ટોકરશી ગાલા (રતન ધન પરિવાર) રહ્યો છે. આયોજનને સફળ બનાવવા દેવપુર જૈન મહાજનના પ્રમુખ નવીન કુંવરજી ગાલા, ટ્રસ્ટી રામજીભાઈ હીરજી મોતા, ઉપપ્રમુખ વસંત ગાંગજી ગાલા, માનદમંત્રી વિશાલ મોતા, સહમંત્રી બિપીન દેવચંદ ગાલા, ટ્રસ્ટી સંજય નિસર, અશ્વિન વીરા તેમજ મુંબઈ મહાજનના પ્રમખ ભાઈલાલ વોરા, કચ્છ દેવપુર જૈન વર્ધમાન આયંબિલ ખાતાના પ્રમુખ જયંતીલાલ રતન વિસરીયા, ટ્રસ્ટી વિજય મારૂ, દેવચંદ ગાંગજી ગાલા, સલાહકાર સમિતિના મણીલાલ રવજી ગાલા, સુંદરજી ગાંગજી હરિયા સહિત સમસ્ત કારોબારી જહેમત ઉઠાવી રહી છે.

# જખૌ સેક્ટર મરીન કમાન્ડો દ્વારા પેટ્રોલિંગ કરાયું





ભુજ - કચ્છ ઉદય : જખૌ સેક્ટર મરીન ટાસ્ક ફોર્સના ડીવાયએસપી આર.એમ. ચૌધરીના માર્ગદર્શનમાં ટીમ દ્વારા પીંગલેશ્વર, નાયરો, કમંડ, કડુલી, સુથરી સહિતના દરિયાઈ વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

માછીમારોને શંકાસ્પદ વ્યક્તિઓ, બોટ વગેરે મળી આવે તો જાણ કરવા સૂચના અપાઈ હતી. તેમજ તુટેલા જહાજ, મિસાઈલ કે બોટના ટુકડા તણાઈને આવે તો જાગૃત રહેવા સૂચના આપવામાં આવી હતી.

## ભચાઉ વિસ્તારમાં સગીરા સાથે દુષ્કર્મ ગુજારાયું

ભચાઉ - કચ્છ ઉદય : અહીં શહેરી વિસ્તારમાં સગીરા સાથે દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. ભોગ બનનારના પિતાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આરોપી લાલો ઉર્ફે પપ્પુ રવા કોલીએ ૧૪ વર્ષિય સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી તેની સાથે બળજબરી પૂર્વક શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. આ દરમિયાન સંબંધી જોઈ જતા આરોપીને પકડવા જતા આરોપી ઝપાઝપી કરીને ભાગી ગયો હતો. આ મામલે ભચાઉ પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## અંજાર-આદિપુરમાં આંકડાના ખેલી પકડાયા

ભુજ - કચ્છ ઉદય : અંજારમાં સવાસર નાકા રિક્ષા સ્ટેન્ડ પાસે આંકડાનો ખેલી પકડાયો હતો. પોલીસે મેહૂલ ઠાકરશીભાઈ ઠક્કરની અટક કરી રોકડા ૧૦,૬૩૦ કબજે કર્યા હતા. તે વરલી મટકાનો આંક ફરકનો જુગાર રમતો હતો. આ સિવાય આદિપુરમાં મુન્દ્રા સર્કલ પાસે વરલી મટકાનો આંક રમતા ગુરૂમુખદાસ વિરૂમલદાસ સતવાણીને પકડી રોકડા અને મોબાઈલ મળી ૧૫,૩૭૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આરોપી સામે અત્યાર સુધી ૧૫ જેટલા ગુના નોંધાયેલા છે.

# રોટલા બનાવવાની ના પાડતા નખત્રાણાના મોટા ધાવડામાં પતિએ પત્નીને પતાવી દીધી

**નજીવી બાબતે ઉશ્કેરાયેલા પતિએ ધોકા અને ચાકુના ઘા ઝીંકી ૩૫ વર્ષીય પત્નીની હત્યા કરી : પોલીસે આરોપીની અટકાયત કરી**

નખત્રાણા - કચ્છ ઉદય : તાલુકાના મોટા ધાવડા ગામની વાડી વિસ્તારમાં ગત રાત્રિએ હૃદયદ્રાવક ઘટના બની હતી. જેમાં માત્ર રોટલા બનાવવાની ના પાડવા જેવી સામાન્ય બાબતે થયેલા ઝઘડામાં પતિએ પોતાની જ પત્નીની કરપીણ હત્યા કરતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પોલીસે હત્યારા પતિની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, મોટા ધાવડા ગામની વાડીમાં રહેતા જેન્તીલાલ મીઠુ કોલીએ ગત ૧૪ એપ્રિલની રાત્રે આશરે ૧૦ વાગ્યાના અરસામાં પોતાની ૩૫ વર્ષીય પત્ની નબુબેન કોલીને જમવા માટે રોટલા બનાવવાનું કહ્યું હતું. જોકે, નબુબેને રોટલા બનાવવાની ના પાડતા જેન્તીલાલ એકાએક ઉશ્કેરાઈ ગયો હતો. દંપતી વચ્ચે શરૂ થયેલી બોલાચાલીએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને આવેશમાં આવેલા જેન્તીલાલે પત્ની પર ધોકા અને ચાકુ વડે હુમલો કરી તેને ગંભીર ઈજાઓ પહોંચાડી મોતને ઘાટ ઉતારી દીધી હતી. આ ઘટના અંગે મૃતકના ભાઈ દેવજીભાઈ તમાચીભાઈ કોલીએ નખત્રાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીના જણાવ્યા અનુસાર, તેઓ યક્ષ ગામની વાડીમાં તાર ફેન્સિંગનું કામ કરી રહ્યા હતા ત્યારે તેમની પત્નીએ ફોન દ્વારા બનાવની જાણ કરી હતી. દેવજીભાઈ જ્યારે ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે બહેનનો મૃતદેહ લોહીલુહાણ હાલતમાં પડ્યો હતો અને પોલીસ પણ હાજર હતી. નખત્રાણા પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી પતિ વિથોણના જેન્તીલાલ મીઠુભાઈ કોલી (પગી)ની અટકાયત કરી લીધી છે. આરોપીએ પ્રાથમિક પૂછપરછમાં પત્નીની હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. નખત્રાણા પીઆઈ એ.એમ. પટેલે આગળની તપાસ હાથ ધરી છે.

# ભુજના કોડકી રોડ રહેતો પરિવાર હાજીપીર ગયો અને ઘરમાંથી ૧.૮૬ લાખની ચોરી

**તસ્કરો દાગીનાની સાથે રોકડા રૂ.૫૦ હજાર પણ ઉઠાવી ગયા**

ભુજ - કચ્છ ઉદય : શહેરના કોડકી રોડ પર આવેલ બકાલી કોલોનીમાં રહેતો પરિવાર હાજીપીર દર્શન માટે ગયો હતો ત્યારે તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાને બનાવી ચોરી કરી હતી. ફરિયાદી રહીમાબેન અલાઉદ્દીન સમાના જણાવ્યા પ્રમાણે તસ્કરો દ્વારા તેમના ઘરમાં તાળુ તોડી ગેરકાયદે પ્રવેશ કરી કાનમાં પહેરવાની સોનાની ઈયરીંગ, રીંગ, બુટીયા, સરી, વીટી, ચાંદીની પોંચી, ચાંદીની વીટી, ચાંદીની ચેઈન, બુટીયા તેમજ ૫૦ હજાર રોકડા મળી કુલ ૧.૮૬ લાખની ચોરી કરવામાં આવી હતી. ૧૧ તારીખે સાંજે ચાર વાગ્યાથી ૧૨ તારીખે બપોરે ૩ વાગ્યા દરમિયાન આ બનાવ બન્યો હતો. બનાવ અંગે એ-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**શ્રી લોડાઈ વિભાગ આહિર સમાજ (લોડાઈ વઈ)**

**જનરલ નાત**

જયશ્રી કૃષ્ણ સાથે જણાવવાનું કે, તા.૧૮/૦૪/૨૦૨૬, શનિવારના સવારે ૧૦:૦૦ કલાકે શ્રી લોડાઈ વિભાગ આહિર સમાજ (લોડાઈ વઈ) ની જનરલ મિટિંગ (નાત) આહિર સમાજવાડી, માધાપર મધ્યે રાખેલ છે. જેમાં સર્વે જ્ઞાતિબંધુઓ એ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા વિનંતી.

**એજન્ડા**

- સમાજના અગત્યના નિર્ણય લેવા અંગે
- પ્રમુખ સ્થાનેથી જે રજુ થાય તે

ભુરાભાઈ કે.બતા — પ્રમુખશ્રી
શામજીભાઈ એ.ડાંગર — મંત્રીશ્રી

લોડાઈ વિભાગ આહિર સમાજ

નોંધ : મીટીંગ બાદ ભોજન સાથે લઈશું

**જોઈએ છે**

| પોસ્ટ | લાયકાત | અનુભવ |
|---|---|---|
| સિવિલ ઈજનેર | ડિગ્રી/ડીપ્લોમાં | ૨ થી ૩ વર્ષ |
| ઈલેક્ટ્રિક ઈજનેર | ડિગ્રી/ડીપ્લોમાં | ૨ થી ૩ વર્ષ |
| સેફ્ટી ઈજનેર | ડીપ્લોમાં/આઈટીઆઈ | ૨ થી ૩ વર્ષ |
| સુપરવાઈઝર | ડીપ્લોમાં/સિવિલ કામના અનુભવી | ૩ વર્ષ થી વધુ |
| સ્ટોરકીપર | સિવિલ કામના અનુભવી અને કોમ્પ્યુટરનું જ્ઞાન | ૧ થી ૨ વર્ષ |
| કોમ્પ્યુટર ઓપરેટર | | |

નોંધઃ- અપેક્ષિત પગાર સાથે અરજી કરવી.

**મારૂતિ અભિયાંત્રિકી**
ભાનુશાલી કુમાર છાત્રાલયની પાછળ, વિજયનગર, ભુજ-કચ્છ.
E-mail : marutiabhiyantriki32@gmail.com
M-97268 37287

**PUBLIC NOTICE**

IN THE COURT OF 5th ADD.SENIOR CIVIL JUDGE, GANDHIDHAM

RCS No. 296/2023

State Bank of India ..................... Plaintiffs
V/s.
Sh. Nanji Prabhubhai Chauhan .....................Defendant

To,
Sh. Nanji Prabhubhai Chauhan

**Address**
Juni Sundrapuri Dhobi Ghat
Gandhidham-370201.
Mobile no -9537016309.

Whereas plaintiffs have instituted suit against you for recovery of Rs.1,31,439/- (Rupees One Lakh Thirty One Thousand Four Hundred and Thirty Nine). You are hereby summoned to appear in this Court in person on 20/04/2026 at 10.30 O'clock in morning to answer the claim; and you are directed to produce on that day all the documents upon which you intent to relay in support of your defense.

Take notice that, in default of your appearance on the day before mentioned, the suit will be heard and determined in your absence.

Give under my hand and Signed and Sealed on 16 day of 3, 2026 at Gandhidham- Kachchh

| Prepared By: | Compared By: | By Order |
|---|---|---|
| (D. P Varu) Assistant 5th Add. Senior Civil Court, Gandhidham-Kutch | (J.K Chudasama) Assistant 5th Add. Senior Civil Court, Gandhidham-Kutch | (M.H.GOHIL) Registrar 5th Add. Sr. Civil Judge's Court Gandhidham-Kutch |

**PUBLIC NOTICE**

IN THE COURT OF 5th ADD.SENIOR CIVIL JUDGE, GANDHIDHAM

RCS No. 180/2023

State Bank of India ..................... Plaintiffs
V/s.
Sh.Lalji Bhavan Makwana .....................Defendant

To,
Sh. Lalji Bhavan Makwana

**Address**
Outside Ganga Naka, Bhanji Vas, Near Idgah, Anjar-Kutch.
Pin Code: 370110.
Mobile No. 9825197030.

Whereas plaintiffs have instituted suit against you for recovery of Rs.1,70,461/- (Rupees One Lakh Seventy Thousand Four Hundred and Sixty One). You are hereby summoned to appear in this Court in person on 20/04/2026 at 10.30 O'clock in morning to answer the claim; and you are directed to produce on that day all the documents upon which you intent to relay in support of your defense.

Take notice that, in default of your appearance on the day before mentioned, the suit will be heard and determined in your absence.

Give under my hand and Signed and Sealed on 16 day of 03, 2026 at Gandhidham- Kachchh

| Prepared By: | Compared By: | By Order |
|---|---|---|
| (D. P Varu) Assistant 5th Add. Senior Civil Court, Gandhidham-Kutch | (J.K Chudasama) Assistant 5th Add. Senior Civil Court, Gandhidham-Kutch | (M.H.GOHIL) Registrar 5th Add. Sr. Civil Judge's Court Gandhidham-Kutch |

# મુંદરા તા.પં. ના ઉમેદવારની યાદી

| બેઠક | ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|---|
| ભદ્રેશ્વર | અફસાના ઓસમાણ કુંગડા | ભાજપ |
| | આશીબાઈ અયુબ માંજલિયા | કોંગ્રેસ |
| છસરા | ગોવિંદ રામભાઈ ચોરાડા | આપ |
| | ગાંગાભાઈ રામજીભાઈ ચાવડા | ભાજપ |
| | ભીમા રામજી આહિર | કોંગ્રેસ |
| દેશલપર કંઠી | આશાબેન જયપાલસિંહ જાડેજા | ભાજપ |
| | ઉર્વશીબા હરપાલસિંહ જાડેજા | કોંગ્રેસ |
| | મનિષા લઘુ માતંગ | બસપા |
| ગુંદાલા | અમીના અબ્દુલરજાક કુંભાર | કોંગ્રેસ |
| | જયશ્રીબેન જયેશભાઈ આહિર | ભાજપ |
| | ઝરીનાબેન અનવર લંગા | અપક્ષ |
| લાખાપર | સોનબાઈ રામજી મહેશ્વરી | ભાજપ |
| | રાણભાઈ રામજી મહેશ્વરી | કોંગ્રેસ |
| લુણી | નવિનભાઈ વંકાભાઈ રબારી | ભાજપ |
| | ફરઝાના અલ્તાફ રેલિયા | કોંગ્રેસ |
| | ફૈઝલ શબ્બીરભાઈ ખલીફા | આપ |
| મોટા કાંડાગરા | આશાભાઈ રૂપાભાઈ રબારી | કોંગ્રેસ |
| | હમીરભાઈ પચાણભાઈ રબારી | ભાજપ |
| મોટા કપાયા | મંજુબેન માવજીભાઈ ભીલ | ભાજપ |
| | ગંગાબેન ભરતભાઈ નાયકા | અપક્ષ |
| મોટી ભુજપુર-૧ | કલ્પેશ લઘુ માતંગ | બસપા |
| | દિનેશ લાલજી મહેશ્વરી | કોંગ્રેસ |
| | ધીરજલાલ ડાયાલાલ પાતળિયા | ભાજપ |
| મોટી ભુજપુર-૨ | મેઘરાજ હધુ ગાગિયા | ભાજપ |
| | રાજદે નારાણ સાખરા | કોંગ્રેસ |
| નાના કપાયા-૧ | ધનજી લાલજી સોધમ | કોંગ્રેસ |
| | પરેશ મુળજીભાઈ સોધમ | ભાજપ |
| | ભીમશી કરશન ગઢવી | આપ |
| નાના કપાયા-૨ | ઈસ્માઈલ અલીમામદ તુર્ક | કોંગ્રેસ |
| | સદ્દામહુશેન સતાર તુર્ક | ભાજપ |
| પત્રી | બાબુલાલ ખીમજી પારીયા | આપ |
| | હેમરાજ ઘેલા મહેશ્વરી | કોંગ્રેસ |
| | હેમંત લખમશી મહેશ્વરી | ભાજપ |
| રામાણિયા | ઉમાબા ગિરિરાજસિંહ જાડેજા | કોંગ્રેસ |
| | સંતોકબા સ્વરૂપસિંહ જાડેજા | ભાજપ |
| સાડાઉ | આશાબેન કમલેશ ગઢવી | ભાજપ |
| | રૂકશાના સલીમ સાંધ | કોંગ્રેસ |
| | હસીના રહેમતુલ્લા ભંભરા | આપ |
| | હનિફા અશરફ વાઘેર | અપક્ષ |
| સમાઘોઘા | ધર્મેન્દ્રસિંહ ખેંગારજી જાડેજા | કોંગ્રેસ |
| | મનહરસિંહ હકુમતસિંહ જાડેજા | ભાજપ |
| | કિરીટસિંહ દિલીપસિંહ જાડેજા | અપક્ષ |
| ઝરપરા-૧ | દેસાબાઈ પાલુભાઈ રવિયા | ભાજપ |
| | પૂનમબેન ભરતભાઈ સેડા | કોંગ્રેસ |
| ઝરપરા-૨ | વીરબાઈ ભારૂ લાખાણી | કોંગ્રેસ |
| | હાંસબાઈ પાલુભાઈ ગાગિયા | ભાજપ |

# લખપત તા.પં. ના ઉમેદવારની યાદી

| બેઠક | નામ | પક્ષ |
|---|---|---|
| બરંદા | દેવલબેન ગાભાભાઈ રબારી | કોંગ્રેસ |
| | હુશેન સુલેમાન પઢિયાર | ભાજપ |
| ભાડરા મોટા | અલીમામદ લતીફ લુહાર | અપક્ષ |
| | કરણાભાઈ આશાભાઈ રબારી | ભાજપ |
| | વંકાભાઈ લધાભાઈ રબારી | કોંગ્રેસ |
| | નરપતસિંહ ભમરાજી ચૌહાણ | અપક્ષ |
| છેર નાની | ગિરીશકુમાર નોપાભાઈ સોલંકી | ભાજપ |
| | પ્રેમીલાબેન હસમુખભાઈ તડવી | કોંગ્રેસ |
| દયાપર | પુષ્પાબેન ભવાનભાઈ પટેલ | ભાજપ |
| | મણીબેન મોહનભાઈ સોલંકી | આપ |
| | શીલ્પાબેન સંજયકુમાર જોષી | કોંગ્રેસ |
| દોલતપર | શકીનાબાઈ કરમખાન જત | કોંગ્રેસ |
| | હવાભાઈ આરબ જત | ભાજપ |
| ઘડુલી | જનતબાઈ સાલે જત | કોંગ્રેસ |
| | ફાતમાબાઈ અબ્દુલ્લા જત | ભાજપ |
| ગુનેરી | રાજેશગર વલમગર ગુંસાઈ | ભાજપ |
| | સમરતદાન સરદારદાન ગઢવી | કોંગ્રેસ |
| કપુરાશી | નરેશદાન રામદાન ગઢવી | કોંગ્રેસ |
| | રવજીભાઈ જેઠાજી સુથાર | ભાજપ |
| લાખાપર | ગંગાબાઈ મનજીભાઈ બલિયા | ભાજપ |
| | સારાબાઈ સલેમાન સુમરા | કોંગ્રેસ |
| | હીરબાઈ ભરતભાઈ જોગુ | આપ |
| માતાનામઢ | ઓસમાણ ઉમરભાઈ રાયમા | ભાજપ |
| | જીતુભા લાખુભા ચૌહાણ | કોંગ્રેસ |
| મીંઢિયારી | અબ્દુલ કરીમ કાસમ | ભાજપ |
| | કાસમ જકરીયા જત | કોંગ્રેસ |
| નરા | જેઠાભાઈ થાવરભાઈ મહેશ્વરી | ભાજપ |
| | મણીલાલ મુરજી મહેશ્વરી | કોંગ્રેસ |
| નારાયણ સરોવર | બીલ્કીસ આમદ સાવલાણી | કોંગ્રેસ |
| | મેરિયાબાઈ ઉમર જત | ભાજપ |
| પાન્ધ્રો-૧ | ગોરીબેન કરમણ ફફલ | કોંગ્રેસ |
| | મણીબેન ડાયાલાલ ગરોડા | ભાજપ |
| | શોભનાબેન ધર્મેન્દ્રભાઈ રાઠોડ | આપ |
| પાન્ધ્રો-૨ | દશરતબા દશરથસિંહ સોઢા | કોંગ્રેસ |
| | પવનબેન ઝુઝારદાન ગઢવી | આપ |
| | વસુબા કુલદીપસિંહ ચાવડા | ભાજપ |
| પાન્ધ્રો-૩ | તારાબેન સગાળાજી રાજગોર | કોંગ્રેસ |
| | ભાનુબેન ગોરધનદાન ગઢવી | આપ |
| | રતુબેન કેશાજી મહારાજ | ભાજપ |

# મધ્યપ્રદેશના અપહરણના ગુનામાં આરોપી પકડાયો



ભુજ - કચ્છ ઉદય : મધ્યપ્રદેશના પન્ના જિલ્લાના પવઈ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા અપહરણના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. ભુજ એલસીબીએ મુન્દ્રાના સમાઘોઘા ખાતેથી આરોપી દેવેન્દ્ર રામરતન ચૌધરીની અટક કરી હતી.

# અજરખુપર પાસે બોલેરોમાં આગ લાગી



ભુજ - કચ્છ ઉદય : ભચાઉ હાઈવે પર લાખોંદ ટોલનાકા બાદ અજરખપુર નજીક બુધવારે સાંજે બોલેરો કારમાં ધુમાડો નીકળવા લાગ્યો હતો. ચાલકે વાહન રસ્તાની બાજુમાં વાહન ઊભું રાખ્યું હતું. જોકે, થોડા જ સમયમાં આગ ભભૂકી ઊઠી હતી. ફાયર બ્રિગેડની ટીમ આવી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટના સમયે પોલીસ પણ પહોંચી હતી.

# માંડવી તા.પં. ના ઉમેદવારની યાદી

| બેઠક | ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|---|
| બાડા | જાગૃતિબા દીપસંગજી જાડેજા | ભાજપ |
| | શ્રેયાબા દિલીપસિંહ જાડેજા | કોંગ્રેસ |
| બાગ | કીર્તિકુમાર ભાઈલાલ રાજગોર | ભાજપ |
| | વિશ્રામભાઈ બાબુભાઈ સંઘાર | કોંગ્રેસ |
| બાયઠ | દિનેશ ધનજી માતંગ (બિનહરીફ) | ભાજપ |
| બિદડા-૧ | રીટાબેન ભાવિક પટેલ | કોંગ્રેસ |
| | રેખાબેન પરેશ છાભૈયા | ભાજપ |
| બિદડા-૨ | શાંતાબેન કાનજી સંઘાર (બિનહરીફ) | ભાજપ |
| દરશડી | મહેન્દ્રકુમાર દેવજીભાઈ મહેશ્વરી | ભાજપ |
| | સામત છગ મહેશ્વરી | કોંગ્રેસ |
| દુર્ગાપર | નગમાબાનુ સલીમ સુમરા | કોંગ્રેસ |
| | પ્રિયંકાબેન રાહુલગિરિ ગોસ્વામી | ભાજપ |
| ગઢશીશા-૧ | અંકિત રાજેન્દ્રગિરિ ગોસ્વામી | ભાજપ |
| | વિનેશ દામોદરગિરિ ગોસ્વામી | કોંગ્રેસ |
| ગઢશીશા-૨ | પાલા આશા રબારીભાજપ | |
| | લખુ દેવા રબારી (પન્નાભાઈ) | કોંગ્રેસ |
| ગોધરા | પાલુ દેવરાજ ગઢવી | ભાજપ |
| | પ્રકાશ વરજાંગ ગઢવી | કોંગ્રેસ |
| ગુંદિયાલી | પ્રફુલ્લાબા જુવાનસિંહ જાડેજા | કોંગ્રેસ |
| | સુર્યાબા દિલુભા જાડેજા | ભાજપ |
| કાઠડા | વાલાભાઈ રામ ગઢવી | કોંગ્રેસ |
| | વિરમ લખુ ગઢવી ભાજપ | |
| | હરિભાઈ ખેરાજ ગઢવી | આપ |
| કોડાય | ચંદ્રિકાબેન જયંતિલાલ પારસિયા | ભાજપ |
| | નિપાબેન પ્રેમચંદ છેડા | કોંગ્રેસ |
| મઉં મોટી | બળવંતસિંહ ટપુભા જાડેજા | ભાજપ |
| | યશપાલસિંહ નરેન્દ્રસિંહ જાડેજા | કોંગ્રેસ |
| મોટી રાયણ | ભચીબેન ખીમજી હરિજન | કોંગ્રેસ |
| | મંજુલાબેન જેઠાલાલ સીજુ | ભાજપ |
| નાના ભાડિયા | ખેરાજભાઈ નાગજણ રાગ | કોંગ્રેસ |
| | વિરમ ખેતશી ગઢવી | ભાજપ |
| રામપર | ભગીરથ વસંતદાન ગઢવી | કોંગ્રેસ |
| | ભરતકુમાર માવજી વેકરિયા | ભાજપ |
| | વિનોદ લક્ષ્મણ કેરાઈ | અપક્ષ |
| શેરડી | અમરબા નારૂભા જાડેજા | કોંગ્રેસ |
| | ભગવતીબેન ગોવિંદભાઈ દિવાણી | ભાજપ |
| તલવાણા | નયનાબા જયેન્દ્રસિંહ જાડેજા | ભાજપ |
| | મિતલબેન યુવરાજસિંહ જાડેજા | કોંગ્રેસ |
| વિરાણી નાની | પાયલ સોમાભાઈ રાણા (બિનહરીફ) | ભાજપ |

# મુંદરા નગરપાલિકાના ઉમેદવારોની યાદી

| વોર્ડ | ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|---|
| વોર્ડ-૧ | અરવિંદ પ્રવિણ સથવારા | ભાજપ |
| | જહાન્વીબેન કેતન ઓઝા | ભાજપ |
| | જાવેદ રફીક પઠાણ | કોંગ્રેસ |
| | નદીમહુશેન અબ્દુલરસુલ સૈયદ | ભાજપ |
| | નિમિતાબેન ભરત પાતારિયા | કોંગ્રેસ |
| | ફારૂક ઓસમાણ સુમરા | કોંગ્રેસ |
| | મિતાલીબેન કુલદિપ ધુઆ | ભાજપ |
| | શારદાબેન ચેતન મહેશ્વરી | કોંગ્રેસ |
| વોર્ડ-૨ | આશાબેન અમીત સોરઠિયા | ભાજપ |
| | ચાગબાઈ અશોક ફફલ | ભાજપ |
| | જીજ્ઞાબેન જગદીશ આયડી | કોંગ્રેસ |
| | જીજ્ઞેશ અરવિંદભાઈ રાવલ | આપ |
| | ધર્મેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા | ભાજપ |
| | ભોજરાજ ગોપાલ ગઢવી | ભાજપ |
| | સવુભા રાઘુભા જાડેજા | કોંગ્રેસ |
| | શિલ્પાબેન દિનેશ પટેલ | કોંગ્રેસ |
| | હરેશગર દામગર ગોસ્વામી | કોંગ્રેસ |
| | કુલદીપસિંહ જાલુભા જાડેજા | અપક્ષ |
| વોર્ડ-૩ | ઈમ્તિયાઝ ઓસમાણ ગની સુમરા | કોંગ્રેસ |
| | ઈસ્માઈલશા અબ્દુલશા સૈયદ | કોંગ્રેસ |
| | કોમલબેન સુરેશ ફફલ | કોંગ્રેસ |
| | જીવણજી ભાણજી જાડેજા | ભાજપ |
| | નૂરબાનુ રમજુ ધુઈયા | કોંગ્રેસ |
| | પૂજાબા રાજેન્દ્રસિંહ રાઠોડ | ભાજપ |
| | લક્ષ્મીબેન કરશન ગઢવી | ભાજપ |
| | હેત દિલીપભાઈ આહિર | ભાજપ |
| વોર્ડ-૪ | ઈકબાલ આમદ જુણેજા | ભાજપ |
| | ઈમરાન યાકુબ અહેમદ ખત્રી | કોંગ્રેસ |
| | ઈમરાન સલીમ જત | કોંગ્રેસ |
| | ઉમર ફારૂક હસનઅલી જત | ભાજપ |
| | ફરઝાના મહમદયુસુફ ખત્રી | ભાજપ |
| | માનબાઈ જીતેન્દ્રભાઈ સોંધરા | કોંગ્રેસ |
| | વર્ષાબેન વિરેન્દ્ર મોથારિયા | ભાજપ |
| | સલીમાબેન અમીન ખોજા | કોંગ્રેસ |
| વોર્ડ-૫ | અશગરઅલીખાન મીરમામદ પઠાણ | આપ |
| | જલીમાબાઈ અમીન કુંભાર | કોંગ્રેસ |
| | જશવંતીબેન ભરતકુમાર પણિયા | કોંગ્રેસ |
| | પ્રકાશ ગોપાલજીભાઈ ઠક્કર | ભાજપ |
| | મુસદ કાસમ જકરિયા જત | કોંગ્રેસ |
| | મહમદ હનિફ કાસમ થેબા | કોંગ્રેસ |
| | રચનાબેન પ્રવિણકુમાર જોષી | ભાજપ |
| | રાજેશ મોહનલાલ માલમ | ભાજપ |
| | હિનલ નિકુલભાઈ કષ્ટા | ભાજપ |
| | મામદ હુશેન કુંભાર | અપક્ષ |
| વોર્ડ-૬ | જીજ્ઞાબેન હિમાલય જોષી | ભાજપ |
| | ડાયાલાલ વાઘજીભાઈ ગોહિલ | ભાજપ |
| | નરેન્દ્રસિંહ હિંમતસિંહ પરમાર | ભાજપ |
| | નીતિન ગૌરીશંકર રાજગોર | કોંગ્રેસ |
| | ભરત કાનજી પાતાળિયા | કોંગ્રેસ |
| | મોહિની વિનોદ ચૂડાસમા | ભાજપ |
| | શબ્બીના હનિફ કેવર | કોંગ્રેસ |
| | શિરીન અબ્દુલ થેબા | કોંગ્રેસ |
| વોર્ડ-૭ | અલ્પાબા ધ્રુવરાજસિંહ ચૂડાસમા | ભાજપ |
| | દિલીપ રેવાશંકર ગોર | ભાજપ |
| | નયનાબેન અલ્પેશ સોલંકી | ભાજપ |
| | પ્રકાશ રેવાલાલ પાટીદાર | ભાજપ |
| | પ્રતિક્ષાબેન હરેશગર ગોસ્વામી | કોંગ્રેસ |
| | મહમદ શુફિયાન અનવર ચાકી | કોંગ્રેસ |
| | મુસ્તફા ફખરૂદ્દીન વોરા | કોંગ્રેસ |
| | હિરલબેન પરેશકુમાર દવે | કોંગ્રેસ |

# નખત્રાણામાં ઘાસ ભરેલી ટ્રકમાં લાગી આગ



નખત્રાણા - કચ્છઉદય : નખત્રાણા નગરપાલિકાની સામે જ ઘાસ ભરેલી ટ્રકમાં આગ લાગી હતી. આગને બુઝાવવા લોકો હાથવગા સાધનોથી પ્રયાસ કર્યો હતો, પરંતુ સૂકું ઘાસ હોતા આગ ઝડપથી ફેલાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, નખત્રાણાને નગરપાલિકા મળી પરંતુ ત્રણ વર્ષ થયા હજુ પાયાની સવલતો પ્રાપ્ત થઈ નથી. જ્યારે આગજનીના બનાવો બને છે ત્યારે આગ ઓલાવવવા માટેના સાધનો હોવા જરૂરી છે, પરંતુ હજુ સુધી નખત્રાણા નગરને આ તમામ સવલતો તો પ્રાપ્ત થઈ નથી.

# ઉજ્જૈન મહાકાલ મંદિર સમિતિનો મોટો નિર્ણયઃ નિઃશુલ્ક ભસ્મ આરતી બંધ, ઓનલાઈન જ કરી શકાશે બુકિંગ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : મધ્યપ્રદેશના ઉજ્જૈનના પ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મંદિરમાં ભસ્મ આરતીના દર્શનને લઈને મંદિર સમિતિ દ્વારા મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. ભક્તોની સુવિધા અને વ્યવસ્થા જાળવવા માટે હવે ઓફલાઈન બુકિંગની પ્રક્રિયામાં મહત્વનો ફેરફાર કરાયો છે.

ઉજ્જૈનમાં આવેલ વિશ્વપ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મંદિર પ્રબંધન સમિતિએ ભસ્મ આરતી માટેની ઓફલાઈન પરમિશનની સુવિધા ૯ એપ્રિલથી સંપૂર્ણપણે બંધ કરી દીધી છે. અત્યાર સુધી ભક્તો કલાકો સુધી કતારમાં ઉભા રહીને ઓફલાઈન પરમિશન મેળવતા હતા, પરંતુ હવે આ આખી પ્રક્રિયાને ડિજિટલ બનાવી દેવામાં આવી છે.

અગાઉ મંદિર સમિતિ દ્વારા કુલ ૧૭૦૦ ભક્તોને ભસ્મ આરતી માટે પરવાનગી આપવામાં આવતી હતી, જેમાંથી ૩૦૦ ભક્તોને નિઃશુલ્ક (ફ્રી) પરમિશન મળતી હતી. નવા નિયમો મુજબ હવે નિઃશુલ્ક વ્યવસ્થા પૂરી કરી દેવામાં આવી છે. હવે 'તત્કાલ બુકિંગ' હેઠળ આવતા આ ૩૦૦ ભક્તોએ પણ પ્રતિ વ્યક્તિ ૨૦૦ રૂપિયાની ઓનલાઈન ફી ચૂકવવી પડશે. જે ભક્તો તાત્કાલિક ધોરણે આરતીમાં સામેલ થવા માંગે છે, તેમણે દર્શનના એક દિવસ અગાઉ મંદિરની સત્તાવાર વેબસાઈટ પર બુકિંગ કરાવવાનું રહેશે. આ માટેનું પોર્ટલ દરરોજ સવારે ૮ વાગ્યે ખુલશે અને 'વહેલા તે પહેલા'ના ધોરણે બુકિંગ કરી શકાશે. દાખલા તરીકે, જો તમારે ૧૬ એપ્રિલની આરતીમાં જવું હોય, તો ૧૫ એપ્રિલ સવારે ૮ વાગ્યે ઓનલાઈન બુકિંગ કરવાનું રહેશે.

નિયમિત ઓનલાઈન બુકિંગ માટેની વિન્ડોમાં પણ ફેરફાર કરાયો છે. પહેલા ભક્તો ત્રણ મહિના અગાઉ બુકિંગ કરી શકતા હતા, પરંતુ હવે આ સમયગાળો ઘટાડીને એક મહિનો કરી દેવામાં આવ્યો છે. હવે દરેક મહિનાની ૧લી તારીખે સવારે ૮ વાગ્યે આગામી મહિના માટેનું બુકિંગ પોર્ટલ ખુલશે. જેમ કે, જૂન મહિનાનું બુકિંગ ૧ મેથી શરૂ થશે. ભસ્મ આરતી ઉપરાંત સંધ્યા આરતી અને શયન આરતી માટે પણ ઓનલાઈન બુકિંગ ફરજિયાત છે, જેના માટે પ્રતિ વ્યક્તિ ૨૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. સંધ્યા આરતી માટે બુકિંગ પોર્ટલ દરરોજ બપોરે ૧૨ વાગ્યે અને શયન આરતી માટે સાંજે ૪ વાગ્યે ખુલે છે. સામાન્ય ભક્તો માટે માત્ર 'ચલિત દર્શન' (ચાલતા દર્શન) જ મફત રાખવામાં આવ્યા છે.

# 'મારી ગાડી ચેક કરો છો, પીએમની કેમ નહીં?' ચૂંટણી પંચ પર ભડક્યા મમતા બેનરજી

(એજન્સી દ્વારા)

કોલકતા : પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન યોજાય તે પહેલા જોરદાર રાજકીય ગરમાવો ચાલી રહ્યું છે. અવારનવાર ભાજપ અને ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કરતા મુખ્યમંત્રી મમતા બેનરજીએ ફરી બંને પર ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે બુધવારે ઈસ્લામપુરમાં જનસભા સંબોધતી વખતે કહ્યું છે કે, 'મારી ગાડી ચેક કરો, જો હિમ્મત હોય તો વડાપ્રધાનની ગાડી કેમ ચેક કરતા નથી.' તેમણે આક્ષેપ કર્યો કે, 'ભાજપ કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ કરીને TMC નેતાઓ અને કાર્યકર્તાઓને ડરાવવાનું અને દબાણ કરવાનું રાજકારણ રમી રહી છે.' મમતા બેનરજીના જણાવ્યા મુજબ, દમદમ એરપોર્ટ પાસે તેમના વાહનની તપાસ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, મારી પાસે છુપાવવા માટે કંઈ નથી. તેમણે સવાલ કર્યો છે કે, 'માત્ર પસંદગીના નેતાઓને જ ટાર્ગેટ કેમ કરવામાં આવી રહ્યા છે? ભાજપનું રાજકારણ માત્ર ચૂંટણી સુધી મર્યાદિત નથી, પરંતુ તેઓ બંગાળને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.' તેમણે ભાજપને ચેતવણી આપતા કહ્યું કે, 'ધરપકડ કરવાની ધમકી અને ડરાવવાની રણનીતિ અહીં નહીં ચાલે.' તેમણે દાવો કર્યો કે, કેન્દ્રીય દળે કોલકાતા એરપોર્ટ જતી વખતે તેમના વાહનને અટકાવ્યા હતા અને તપાસ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો કે, પશ્ચિમ બંગાળ ચૂંટણી જીતવા માટે ભાજપ કેન્દ્ર સરકારની મશીનરીનો મોટાપાયે દુરુપયોગ કરી રહ્યું છે. પશ્ચિમ બંગાળની ૨૯૪ બેઠકો માટે ૨૩ અને ૨૯ એપ્રિલે બે તબક્કામાં મતદાન યોજાવાનું છે, જ્યારે ચોથી મેએ પરિણામ જાહેર થવાનું છે. તૃણમૂલ કોંગ્રેસે એક દિવસ પહેલા આક્ષેપ કર્યો છે કે, ચૂંટણી પંચ ટીએમસીના ટોચના નેતાઓને ટાર્ગેટ કરી રહી છે અને તેઓએ તેમના વાહનોની કડકાઈથી તપાસ કરવાનો આદેશ અપાયો છે. સુરક્ષા કર્મચારીઓ દ્વારા ટીએમસીના નેતાઓ ખાસ કરીને અભિષેક બેનરજીને વારંવાર અટકાવી રહ્યા છે. રાજ્યમાં પાર્ટી મહાસચિવ કુણાલ ઘોષે આક્ષેપ કર્યો કે, ચૂંટણી પંચે પોતાની ફ્લાઈંગ સ્ક્વોડને આદેશ આપ્યો છે કે, ટીએમસીના તમામ નેતાઓ અને મંત્રીઓના વાહનો જાહેરમાં તપાસમાં આવે.

# ગજબ! વડોદરામાં શૌચાલયના કારણે ભાજપને વધુ ૨ બેઠક મળી

(પ્રતિનિધિ દ્વારા)

વડોદરા : વડોદરા જિલ્લામાં તાલુકા પંચાયતની ચૂંટણીના ફોર્મ ચકાસણી દરમિયાન ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. કરજણ અને શિનોર તાલુકા પંચાયતની બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ ટેકનિકલ કારણોસર રદ થતા, આ બંને બેઠકો બિનહરીફ રીતે ભાજપના ફાળે ગઈ છે. ચોંકાવનારી બાબત એ છે કે, આ બંને હાઈપ્રોફાઈલ બેઠકો પર ફોર્મ રદ થવાનું મુખ્ય કારણ 'શૌચાલય' હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, વડોદરા જિલ્લાના કરજણ તાલુકાની બારસામણી બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર હેમલતાબેન વાસદિયા અને ભાજપના ઉમેદવાર જ્યોત્સનાબેન રાજ હતા. જેમાં કોંગ્રેસના ઉમેદવારને ત્યાં શૌચાલય નહીં હોવાનો ભાજપના ઉમેદવારે રજૂઆત કરી વાંધો ઉઠાવ્યો હતો. તલાટીના રિપોર્ટમાં પણ આ વાતનો ઉલ્લેખ હોવાથી ફોર્મ રદ કરવામાં આવ્યું હતું.

આ મામલે કોંગ્રેસના ઉમેદવારના પતિ વિપુલભાઈએ હૈયા વરાળ ઠાલવતા કહ્યું કે, "અમે વર્ષોથી મામાને ત્યાં રહીએ છીએ અને ત્યાં શૌચાલયની વ્યવસ્થા છે. જો શૌચાલય ન હોત તો વર્ષ ૨૦૧૮માં હું સરપંચ અને વર્ષ ૨૦૨૧માં મારી પત્ની પંચાયત સભ્ય તરીકે કેવી રીતે ચૂંટાયા હોત? તે વખતે ફોર્મ મંજૂર થયું હતું, તો અત્યારે કેમ રદ થયું?"

આવી જ રીતે શિનોર તાલુકા પંચાયતની વિભાગ-૧ની બેઠક પર ભાજપના પ્રમોદ વસાવાએ કોંગ્રેસના રમેશ વસાવા સામે શૌચાલય ન હોવાનો વાંધો ઉઠાવ્યો હતો. આ કિસ્સામાં તલાટીના રિપોર્ટમાં શૌચાલય હોવાનું જણાવાયું હોવા છતાં, અધિકારીએ રૂબરૂ મુલાકાત દરમિયાન ત્યાં શૌચાલય ન મળતા ફોર્મ રદ કર્યું હતું. કોંગ્રેસે આ મામલે કાયદાકીય કાર્યવાહી કરવાની તૈયારી દર્શાવી છે.

# પાકિસ્તાનના આર્મી ચીફ આસિમ મુનીર પહોંચ્યા તેહરાન

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીર એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે ઈરાનની રાજધાની તેહરાન પહોંચ્યા છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સુરક્ષા અને વ્યૂહાત્મક સંબંધોને મજબૂત કરવાનો છે. ખાસ કરીને સરહદી સુરક્ષા અને આતંકવાદ સામેના સહયોગ અંગે બીજા તબક્કાની મહત્વપૂર્ણ ચર્ચા આ પ્રવાસ દરમિયાન કરવામાં આવશે.

# યુએસ ખાતે 33 વર્ષ પછી ઇઝરાયેલ અને લેબનોન એક મંચ પર બેઠા, શાંતિ મંત્રણા કરી

(એજન્સી દ્વારા)

અમેરિકી વિદેશમંત્રી માર્કો રુબિયોની મધ્યસ્થતાથી વોશિંગ્ટનમાં ઈઝરાયેલ અને લેબેનોનના રાજદૂતોએ શાંતિ વાર્તા કરી હતી. અમેરિકાની મધ્યસ્થતાના પગલે ૪૦ વર્ષ પછી ઈઝરાયલ અને લેબનોને પ્રત્યક્ષ બેઠક કરી હતી. લેબનોનમાં ઈરાન સમર્થિત શિયા મુસ્લિમ જૂથ હિઝબુલ્લાહ વચ્ચે ઘણા સમયથી સંઘર્ષ ચાલી રહયો છે. ઈરાન યુધ્ધ દરમિયાન હિજબુલ્લાહે ઈઝરાયેલ પર હુમલા કર્યા હતા.

# ગુજરાતની રગ્બી ટીમમાં કચ્છની પાંચ ખેલાડીઓનો દબદબો

## કચ્છની દીકરી નમ્રતા ભુડીયા કેપ્ટન, રાજગીર ખાતે નેશનલ ચેમ્પિયનશિપ માટે ટીમ રવાના

ભુજ-કચ્છ ઉદયઃ ગુજરાત સિનિયર મહિલા રગ્બી સેવન્સ ટીમમાં આ વર્ષે કચ્છ જિલ્લાની ખેલાડીઓએ ગૌરવપૂર્ણ સ્થાન મેળવતા સમગ્ર જિલ્લામાં ખુશીની લાગણી ફેલાઈ છે. ટીમનું નેતૃત્વ કચ્છની પ્રતિભાશાળી દીકરી નમ્રતા ભુડીયા સંભાળી રહી છે, જે સમગ્ર ટીમ માટે ગૌરવની બાબત છે. કચ્છમાંથી પસંદ થયેલી અન્ય ખેલાડીઓમાં જાહ્નવી ભંડેરી, નંદિની માલીની, ખુશી વેકરિયા અને દેવાંગી વેકરિયાનો સમાવેશ થાય છે, જે તેમની રમતગમતની પ્રતિભા અને મહેનતનું પ્રતિબિંબ છે.

ખાસ વાત એ છે કે ગુજરાત ટીમના મુખ્ય કોચ વેદાંત ધનાણી પણ કચ્છ જિલ્લાના જ હોવાને કારણે આ ટીમમાં કચ્છનું પ્રતિનિધિત્વ વધુ મજબૂત બન્યું છે. ખેલાડીઓ સાથે કોચનું આ પ્રદાન કચ્છ જિલ્લામાં વધતી રમતગમત સંસ્કૃતિ અને નવી પેઢીમાં ઉદ્ભવતા ઉત્સાહને દર્શાવે છે.

ગુજરાતની આ ટીમ સિનિયર નેશનલ મહિલા રગ્બી સેવન્સ ચેમ્પિયનશિપ-૨૦૨૬માં ભાગ લેવા માટે બિહારના રાજગીર ખાતે રવાના થઈ છે. ૧૬ અને ૧૭ એપ્રિલ દરમિયાન યોજાનારી આ પ્રતિષ્ઠિત સ્પર્ધા માટે ટીમે ૨ એપ્રિલથી ૧૪ એપ્રિલ સુધી ગાંધીનગરની ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે કઠોર તાલીમ મેળવી હતી. આ દરમિયાન ખેલાડીઓએ તંદુરસ્તી, ટીમવર્ક અને રમતની ટેકનિક પર વિશેષ ધ્યાન આપ્યું હતું.

ટીમ મેનેજર તરીકે અજાબ અને ફિઝિયો તરીકે સંસ્કૃતિ જોડાયા છે, જે ખેલાડીઓની તૈયારી અને આરોગ્ય માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. ટીમ પાસેથી આ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શનની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતની આ જ મહિલા ટીમે તાજેતરમાં ડિસેમ્બર ૨૦૨૫માં રાજસ્થાનના અજમેર ખાતે યોજાયેલી 'વેસ્ટ ઝોન અસ્મિતા રગ્બી ચેમ્પિયનશીપ'માં રજત ચંદ્રક જીતીને પોતાની ક્ષમતા સાબિત કરી હતી. આ સિદ્ધિને આગળ વધારતા હવે નેશનલ સ્તરે પણ ટીમ શ્રેષ્ઠ પ્રદર્શન કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ખરીફ વાવેતર પહેલા ખાતરના ભાવ આસમાને, યુદ્ધના કારણે ભારતમાં યુરિયાના ભાવ ૧,૦૦૦ની નજીક પહોંચ્યા

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : દુનિયામાં નાઈટ્રોજન આધારિત ખાતરના સૌથી મોટા ખરીદદાર એવા ભારત માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. તાજેતરમાં યુરિયા માટે મંગાવવામાં આવેલા ટેન્ડરમાં ખાતરના ભાવ પ્રતિ ટન ૧,૦૦૦ ની નજીક પહોંચી ગયા છે. ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધ અને સંઘર્ષના કારણે પાક માટે જરૂરી એવા આ પોષક તત્વોના ભાવમાં ખરીફ વાવેતર પહેલા ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે.

ભારત સરકાર વતી ખાતરની આયાત કરતી સંસ્થા 'ઈન્ડિયન પોટાશ લિમિટેડ' દ્વારા પશ્ચિમ કિનારા માટે ૧૫ લાખ ટન યુરિયાનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. આ ટેન્ડર સામે અંદાજે ૩૨.૯ લાખ ટન માટેની ઓફરો મળી છે. જોકે, આ ઓફરોમાં ભાવ પ્રતિ ટન ૯૩૫ થી ૧,૧૩૬ ની વચ્ચે નોંધાયા છે, જે અગાઉના ભાવ કરતા ઘણા વધારે છે.

આ ટેન્ડરમાં અરામકો ટ્રેડિંગ કંપની અને અમેરોપા એશિયા સહિત બે ડઝનથી વધુ પુરવઠો પૂરો પાડતી કંપનીઓએ ભાગ લીધો છે. આગામી વાવેતરની મુખ્ય સિઝન શરૂ થાય તે પહેલાં ખાતરનો પૂરતો જથ્થો સુરક્ષિત કરવો ભારત માટે અનિવાર્ય છે. યુદ્ધની સ્થિતિને કારણે પુરવઠા સાંકળ ખોરવાતા અને ભાવ વધતા ખેતીના ખર્ચમાં વધારો થવાની ભીતિ સેવાઈ રહી છે.

# માધાપરમાં પાણીની પાઈપલાઈનમાં લીકેજથી વેડફાતું હજારો લિટર પાણી

ભુજ-કચ્છ ઉદય : ભુજ નજીક માધાપર વિસ્તારમાં ગાંધી સર્કલથી સરસ્વતી વિદ્યાલય તરફ જતા પુલની નીચે નર્મદા આધારિત પાણીની પેટા પાઈપલાઈનમાં લાંબા સમયથી લીકેજની સમસ્યા યથાવત રહી છે. સ્થાનિક જાગૃત નાગરિકોએ વારંવાર ધ્યાન દોરવા છતાં તંત્ર દ્વારા યોગ્ય સમારકામ ન થતાં પરિસ્થિતિ ગંભીર બની રહી છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર મુખ્ય પાઈપલાઈનના ભંગાણ સમયે તંત્ર તાત્કાલિક મરામત કરે છે, પરંતુ પેટા લાઈનમાં ચાલતા સતત લીકેજ પ્રત્યે બેદરકારી દાખવવામાં આવી રહી છે. પરિણામે દરરોજ હજારો લિટર શુદ્ધ પીવાનું પાણી બિનજરૂરી રીતે વેડફાઈ રહ્યું છે, જે પાણી સંસાધન માટે ચિંતાજનક સ્થિતિ સર્જે છે. આ લીકેજમાંથી સતત વહેતું પાણી સ્થાનિક કામદાર વર્ગ માટે ઉપયોગી બની ગયું છે. તેમણે પાઈપ પર કપડું બાંધી તાત્કાલિક નળ જેવી વ્યવસ્થા ઉભી કરી છે અને રોજિંદા કપડાં ધોવા સહિતની જરૂરિયાત માટે તેનો ઉપયોગ કરી રહ્યા છે. જેના કારણે ત્યાં અનૌપચારિક ધોબીઘાટ જેવી સ્થિતિ ઊભી થઈ છે. જોકે સ્થાનિકો માટે આ વ્યવસ્થા ઉપયોગી બની રહી હોવા છતાં મોટા પ્રમાણમાં શુદ્ધ પાણીનો વ્યય થતો રહેવું ગંભીર પ્રશ્ન છે. આ પાણી આગળ જઈને નદી વિસ્તારમાં પહોંચે છે અને ગંદા પાણી સાથે મિશ્રિત થવાથી પર્યાવરણ પર પણ તેની પ્રતિકૂળ અસર પડે છે. જાગૃત નાગરિકોએ તંત્રને તાત્કાલિક સમારકામ હાથ ધરવા અને પાણીના વ્યયને અટકાવવા માંગ કરી છે. લોકોનું કહેવું છે કે સમયસર કાર્યવાહી કરવામાં આવે તો લાખો લિટર પાણી બચાવી શકાય અને સંસાધનોનો યોગ્ય ઉપયોગ શક્ય બને.

# માધાપરમાં દાંપત્ય જીવન પર આધારિત સંગીતમય કાર્યક્રમનું આયોજન

## "પતિ-પત્ની મધુરાપ સમજણ વિના અધૂરાપ" કાર્યક્રમ સ્વ. પુષ્પાબેન સોલંકીની ૧૧મી પુણ્યતિથિ નિમિત્તે યોજાશે

માધાપર - કચ્છ ઉદય : માધાપરમાં આગામી શનિવાર, તા. ૧૮ એપ્રિલના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે યક્ષ મંદિર ખાતે દાંપત્ય જીવનના સંબંધોને ઉજાગર કરતો સંગીતમય કાર્યક્રમ "પતિ-પત્ની મધુરાપ સમજણ વિના અધૂરાપ"નું આયોજન કરવામાં આવ્યું છે. સમાજમાં પરિવારિક સંબંધોની મીઠાશ અને સમજણનું મહત્વ ઉજાગર કરવાના હેતુ સાથે આ કાર્યક્રમ ખાસ રીતે તૈયાર કરવામાં આવ્યો છે.આ કાર્યક્રમનું આયોજન સ્વ. પુષ્પાબેન પુરુષોતમભાઈ સોલંકીની ૧૧મી પુણ્યતિથિ નિમિત્તે પુરુષોતમભાઈ ડાહ્યાભાઈ સોલંકી માધાપર પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દ્વારા સંસારચક્રમાં પતિ અને પત્નીના સંબંધોને વધુ મજબૂત અને સમજદારીભર્યા બનાવવાનો સંદેશ આપવામાં આવશે. કાર્યક્રમમાં અમદાવાદના જાણીતા અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ ગાયક જોષી દ્વારા લોકપ્રિય સંગીતમય રજૂઆતો કરવામાં આવશે. ઉપરાંત અમદાવાદના લોક કલરવ ગ્રુપ દ્વારા પણ ભાવસભર પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવશે, જેમાં દાંપત્ય જીવનના વિવિધ પાસાઓને સંગીત અને સંવાદ દ્વારા રજૂ કરવામાં આવશે. આ સ્મરણાંજલિ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોલંકી પરિવાર દ્વારા ગ્રામજનો, સ્નેહીજનો અને સમાજના અગ્રણીઓને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમને લઈને માધાપર વિસ્તારમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ભુજની જૈન સંસ્થા દ્વારા સત્કર્મની સુવાસ

## નિરાધાર દીકરીઓને બ્રાન્ડેડ વસ્ત્રો અર્પણ



ભુજ -કચ્છઉદય : નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના સેવાભાવી અને અત્યંત માનવતાથી મહેકતા માનવીઓ તેના પ્રમુખ સાક્ષાત પ્રભુના પ્રતિનિધિ બની અને જુદી જુદી સંસ્થાઓમાં સેવા કરતા વેલજીભાઈ ગણેશભાઈ મહેતાના નેજા હેઠળ નિરાધાર મહિલાઓ , દીકરીઓ અને બાળકોના આધાર સમાન અને "મા બાપ" બની અને કામ કરતી માનવતાથી મહેકતી સંસ્થા મહિલા કલ્યાણ કેન્દ્રની મુલાકાતે પધાર્યા હતા. સંસ્થા દ્વારા કેન્દ્રમાં રહેતા દરેક બહેનોને અત્યંત સુંદર અને બ્રાન્ડેડ કપડા ભેટ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત નાનકડા બાળકો માટે સરસ મજાની ગોદડીઓ પણ અપાઈ હતી. સંસ્થામાં નવજાત શિશુઓ પણ આવતા હોય છે.

આ પ્રસંગે જેને સત સત વંદન કરવાનું મન થાય એવા સંસ્થાના પ્રમુખ વેલજીભાઈ વરિષ્ઠ હોવા છતાં પણ તેઓ જાતે તેમની સંસ્થાના આ સેવા કાર્યક્રમમાં હાજર રહ્યા હતા અને તેમણે જણાવ્યું હતું કે તેમની સંસ્થા છેલ્લા ૧૬ વર્ષથી સ્વ ચેતન મહેતાની સ્મૃતિમાં અને આચાર્ય ભગવાન કલાપૂર્ણસુરીજી મહારાજ સાહેબના તથા વર્તમાન ગચ્છાધિપતિ વિજયકલ્પતરુ સૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી અને મુંબઈના દાતાઓના સહયોગથી માનવસેવા, જીવસેવા, તબીબીસેવા, શિક્ષણસેવા જેવી અનેક કલ્યાણકારી સેવાઓ સાથે સંકળાયેલી જુદી જુદી સંસ્થાઓની મહિનામાં એકવાર તેમની સંસ્થા મુલાકાત લે છે અને તેમની જરૂરિયાત પ્રમાણેની મદદ આવી રીતે દાતાઓની સહયોગથી અને સંસ્થાના ઉપક્રમથી કરતી રહે છે. મહિલા કલ્યાણ કેન્દ્રના પ્રમુખ કમળાબેન વ્યાસે, વેલજીભાઈ મહેતાનું સંસ્થા વતી સ્વાગત કરી અને તેમની ભાવના અને સંસ્થાની દીકરીઓને ભેટ આપવા માટે ખુબ ખુબ આભાર માન્યો હતો તેમણે જણાવ્યું કે દાતાઓની હૂંફ સંસ્થામાં રહેતી દીકરીઓને મા બાપની હૂંક જેવી લાગે છે. આ પ્રસંગે શ્રી વેલજીભાઈએ ઈચ્છા વ્યક્ત કરી હતી કે તેમની સંસ્થા કોઈ પણ એક દીકરીનું કન્યાદાન પણ કરવા ઈચ્છે છે.

સંસ્થાના સંચાલક ઈલાબેન અંજારિયા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે જુદા જુદા દાતાઓ અને સંપન્ન લોકો જો મહિલા કલ્યાણ કેન્દ્રની મહિનામાં એકવાર આવી રીતે જુદા જુદા દિવસ નક્કી કરી અને નિરાધાર નાની દીકરીઓને અને મહિલાઓને તથા શિશુઓની મદદરૂપ થતા રહે તો મહિલા કલ્યાણ કેન્દ્રની સેવારૂપી સોનામાં સુગંધ ભળે.

# લગ્નગાળાની ધમાકેદાર શરૂઆત : મીનારક કમુરતાં પૂર્ણ થતાં બજારમાં અને સમાજમાં રોનક પરત

## એપ્રિલથી જુલાઈ સુધી મર્યાદિત ૨૮ શુભ મુહૂર્તો : શરણાઈઓના સૂર ગુંજવા તૈયાર

મિરજાપર - કચ્છ ઉદય : લાંબા વિરામ બાદ હવે ફરીથી લગ્નગાળાની ઋતુ શરૂ થઈ છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર મીનારક કમુરતાં પૂર્ણ થતાં તમામ માંગલિક કાર્યો પર લાગેલો અસ્થાયી વિરામ સમાપ્ત થયો છે. સૂર્યદેવના મીન રાશિમાંથી મેષ રાશિમાં પ્રવેશ સાથે જ લગ્ન સહિતના શુભ કાર્યો માટે અનુકૂળ સમયગાળાની શરૂઆત થઈ છે. ગત ૧૪ એપ્રિલના રોજ સવારે ૯.૩૪ વાગ્યે સૂર્યના રાશિ પરિવર્તન બાદ સમાજમાં લગ્નસરાની તૈયારીઓ તેજ બની ગઈ છે. જ્યોતિષ પરંપરા મુજબ કમુરતાં દરમિયાન લગ્ન, ગૃહપ્રવેશ અને અન્ય શુભ કાર્યો કરવામાં આવતા નથી, પરંતુ હવે તે સમયગાળો પૂર્ણ થતાં ફરીથી શરણાઈઓના સૂર ગુંજવા લાગશે. આવનારા દિવસોમાં માત્ર લગ્ન જ નહીં પરંતુ વાસ્તુપૂજન, સગાઈ અને અન્ય શુભ પ્રસંગોની પણ ધમધમતી શરૂઆત જોવા મળશે.

જ્યોતિષીઓના જણાવ્યા અનુસાર એપ્રિલથી જુલાઈ વચ્ચે લગ્ન માટેના શુભ મુહૂર્તો મર્યાદિત છે. એપ્રિલ મહિનામાં ૨૧, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ તારીખો લગ્ન માટે ઉત્તમ ગણાઈ રહી છે. મે મહિનામાં ૧, ૩, ૬, ૭, ૮, ૯, ૧૦ અને ૧૪ તારીખો શુભ છે. ત્યારબાદ જૂન અને જુલાઈ મહિનામાં પણ કેટલાક પસંદગીના મુહૂર્તો ઉપલબ્ધ રહેશે, જેના આધારે જ લગ્ન યોજાશે. વિશેષજ્ઞોના મત મુજબ ૧૯ એપ્રિલથી લગ્નગાળાનો વાસ્તવિક પ્રારંભ માનવામાં આવી રહ્યો છે, કારણ કે આ દિવસે અખાત્રીજ આવે છે, જેને જ્યોતિષશાસ્ત્રમાં વણજોયું મુહૂર્ત ગણવામાં આવે છે. આ દિવસે રાજ્યભરમાં રેકોર્ડબ્રેક લગ્ન યોજાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે અને વિવિધ લગ્નસ્થળો પર અત્યારથી જ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. લગ્નગાળાની શરૂઆત સાથે જ બજારમાં પણ ભારે ચહલપહલ જોવા મળી રહી છે. સોના અને ચાંદીના ભાવ ભલે ઐતિહાસિક સ્તરે પહોંચી ગયા હોય, છતાં શુભ પ્રસંગને ધ્યાનમાં રાખીને ખરીદીમાં કોઈ ઘટાડો જોવા મળતો નથી. અનેક પરિવારો દ્વારા પહેલેથી જ દાગીના માટે એડવાન્સ બુકિંગ કરાવી લેવામાં આવ્યું છે.

ભુજ, ગાંધીધામ સહિત કચ્છના મુખ્ય શહેરોમાં લગ્ન માટેના કપડાં, આઉટફિટ્સ અને ફેશન આઇટમ્સની દુકાનોમાં ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. ફર્નિચર, ઈલેક્ટ્રોનિક્સ અને ઘરગથ્થુ સામાનની ખરીદીમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ફૂટવેર, કોસ્મેટિક્સ અને ગિફ્ટ આર્ટિકલ્સના નાના વેપારીઓ માટે પણ આ સમયગાળો લાભદાયી બની રહ્યો છે. કેટરિંગ સર્વિસ, મંડપ ડેકોરેશન અને ફોટોગ્રાફી ક્ષેત્રે પણ બુકિંગ ઝડપથી થઈ રહ્યા છે. ખાસ કરીને પ્રી-વેડિંગ શૂટ માટે યુવાનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેના કારણે ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે પણ તેજી આવી છે. જ્યોતિષીઓએ વધુમાં જણાવ્યું છે કે પુરુષોત્તમ માસ (અધિક માસ) દરમિયાન લગ્ન ફરી અટકી જશે અને ત્યારબાદ જુલાઈ બાદ ગુરુ ગ્રહના અસ્તને કારણે પણ શુભ કાર્યો પર વિરામ આવી શકે છે. આ કારણે એપ્રિલથી જુલાઈ સુધીનો સમયગાળો લગ્ન માટે અત્યંત મહત્વપૂર્ણ અને વ્યસ્ત માનવામાં આવી રહ્યો છે, જેમાં કુલ ૨૮ જેટલા શુભ મુહૂર્તો ઉપલબ્ધ રહેશે.

# મહેશ્વરી સમાજના ઉમેદવારનું સન્માન



મહેશ્વરી સમાજના ગૌરવ એવા પ્રકાશભાઈ ડઘરા ભુજ નગરપાલિકા વોર્ડ નં.૯ તેમજ હરેશભાઈ ધેડા ભુજ નગરપાલિકા વોર્ડ નં. ૪ને બીજેપી પાર્ટી દ્વારા ઉમેદવારી મળતા પ્રાંત અધિકારી ખાતે ફોર્મ ભરવાનું હોવાથી સમાજના આગેવાનો દ્વારા સન્માન સાથે પ્રોત્સાહિત કરવા પ્રાંત અધિકારી ખાતે હાજર રહીને સન્માન કરવામાં આવ્યું હતું.

# ભુજમાં રક્તદાન શિબિરમાં ૨૧૩ યુનિટ રક્ત એકત્ર

## વાગડ રઘુવંશી પરિવાર અને ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે છઠ્ઠી રક્તદાન શિબિર સફળતાપૂર્વક યોજાઈ

ભુજ - કચ્છ ઉદય : "આપણે આપેલું રક્ત કોઈ અજાણ્યા માટે જીવનદાન બની શકે છે" એવા માનવતાભર્યા સંદેશ સાથે ભુજમાં વાગડ રઘુવંશી પરિવાર, ભુજ તાલુકો તથા નીરવ માણેક ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે છઠ્ઠી રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સવારથી જ રક્તદાતાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને કુલ ૨૧૩ યુનિટ રક્તનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી, જેમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના સંતો, ભુજ લોહાણા મહાજનના પ્રમુખ મુકેશભાઈ ચંદે, વાગડ રઘુવંશી પરિવારના પ્રમુખ રમેશભાઈ મજેઠિયા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિભાગ સંઘચાલક હિંમતસિંહ વસણ તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વાગડ રઘુવંશી પરિવારના પ્રમુખ રમેશભાઈ મજેઠિયાએ જણાવ્યું હતું કે રક્તદાન એ જીવન બચાવતું સર્વશ્રેષ્ઠ દાન છે, જે માનવતાને જીવંત રાખે છે. તેમણે વધુમાં કહ્યું કે આ પ્રકારના સામાજિક કાર્યો દ્વારા સમાજમાં સેવા ભાવના મજબૂત બને છે.

બીએપીએસ ભુજ મંદિરના પરમચૈતન્ય સ્વામીએ આશીર્વચન આપતાં રક્તદાનને મહાદાન તરીકે ઓળખાવી સમાજને વધુમાં વધુ જોડાવા અનુરોધ કર્યો હતો. વિવિધ મહાનુભાવોએ પણ રક્તદાતાઓ અને આયોજકોના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

જી. કે. જનરલ હોસ્પિટલ બ્લડ બેંક અને જીવનજ્યોત બ્લડ બેંકના તબીબી સ્ટાફના માર્ગદર્શન હેઠળ રક્ત એકત્રીકરણની કામગીરી સુચારૂ રીતે પૂર્ણ કરવામાં આવી હતી. શાળા આચાર્યો તથા સ્વયંસેવકોએ રજિસ્ટ્રેશન અને વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો.

વાગડ રઘુવંશી પરિવારના યુવક મંડળ અને મહિલા મંડળના સભ્યોએ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી હતી. અંતે આભારવિધિ હાર્દિક ઠક્કર દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ માનવતા અને સેવા ભાવનાનો ઉત્તમ ઉદાહરણ બની રહ્યો હતો.

## ભુજમાં ૨૯ દર્દીઓને જયપુર ફૂટ કેમ્પનો લાભ

# લાયન્સ ક્લબના કાયમી પ્રોજેક્ટમાં નિઃશુલ્ક સારવાર સેવા

## માધાપરના દાતા પરિવારે સહયોગ આપ્યો, નવ દર્દીને નવા પગ અને અનેકને રીપેરિંગની સુવિધા

ભુજ - કચ્છ ઉદય : લાયન્સ ક્લબ ઓફ ભુજના કાયમી પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલા જયપુર ફૂટ કેમ્પમાં કુલ ૨૯ દર્દીઓને લાભ મળ્યો હતો. આ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓ માટે કૃત્રિમ અંગો લગાવવાની તેમજ રીપેરિંગની નિઃશુલ્ક સેવા આપવામાં આવી હતી.

મળતી વિગતો મુજબ આ કેમ્પમાં નવ દર્દીઓને નવા કૃત્રિમ પગ (જયપુર ફૂટ) આપવામાં આવ્યા હતા, પાંચ દર્દીઓને કેલિપર લગાવવામાં આવ્યા હતા, જ્યારે ૧૫ દર્દીઓના જૂના કૃત્રિમ પગનું રીપેરિંગ કામ નિઃશુલ્ક રીતે પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ સેવાથી અનેક દિવ્યાંગ દર્દીઓને ફરીથી ચાલવા-ફરવાની આશા મળી છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અનુપ કોટકની પ્રેરણાથી માધાપરના મૂળ વતની અને હાલ લંડન નિવાસી દાતા કુંવરજીભાઈ લક્ષ્મણ ગોવિંદ કરાઈ પરિવાર દ્વારા રૂ. ૨૫,૦૦૦નો સહયોગ આપવામાં આવ્યો હતો. તેમના સહયોગને આયોજકો દ્વારા પ્રશંસનીય ગણાવવામાં આવ્યો હતો.

કેમ્પના ઉદ્ઘાટન સત્રમાં લાયન્સ ક્લબના સેકન્ડ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર જયકિશન દેવાણી, ડિસ્ટ્રિક્ટ ગવર્નર અભય શાહ, ક્લબ પ્રેસિડેન્ટ ચંદ્રકાંત સોની, પ્રોજેક્ટ ચેરમેન જગદીશ સોની, લાયન્સ ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન સંજય દેસાઈ, સેક્રેટરી ડો. ભરત મહેતા, વાઈસ પ્રેસિડેન્ટ અનુપ કોટક સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંજય દેસાઈએ લાયન્સ હોલ ખાતે ચાલતા કાયમી પ્રોજેક્ટ અંગે વિગતવાર માહિતી આપી હતી. ડિસ્ટ્રિક્ટ ગવર્નર અભય શાહે આ સેવા કાર્યને બિરદાવ્યું હતું અને દાતા પરિવારનો આભાર માન્યો હતો.


આભારવિધિ ઉમેશ પાટડિયા દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કેમ્પ દરમિયાન સેવા, માનવતા અને સહયોગની ભાવના જોવા મળી હતી.

# મહિલા કલ્યાણ કેન્દ્ર ભુજના અંબાજી મંદિરનો તૃતીય પાટોત્સવ ઉજવાયો









ભુજ- કચ્છ ઉદય : અહીંના મહિલા કલ્યાણ કેન્દ્રમાં આવેલા અંબાજી મંદિરનો તૃતીય પાટોત્સવ ભાવભેર અને શ્રદ્ધાપૂર્વક ઉજવાયો હતો. સંસ્થાના પ્રમુખ કમળાબેન વ્યાસે વિગતો આપતાં જણાવ્યું કે, મહિલા કલ્યાણ કેન્દ્રમાં આવેલા માં અંબાજી ૧૯૭૧થી બીરાજે છે. સુરજપરના વતની પરબતભાઈ પિંડોરીયાએ આ મંદીરનો ત્રણ વર્ષ પહેલાં જીર્ણોદ્ધાર કરાવી દેતાં મંદિર નવા રૂપરંગ સાથે ખૂબ જ સુંદર બની ગયું અને આજના દિવસે ત્રણ વર્ષ પહેલાં મા અંબાજીની નવા મંદિરમાં વાજતે ગાજતે પધરામણી કરવામાં આવી હતી. કેન્દ્રના બહેનોને જાણે મા અંબાજીએ દર વર્ષે એ દિવસે પાટોત્સવ ઉજવવા માટે પ્રેરણા આપી હોય તેવી રીતે એ દિવસે પાટોત્સવની ઉજવણી કરાય છે.

કમળાબેને જણાવ્યું કે, કોર્ટ અથવા પોલીસ મારફત મહિલા કલ્યાણ કેન્દ્રમાં આવતી નિરાધાર દીકરીઓને કેન્દ્રમાં પોતાની દીકરીની જેમ જ સાચવવાની માં અંબા તેમને શક્તિ આપે છે અને દીકરીઓની પણ માં અંબા રક્ષા કરે છે અને હજુ પણ કરતી રહે તેવી પ્રાર્થના માં અંબાને કરવામાં આવી હતી. કેન્દ્રના સંચાલકોએ આ દિવસે માતાજીને સંસ્થાનું સારૂ કામ કરી અને દીકરીઓને વધુ સારી રીતે તેઓ રાખી શકે તે માટે હજુ પણ વધુ શક્તિ આપવાની પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે સુરસંગમ ઓરકેસ્ટ્રા દ્વારા મહાઆરતી કરવામાં આવી હતી. નાગર મહિલા મંડળ, જેઠીબહેનનું ગ્રુપ, ઈન્નરવ્હીલ કલબ, ઈન્દિરા ક્લબ વગેરે સંસ્થાઓના બહેનોને પણ ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. મહિલા કલ્યાણ કેન્દ્રમાં ગરબા અને બેઠા ગરબાના આયોજનથી વાતાવરણ ઉમંગ અને ઉત્સાહથી ભરાઈ ગયું હતું અને બહેનોએ રાસ-ગરબાથી માની આરાધના કરી હતી. આ જ સંસ્થામાં રહી અને પછી લગ્ન કરી અને સાસરે ગયેલી ૨૫ જેટલી દીકરીઓ પોતાના પિયર સામાન મહિલા કલ્યાણ કેન્દ્રમાં આયોજિત પાટોત્સવમાં સવારથી જ આવી ગઈ હતી. આ પ્રસંગે માતાજીના મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# ભુજના એરપોર્ટ રીંગરોડ પર આવેલી જમીન પચાવી પાડવા મામલે નોંધાયો ગુનો

ભુજ - કચ્છઉદય : શહેરના એરપોર્ટ રીંગરોડ પર રેવેન્યુ સર્વે નંબર ૭૮૯ પૈકી ૧ અને ૨ વાળી જમીન પર ગેરકાયદે કબજો જમાવવાના કેસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ બાબતે અંજારની માધવ વિલા સોસાયટીમાં રહેતા ભગવતીપ્રસાદ શશીકાંતભાઈ દવેએ નોંધાવેલી ફરીયાદ મુજબ ૧૫ ડિસેમ્બર ૨૦૧૨ થી આજદિન સુધી બન્યો હતો. આરોપીઓએ ભેગા મળી ફરીયાદીની માલિકીની જમીન પચાવી તેના પર ગેરકાયદે કબજો કર્યો હતો.

આ જમીનમાં ફરીયાદીને પ્રવેશ ન આપી, જમીન ખાલી કરવા માટે નવ લાખ રૂપિયા બળજબરીથી પડાવી લીધા હતા. ફરીયાદીને તેની માલિકીની જમીનમાં પ્રવેશ કરવા માટે વધુ રૂપિયા માંગી ડ્રગ્સના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી પરિવારને જાનથી મારી નાખવાનું કહી ફરીયાદીની જમીનના ખોટા લખાણો કરવામાં આવ્યા હતા.

આ લખાણોને કોર્ટમાં રજુ કરી ફરીયાદી વિરૂદ્ધ ખોટી અરજીઓ કરી ત્રાસ આપવામાં આવ્યો હતો. જે અંગે ભુજના ઈશાક જુમા જત, જુણસ મીયા સમા, શબ્બીર આદમ મેમણ અને લોરિયાના રાણુભા શિવુભા જાડેજા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## ભુજ અને લોરિયાના મોટા માથા સામે ગુનો નોંધાતા ચૂંટણી પહેલા મચી હલચલ : પાન્ધ્રો સીટના કોંગ્રેસના ઉમેદવારના પતિ વિરૂદ્ધ પણ ફોજદારી

મોટા માથાઓ સામે ચૂંટણી પહેલા એ ડીવીઝન પોલીસે ફરીયાદ દાખલ કરતા ચર્ચાઓનું બજાર ગરમ બન્યું છે. આ મુદ્દો હાલ ચર્ચાના એરણે પહોંચ્યો છે. લોરિયાના રાણુભાના પત્નિ પાન્ધ્રો જિલ્લા પંચાયત સીટના કોંગ્રેસના પક્ષના ઉમેદવાર છે. તો બીજી તરફ ગાંધીધામ કોંગ્રેસના અગ્રણી હાજી જુમા રાયમાએ કરેલી ફરિયાદમાં કરી હતી તેની સામે આ બીજી ફરીયાદ નોંધાતા રાજકીય વાતાવરણ ગરમી પકડી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના અગ્રણીઓ ચૂંટણી સમયે કોંગ્રેસના આગેવાનો સામે જુની અરજી તેમજ કેટલીક જુની રજુઆતોને ફોજદારી સ્વરૂપ આપવામાં આવતું હોવાનું ચુંટણી પંચમાં ફરિયાદો કરી રહ્યા છે. ગઈકાલે રાજય કોંગ્રેસે ચૂંટણી પંચમાં ફરીયાદ કરી હતી કે, ગુજરાતમાં પોલીસ, એલસીબી, એસઓજી ભાજપના ઈશારે કામ કરે છે. કોંગ્રેસના ૨૦૦ થી વધુ ઉમેદવારોને પોલીસે નજરકેદમાં રાખતા ૧૦૦ જેટલા ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચી લીધા છે. કચ્છમાં જોવા જઈએ તો બેલા બેઠકના કોંગ્રેસના ઉમેદવારનું અપહરણ કરવામાં આવ્યું તેને ચાર દિવસ વીતી જવા છતાં પોલીસ તેમને શોધી શકી નથી. કોંગ્રેસના જિલ્લા પ્રમુખ વી.કે. હુંબલે પશ્ચિમ કચ્છ પોલીસ સામે પણ આક્ષેપો કર્યા હતા. લખપત તાલુકાના પક્ષના આગેવાનને કોઈપણ કારણ વીના ભુજ બોલાવી એલસીબી કચેરીએ પાંચ કલાક સુધી બેસાડી રાખવામાં આવ્યા હતા. આ સિવાય પણ અન્ય ઉમેદવારો, ટેકેદારો, કાર્યકરોને પોલીસ દ્વારા ધાક ધમકી આપી ફોર્મ પરત ખેંચાવા સહિતના પેતરા અજમાવાતા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. જેથી કાયદો વ્યવસ્થાની જવાબદારી જેના શીરે છે તે પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠયા છે.

# સેવાભાવી તબીબને નવચેતન રત્ન એવોર્ડથી વિભૂષિત કરાયા



ભુજ-કચ્છઉદય : છેલ્લા ૧૬ વર્ષથી સ્વ. ચેતન મહેતાની સ્મૃતિમાં વિવિધ સેવા ક્ષેત્રે સતત ર્યરત, જૈન સેવા સંસ્થા, નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે તાજેતરમાં સંસ્થાના અદના કાર્યકર અને જૈન સમાજ રત્ન સેવાભાવી તબીબ રૂપાલીબેન મોરબીયાને નવચેતન રત્ન એવોર્ડ ૨૦૨૫થી વિભુષીત કરાયા હતા.

સંસ્થાના મોભી વેલજીભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને અને નામાંકિત સેવાભાવી તબીબ મુકેશભાઈ ચંદે, જૈન અગ્રણી મનીષાઈ મોરબીયા, ખ્યાતનામ ઉદ્યોગપતિ કૈલાષ મહેતા, અજયભાઈ દાવડા, સંસ્થાના પ્રોજેક્ટ ચેરમેન દિનેશભાઈ શાહ, સંસ્થાના માતા ભારતીબેન મહેતા, હીનાબેન મહેતાની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં સેવાભાવી તબીબ અને સંસ્થાના અદના કાર્યકર રૂપાલીબેન મોરબીયાની સેવાઓને બિરદાવવામાં આવી હતી અને મંચસ્થ મહાનુભાવોના હસ્તે તેમને વર્ષ ૨૦૨૫ના નવચેતન રત્ન એવોર્ડથી વિભુષીત કરાયા હતા. સન્માનના પ્રતિભાવમાં ડો. રૂપાલીબેન મોરબીયાએ વર્ષમાં ૩૬૫ દિવસ અન્યનો વિચાર કરતી જૈન સેવા સંસ્થા નવચેતનના સભ્ય હોવું એક ગૌરવ છે. તેમ જણાવી સદૈવ અદના કાર્યકર તરીકે સેવારત રહેવાની ભાવના વ્યક્ત કરી હતી અને સંસ્થાના મોભી તેમજ સાથી કાર્યકરોનો આભાર માન્યો હતો. આ અવસરે મનીષ મહેતા, ભાવનાબેન જોશી, કે.બી. પરમાર, જયેશ ચંદેરા, ઓજશ શેઠ, રસીલાબેન દોશી, મીનાષીબેન મોતા, દક્ષાબેન સંઘવી, સોનમ મહેતા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા અને ડો. રૂપાલીબેન મોરબીયાને અભિનંદન આપ્યા હતા તેવું અરવિંદભાઈ મહેતાએ જણાવ્યું હતું.

## માંડવી પોસ્ટ ઓફિસમાં ભાવુક વિદાય સમારોહ

# ચાર દાયકાની નિષ્ઠાપૂર્વક સેવા બદલ છગનભાઈ મહેશ્વરીનું સન્માન

માંડવી- કચ્છ ઉદય : વ્યક્તિને સોંપાયેલું કાર્ય જો સંપૂર્ણ નિષ્ઠા અને ઈમાનદારીથી કરવામાં આવે તો તે જીવનને અર્થપૂર્ણ બનાવતું "કર્મયોગ" બની જાય છે એવો સંદેશ માંડવી પોસ્ટ ઓફિસ ખાતે યોજાયેલા વિદાય સમારોહમાં આપવામાં આવ્યો હતો. અહીં મેલ ઓવરસીયર પદેથી નિવૃત્ત થતા છગનભાઈ મીઠુભાઈ મહેશ્વરીના સન્માન માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

સમારોહના પ્રમુખપદેથી સંબોધન કરતા માંડવી સબ ડિવિઝનના ઈન્સ્પેક્ટર સંદીપભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે છગનભાઈ મહેશ્વરીએ ચાર દાયકાની લાંબી સેવા દરમિયાન નિષ્ઠા, સમયપાલન અને જવાબદારીનો ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમનું કાર્ય વિભાગ માટે જ નહીં પરંતુ અન્ય કર્મચારીઓ માટે પણ પ્રેરણારૂપ છે. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ભુજ સબ ડિવિઝનના ઈન્સ્પેક્ટર રિઝવાનભાઈ ખોજાએ જણાવ્યું હતું કે કર્મને જો સમર્પણ ભાવથી કરવામાં આવે તો તે સમાજમાં સકારાત્મક પ્રભાવ પેદા કરે છે. તેમણે નિવૃત્ત કર્મચારીના દીર્ઘ સેવા જીવનને વખાણ્યું હતું.

## અધિકારીઓએ કર્મને કર્મયોગ ગણાવ્યો, નિવૃત્ત કર્મચારીને કચ્છી પાઘડી અને મોમેન્ટો અર્પણ

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત અધિકારીઓ અને સહકર્મચારીઓ દ્વારા છગનભાઈ મહેશ્વરીની સેવા ભાવના અને ફરજ નિષ્ઠાને બિરદાવવામાં આવી હતી. કચ્છી પાઘડી, મોમેન્ટો અને શાલ અર્પણ કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. સન્માનનો પ્રતિભાવ આપતા છગનભાઈ મહેશ્વરીએ ભાવુક થઈ જણાવ્યું હતું કે ઈમાનદારીથી કરેલું કાર્ય ક્યારેય વ્યર્થ જતું નથી. તેમણે તમામ સહકર્મચારીઓ અને અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સમારોહમાં મોટી સંખ્યામાં પોસ્ટ ઓફિસના કર્મચારીઓ તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ભાવુક અને પ્રેરણાદાયી વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# કચ્છ કોંગ્રેસમાં ભંગાણ : પૂર્વ જિલ્લા મહિલા પ્રવક્તાએ આપ્યું રાજીનામુ

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ચૂંટણીના માહોલ વચ્ચે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. વર્ષ ૨૦૧૫થી કોંગ્રેસ પક્ષમાં સક્રિય કાર્યકર તરીકે જોડાયેલા અને જિલ્લા પ્રવક્તા તેમજ પ્રદેશ સ્તરે વિવિધ જવાબદારીઓ સંભાળનારા અગ્રણી મહિલા નેતા માનસી સંઘવીએ પક્ષના તમામ હોદ્દાઓ અને સભ્યપદેથી રાજીનામું આપી દેતા કોંગ્રેસમાં મોટું ગાબડું પડ્યું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાને સંબોધીને લખેલા પત્રમાં તેમણે પક્ષની વર્તમાન સ્થિતિ અંગે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું છે કે કચ્છ કોંગ્રેસમાં પક્ષના હિતોનો વેપાર થઈ રહ્યો છે અને જાણી જોઈને નબળા ઉમેદવારો ઊભા રાખીને બેઠકો બિનહરીફ કરી દેવા જેવો મોટો ખેલ ખેલવામાં આવ્યો છે.

માનસી સંઘવીએ પોતાના રાજીનામા પત્રમાં પક્ષના સ્થાનિક નેતૃત્વ પર પ્રહાર કરતા લખ્યું છે કે સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા ઓડિયોમાં ટિકિટો માટે જે ભાવતાલ અને વહીવટની વાતો સામે આવી છે, તે પક્ષ માટે અત્યંત નામોશીભરી બાબત છે. જિલ્લા પ્રમુખ ભ્રષ્ટાચારને છાવરવા માટે પગલાં લેવાને બદલે આવા તત્વોનો બચાવ કરી રહ્યા હોવાનો પણ તેમણે આરોપ મૂક્યો છે. પક્ષમાં જૂના અને વફાદાર કાર્યકરોની અવગણના કરીને બ્લેકમેલ કરનારા તત્વોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જેના કારણે નિષ્ઠાવાન કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અયોગ્ય જ્ઞાતિ સમીકરણો અને અંગત સ્વાર્થની રાજનીતિને કારણે કોંગ્રેસના ગઢ ગણાતા વિસ્તારોમાં પણ પક્ષની પકડ નબળી પડી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# કુકમામાં ખેતરપાળ દાદા મંદિરના ૧૯મા પાટોત્સવમાં ભક્તિનો અનોખો માહોલ

## શોભાયાત્રા, યજ્ઞ, મહાપ્રસાદ અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી ગામમાં ધાર્મિક ઉમંગ છવાયો

કુકમા - કચ્છ ઉદય : ભુજ તાલુકાના કુકમા ગામે ખેતરપાળ દાદા લોકસેવા વિકાસ ટ્રસ્ટ સંચાલિત ખેતરપાળ દાદા યુવકમંડળ દ્વારા ૧૯મો પાટોત્સવ ભવ્ય રીતે અને ધાર્મિક શ્રદ્ધાભાવ સાથે ઉજવાયો હતો. આ પ્રસંગે સંતો-મહંતો, સામાજિક-રાજકીય આગેવાનો તેમજ આસપાસના ગામોના મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ગામમાં ઉત્સવ દરમિયાન ભક્તિ અને આધ્યાત્મિકતાનો માહોલ છવાઈ ગયો હતો.

પાટોત્સવના પ્રારંભે સવારે ભવ્ય શોભાયાત્રા નીકળવામાં આવી હતી અને ત્યારબાદ ધ્વજારોહણ વિધિ સંપન્ન કરવામાં આવી હતી. શાસ્ત્રી ભાસ્કર ત્રિવેદી દ્વારા વિધિવત હોમયજ્ઞનું પૂજન કરવામાં આવ્યું હતું, જેમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે સમગ્ર પરિસર પવિત્ર બન્યું હતું. દિવસ દરમિયાન મહાપ્રસાદનું વિશાળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ પ્રસાદ ગ્રહણ કરી ધર્મલાભ મેળવ્યો હતો.

સાંજે દાંડિયા રાસ અને મહાઆરતીના ભક્તિપૂર્ણ કાર્યક્રમોથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. રાત્રે રાધે-કૃષ્ણ લીલા તથા રામા મંડળ (ભલોટ) દ્વારા રજૂ કરાયેલ રામામંડળ આખ્યાન કાર્યક્રમ દર્શકો માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ભજન-કીર્તન સાથે સમગ્ર વાતાવરણમાં આધ્યાત્મિક ઊર્જાનો સંચાર થયો હતો.

આ ધાર્મિક પ્રસંગમાં નારાયણસરોવર જાગીરના સોનલલાલજી મહારાજ, મહંત ભરતદાદા તેમજ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા સહિત અનેક સંતો-મહંતો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ ગામોના સરપંચો, ઉપસરપંચો અને આગેવાનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

ખેતરપાળ યુવક મંડળના પ્રમુખ અરવિંદ આહીરે સ્વાગત પ્રવચન કરીને મહેમાનોનું સન્માનપૂર્વક આવકાર કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉમેશ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટીઓ, પૂજારીગણ, મહિલા મંડળ અને ગ્રામજનોના સહયોગથી પાટોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

અંતે આયોજકો દ્વારા તમામ દાતાઓ, મહેમાનો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને કુકમા ગામના ગ્રામજનોના ઉત્સાહભર્યા સહકારથી આ ધાર્મિક ઉત્સવ યાદગાર બની રહ્યો હતો.

## "પ્લાસ્ટિક મુક્ત વિદ્યાલયથી પ્લાસ્ટિક મુક્ત નિરોણા" અભિયાન અંતગર્ત

# સારસ્વતમ સંચાલિત પુંજાભાઈ આણંદજી હાઈસ્કૂલની વિદ્યાર્થીની દ્વારા જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરાઈ



નિરોણા - કચ્છઉદય : સારસ્વતમ સંચાલિત પુંજાભાઈ આણંદજી હાઈસ્કૂલ - નિરોણા ખાતે "પ્લાસ્ટિક મુક્ત વિદ્યાલયથી પ્લાસ્ટિક મુક્ત નીરોણા" અભિયાન અંતર્ગત એક અનોખી અને પ્રેરણાદાયી ઘટના બની હતી. ધોરણ ૯ની વિદ્યાર્થીની જીલ માલશીભાઈ માતંગે પોતાના ૧૫મા જન્મદિવસ નિમિત્તે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતા ૧૫ પ્લાસ્ટિકથી ભરેલ બોટલ શાળાના આચાર્યને સોંપી જન્મદિવસની ઉજવણી અલગ રીતે કરી હતી.

વિદ્યાર્થીનીના આ સકારાત્મક અને જાગૃત પ્રયાસને શાળાના આચાર્ય ડો. વી.એમ. ચૌધરી, ઈકો કલબ ઓફીસર અલ્પેશભાઈ જાની તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા બિરદાવવામાં આવ્યો હતો. સાથે સાથે જીલને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી તેના કાર્યને અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ ગણાવવામાં આવ્યું હતું. આવો પ્રયાસ સમાજમાં પર્યાવરણ જાગૃતિ ફેલાવવા માટે એક ઉત્તમ ઉદાહરણ બની રહ્યો છે.

# મુંદરામાં ભાજપ ચૂંટણી સમિતિની બેઠક



હાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે, ત્યારે દરેક પક્ષ પોત પોતાના ઉમેદવારો વિજય બને તે માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. તે વચ્ચે મુન્દ્રા બારોઈ નગરપાલિકા ચૂંટણી અંતર્ગત માંડવી મુંદરા ધારાસભ્યના કાર્યાલય ખાતે ચૂંટણી સમિતિની બેઠક મળી હતી. જેમાં આગળની રણનીતિ અંગે વિચાર વિમર્સ કરવામાં આવ્યો હતો.

# દેશલપર લક્ષ્મીનારાયણ મંદિરનો ત્રિદશાબ્દી મહોત્સવ ૨૫થી ૨૭ એપ્રિલે ઉજવાશે

## શોભાયાત્રા, યજ્ઞ, સંતવાણી અને સંગીત કાર્યક્રમો બનશે આકર્ષણ કેન્દ્ર

દેશલપર - કચ્છ ઉદય : દેશલપર સ્થિત લક્ષ્મીનારાયણ મંદિર સંસ્કારધામનો ત્રિદશાબ્દી મહોત્સવ તા. ૨૫થી ૨૭ એપ્રિલ દરમિયાન ભવ્ય રીતે ઉજવાશે. ત્રણ દિવસીય આ મહોત્સવ દરમિયાન ધાર્મિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કાર્યક્રમોની વિશાળ શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે નવનિર્માણ પામેલ અતિથિ ભવનનું લોકાર્પણ કરવામાં આવશે.

મહોત્સવને અનુલક્ષીને સમગ્ર મંદિર પરિસરને આકર્ષક રીતે શણગારવામાં આવ્યું છે. વિશાળ ઉદ્યાનનું નવીનીકરણ કરી તેમાં આયુર્વેદિક ઔષધિઓનું રોપણ કરવામાં આવ્યું છે, જેના દ્વારા પર્યાવરણ અને આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આયોજકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે અને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

તા. ૨૫ એપ્રિલે મહોત્સવનો પ્રારંભ ઉમિયાધામ વાંઢાયથી નીકળનારી ભવ્ય શોભાયાત્રાથી થશે, જે લક્ષ્મીનારાયણ મંદિર પરિસર સુધી પહોંચશે. બપોર બાદ સંતો દ્વારા આશીર્વચન આપવામાં આવશે. દ્વારકાપીઠના જગદ્ગુરુ સદાનંદ સરસ્વતી વર્ચ્યુઅલ માધ્યમથી આશીર્વાદ પાઠવશે, જ્યારે મહામંડલેશ્વર શાંતિનાથ બાપુ વિશેષ ઉપસ્થિતિ નોંધાવશે. પ્રથમ દિવસે રાત્રે સંતવાણી સાથે ધીરુભાઈ સરવૈયા દ્વારા હાસ્યરસનો કાર્યક્રમ યોજાશે.

તા. ૨૬ એપ્રિલે વિષ્ણુયાગ યજ્ઞ યોજાશે, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે. ત્યારબાદ સવજીભાઈ ધોળકિયા દ્વારા પ્રેરણાદાયી વક્તવ્ય આપવામાં આવશે. રાત્રે લોકપ્રિય ગાયિકા ગીતાબેન રબારીના સંગીત કાર્યક્રમનું આયોજન કરાયું છે, જે મહોત્સવનું મુખ્ય આકર્ષણ બનશે.

આ સમગ્ર આયોજન મહામંત્રી ઈશ્વરભાઈ ભાવાણીના માર્ગદર્શન હેઠળ પ્રમુખ ગંગારામ રામાણી, મોહનભાઈ ચોપડા, કિરીટભાઈ ભગત, બાબુભાઈ રૂડાણી સહિતના અગ્રણીઓ દ્વારા સંચાલિત કરવામાં આવી રહ્યું છે. મહોત્સવને સફળ બનાવવા માટે ગામજનો અને ભક્તોમાં ઉમંગ અને ઉત્સાહ છલકાઈ રહ્યો છે.

# રાપર જૂની ઝર શિવધારા આશ્રમના પૂર્વ મહંત કૈલાસવાસી થયા



રાપર - કચ્છ ઉદય : નિલપર બાદરગઢ તા.રાપર જળેશ્વર મહાદેવ જૂની ઝર શિવધારા આશ્રમના પૂર્વ ગાદીપતિ મહંત કૈલાસવાસી અમૃતગિરિ ગોસ્વામીએ અહી નિર્જન જગ્યાને ચેતનવંતી કરી, જંગલમાં મંગલ રચી દીધું છે. એમની ચિર વિદાયથી ભક્તગણમાં શોક છવાયો છે. એમણે આખા રાપર તાલુકામાં ક્યાંય હાટકેશ મંદિર ન હોતાં, એનાં નિર્માણ માટે સહયોગ આપવા તત્પરતા દાખવી હતી એમ જગદીશચંદ્ર છાયાએ જણાવ્યું હતું. હાલમાં સદગતના પુત્ર કિરણગિરી મહંત પદે બિરાજમાન છે.

# ખારવા સમાજના તૃતીય સમૂહ લગ્નોત્સવની ભવ્ય તૈયારી શરૂ

## સમાજની બેઠકમાં આયોજન, વ્યવસ્થા અને જોડાણ અંગે વિસ્તૃત ચર્ચા સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું

મુન્દ્રા - કચ્છ ઉદય : મુન્દ્રા ખારવા સમાજ દ્વારા આગામી તૃતીય સમૂહ લગ્ન મહોત્સવના આયોજનની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ સંદર્ભે તાજેતરમાં સમાજની મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમૂહ લગ્ન કાર્યક્રમની વ્યવસ્થા, આયોજન અને જોડાણ સંબંધિત મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન સમાજના આગેવાનો દ્વારા આવનારા સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા માટે વિવિધ સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વધુમાં વધુ પરિવારો જોડાય અને પરંપરાગત રીતે ભવ્ય રીતે લગ્નોત્સવ યોજાય તે માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

મુન્દ્રા ખારવા સમાજના પ્રમુખ રાજેશ માલમની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં કારોબારી સભ્યો અને સમાજના અગ્રણીઓએ સક્રિય ભાગ લીધો હતો. તમામ સભ્યો દ્વારા આયોજનને સુચારુ અને સફળ બનાવવા માટે સહકાર આપવાની ખાતરી આપવામાં આવી હતી.

કારોબારી દ્વારા સમૂહ લગ્નોત્સવની રૂપરેખા, તારીખો અને વ્યવસ્થાપન અંગે પ્રાથમિક માહિતી પણ રજૂ કરવામાં આવી હતી. સમાજના યુવાનો તથા અગ્રણીઓના સહયોગથી આ સમૂહ લગ્નોત્સવને ભવ્ય અને યાદગાર બનાવવા માટે તૈયારીઓ તેજ કરવામાં આવી છે.

# આજે પંજાબ સામે મુંબઈ ઈન્ડિયન્સની ટક્કર

(એજન્સી દ્વારા)

મુંબઈ : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૬ની ટી૨૦ ક્રિકેટ લીગમાં સતત સંઘર્ષ કરી રહેલી મુંબઈ ઈન્ડિયન્સની ટીમ ગુરુવારે અહીં રમાનારી મહત્વની મેચમાં ફોર્મમાં ચાલી રહેલી પંજાબ કિંગ્સ સામે ટકરાશે. એક તરફ મુંબઈ પોતાના અભિયાનને ફરી જીવંત કરવા આતુર છે તો બીજી તરફ ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માની સંભવિત ગેરહાજરીએ ટીમની ચિંતામાં વધારો કર્યો છે. આ ઉપરાંત જસપ્રિત બુમરાહ આ સિઝનમાં હજી સુધી એકેય વિકેટ લઈ શક્યો નથી. તે પણ પોતાની વિકેટનું ખાતું ખોલાવવા ઈચ્છશે. સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે.




**અજેય પંજાબ સામેના મુકાબલામાં સંઘર્ષ કરી રહેલી મુંબઈની ટીમ હારની હેટ્રિક બાદ જીત માટે આતુર હશે, સાંજે ૭.૩૦ કલાકથી પ્રારંભ**

મુંબઈ ઈન્ડિયન્સ માટે હવે પછીની તમામ મેચ અસ્તિત્વની લડાઈ સમાન રહેશે કેમ કે તે હાલમાં છેક નવમા ક્રમે છે. મંગળવારે ચેન્નાઈ સુપર કિંગ્સે તેની મેચ જીતીને આઠમો ક્રમ હાંસલ કરી લીધો હતો તો કોલકાતા નાઈટ રાઈડર્સ હવે એકમાત્ર એવી ટીમ છે જેણે એકેય મેચ જીતી નથી. ગયા રવિવારે રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામેની મેચ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે રોહિત શર્માને હેમસ્ટ્રિંગની ઈજા થઈ હતી. જેને કારણે તેણે મેદાન છોડવું પડ્યું હતું. ફરજિયાત જીતવી જ તેવી મેચમાં રોહિત રમશે કે નહીં તે હજી સ્પષ્ટ નથી. જો રોહિત ઉપલબ્ધ નહીં હોય તો મુંબઈના બેટિંગ ક્રમ પર મોટંવ દબાણ આવી શકે છે. મુંબઈએ આ મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે સામૂહિક પ્રદર્શન કરવાની તાતી જરૂર છે.

સિઝનની શરૂઆત અગાઉ મુંબઈની ટીમ કાગળ પર ખૂબ મજબૂત જણાતી હતી પરંતુ પ્રથમ મેચ જીત્યા બાદ તેનું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું છે. મુંબઈની મુખ્ય સમસ્યા 'પાવરપ્લે'માં જોવા મળી છે. છેલ્લી ચાર મેચમાં મુંબઈના બોલરો પાવરપ્લેમાં માત્ર ત્રણ વિકેટ ઝડપી શક્યા છે. આ ઉપરાંત જસપ્રિત બુમરાહ રન રોકવામાં સફળ રહ્યો છે પરંતુ આશ્ચર્યજનક રીતે તે છેલ્લી ચાર મેચમાં વિકેટ ઝડપી શક્યો નથી. તે સિવાય ટ્રેન્ટ બોલ્ટ અને હાર્દિક પંડ્યા જેવા અનુભવી બોલરો હોવા છતાં ટીમ શરૂઆતી સફળતા મેળવવામાં નિષ્ફળ રહી છે. માત્ર બોલિંગ જ નહીં પરંતુ બેટિંગમાં પણ મુંબઈ પાવરપ્લેનો ફાયદો ઉઠાવી શક્યું નથી. શરૂઆતમાં ધીમી ગતિએ રન કરવાને કારણે મધ્યમ ક્રમ પર દબાણ વધે છે. સૂર્યકુમાર યાદવે એક અડધી સદી ફટકારી છે પરંતુ તિલક વર્મા રન ફટકારવા માટે ઝઝૂમી રહ્યો છે. તિલકે છેલ્લી ચાર ઈનિંગ્સમાં ૨૦, ૦૦, ૧૪ અને એક રન કર્યો છે. ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર વિલ જેક્સની ટીમને ખોટ પડી રહી હોય તેમ લાગે છે. માર્ચમાં ટી૨૦ વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરનારો ઈંગ્લિશ ઓલરાઉન્ડર જેક્સ હજી સુધી આ સિઝનમાં રમ્યો નથી.


બીજી તરફ શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની પંજાબ કિંગ્સ આ સિઝનની સૌથી મજબૂત ટીમ તરીકે ઉભરી આવી છે. પંજાબે તેની અગાઉની મેચમાં હૈદરાબાદ સામે પાવરપ્લેમાં વિના વિકેટે ૯૩ રન ફટકારીને બધાને ચોંકાવી દીધા હતા. પ્રભસિમરન અને પ્રિયાંશ આર્યાની જોડી ફોર્મમાં છે, જ્યારે કૂપર કોનોલીના આવવાથી તેમનું બેટિંગ આક્રમણ વધુ મજબૂત બન્યું છે. પંજાબ માટે એકમાત્ર નબળી કડી અર્શદીપ સિંઘ છે, જેણે ચાર મેચમાં ૮૪ બોલમાં ૧૪૮ રન આપ્યા છે અને માત્ર બે જ વિકેટ ખેરવી છે.

## દરેક મેચમાં થઈ રહી છે આ મોટી ભૂલ

# હવે આઈપીએલમાં અમ્પાયરો પર લાગશે દંડ !

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલમાં આપણે સામાન્ય રીતે ખેલાડીઓ અને કેપ્ટનોને નિયમોના ઉલ્લંઘન બદલ દંડ ફટકારાતા જોયા છે. પરંતુ હવે ચર્ચા એ દિશામાં આગળ વધી રહી છે કે અમ્પાયરોને પણ જવાબદાર ઠેરવવામાં આવે. આઈપીએલ ૨૦૨૬ દરમિયાન રમાઈ રહેલી મેચો રોમાંચક તો છે, પરંતુ તેની સાથે એક ગંભીર સમસ્યા પણ સામે આવી રહી છે. ઘણી મેચો બિનજરૂરી રીતે લાંબી ચાલી રહી છે. કેટલાક મુકાબલા તો ૪ કલાકથી વધુ સમય સુધી ખેંચાઈ રહ્યા છે, જે ક્રિકેટના મૂળ સ્વરૂપ માટે ચિંતાજનક માનવામાં આવી રહ્યું છે.



ક્રિકેટના નિયમો બનાવતી સંસ્થા મેલબોર્ન ક્રિક ક્લબે આ મુદ્દે નારાજગી વ્યક્ત કરી છે. એમસીસીના ક્રિકેટ હેડ ફ્રેઝર સ્ટુઅર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે મેચ દરમિયાન ગતિ જાળવવાની મુખ્ય જવાબદારી અમ્પાયરોની હોય છે. તેમના મતે, હાલમાં અમ્પાયરો જરૂરી કડકાઈ દાખવી રહ્યા નથી, જેના કારણે રમત ધીમી પડી રહી છે.

ફ્રેઝર સ્ટુઅર્ટે મુંબઈ ક્રિકેટ એસોસિએશનમાં આપેલા નિવેદનમાં જણાવ્યું કે, "રમતને ચાલુ રાખવાનું કામ અમ્પાયરનું છે, પરંતુ હાલની સ્થિતિમાં તેઓ મેચને ધીમી થવા દે છે." તેમણે એ પણ કહ્યું કે જાહેરાતો અને બ્રેકના કારણે વિલંબ સમજાય છે, પરંતુ નિયમો હોવા છતાં તેનો યોગ્ય અમલ થતો નથી.

તેમણે એક ઉદાહરણ આપતા કહ્યું કે તેમણે એક મેચ દરમિયાન બીજી ઈનિંગ્સની માત્ર ૬-૭ ઓવર જોઈ અને સ્ટેડિયમ છોડીને હોટેલ પર ગયા. પરંતુ જ્યારે તેમણે ટીવી ચાલુ કર્યું ત્યારે હજુ પણ મેચમાં પાંચ ઓવર બાકી હતી. આ દર્શાવે છે કે મેચનો સમય કેટલો ખેંચાઈ રહ્યો છે.

હાલની પરિસ્થિતિમાં સ્લો ઓવર રેટ માટે ફક્ત કેપ્ટનોને જ દંડ ભરવો પડે છે. અત્યાર સુધીમાં પાંચ કેપ્ટનો પર કાર્યવાહી થઈ ચૂકી છે, જેમાં શ્રેયસ ઐયરને બે વખત દંડ થયો છે. ઉપરાંત હાર્દિક પંડયા, આંજીક્રીયે રહાણે, શુભમન ગીલ અને ઋતુરાજ ગાયકવાડ પર પણ દંડ ફટકારાયો છે. કુલ મળીને અત્યાર સુધીમાં ૮.૪ મિલિયન જેટલો દંડ વસૂલવામાં આવ્યો છે.

હવે એમસીસી તરફથી સૂચન કરવામાં આવ્યું છે કે જો મેચોમાં વિલંબ થાય છે, તો તેની જવાબદારી ફક્ત કેપ્ટન સુધી મર્યાદિત ન રાખવી જોઈએ. અમ્પાયરોને પણ જવાબદાર બનાવીને તેમની સામે દંડ જેવી કાર્યવાહી કરવામાં આવે, જેથી રમતનો સમય નિયંત્રિત રહી શકે. આ પ્રસ્તાવ અમલમાં આવે તો આઈપીએલમાં મેચોની ગતિમાં સુધારો જોવા મળી શકે છે અને દર્શકોને પણ વધુ સચોટ અને સમયસર મેચનો આનંદ મળશે.

# લખનૌ સામે રોયલ ચેલેન્જર્સનો પાંચ વિકેટે આસાન વિજય

(એજન્સી દ્વારા)

બેંગલોર : જોશ હેઝલવૂડ, રસિખ સલામ અને અનુભવી ભુવનેશ્વર કુમારની વેધક બોલિંગ બાદ વિરાટ કોહલી, રજત પાટીદાર અને જિતેશ શર્માની આક્રમક બેટિંગની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ગુરુવારે અહીં રમાયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ સામે પાંચ વિકેટે આસાન વિજય હાંસલ કરીને પોઈન્ટ ટેબલમાં મોખરાનું સ્થાન હાંસલ કરી લીધું હતું. તે હાલમાં આઠ પોઈન્ટ ધરાવે છે તો રાજસ્થાન રોયલ્સ પણ એટલા જ પોઈન્ટ પર છે પરંતુ બેંગલોરનો નેટ રનરેટ બહેતર છે.



અહીંના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં લખનૌની ટીમ ૨૦ ઓવરમાં ૧૪૬ રનના સામાન્ય સ્કોર પર આઉટ થઈ ગઈ હતી જેના જવાબમાં બેંગલોરે ૧૫.૧ ઓવરમાં પાંચ વિકેટે ૧૪૯ રન કરી લીધા હતા.

બેંગલોરની ઈનિંગ્સની શરૂઆતમાં ફિલ સોલ્ટ સસ્તામાં આઉટ થઈ ગયો હતો પરંતુ ત્યાર બાદ વિરાટ કોહલીએ ૩૪ બોલમાં ૪૯ રન ફટકાર્યા હતા તો કેપ્ટન રજત પાટીદારે ત્રણ સિક્સર સાથે ૧૩ બોલમાં ૨૭ અને જિતેશ શર્માએ નવ બોલમાં બે સિક્સર અને બે ચોગ્ગા સાથે આક્રમક ૨૩ રન ફટકાર્યા હતા. અગાઉ રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ટોસ જીત્યા બાદ લખનૌએ પ્રથમ બેટિંગ કરી હતી. આરસીબીના બોલર્સે જોશ હેઝલવુડની આગેવાનીમાં લખનૌ સુપર જાયન્ટ્સના બેટર્સની નબળાઈઓનો પૂરો ફાયદો ઉઠાવ્યો હતો. હેઝલવુડ ઉપરાંત રસિખ સલામ દાર અને ભુવનેશ્વર કુમારની સચોટ બોલિંગને કારણે જાયન્ટ્સ માત્ર ૧૪૬ રનનો નજીવા સ્કોર કરી શકી હતી.

## આરસીબીની જીત બાદ વિવાદ



(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી આઈપીએલ ૨૦૨૬ની ૨૩મી મેચમાં આરસીબીએ લખનૌ સુપર જાયન્ટ્સને ૫ વિકેટે હરાવી પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન મેળવી લીધું છે. જોકે, આ મેચ બાદ મળેલો 'પ્લેયર ઓફ ધ મેચ' એવોર્ડ ચર્ચાનો વિષય બન્યો છે. ૪ વિકેટ ઝડપનાર રસીખ સલામને બદલે માત્ર ૧ વિકેટ લેનાર જોશ હેઝલવુડને આ એવોર્ડ અપાતા પૂર્વ ક્રિકેટર આકાશ ચોપડાએ નારાજગી વ્યક્ત કરી છે.


લખનૌ વિરુદ્ધ આરસીબીના બોલરોએ તરખાટ મચાવ્યો હતો. જેમાં યુવા ફાસ્ટ બોલર રસીખ સલામ ડારે ૪ ઓવરમાં માત્ર ૨૪ રન આપીને ૪ મહત્વની વિકેટ ઝડપી હતી. બીજી તરફ જોશ હેઝલવુડે ૪ ઓવરમાં ૨૦ રન આપીને માત્ર ૧ વિકેટ લીધી હતી. આંકડાકીય રીતે રસીખનું પ્રદર્શન ઘણું ચઢિયાતું હોવા છતાં એવોર્ડ હેઝલવુડને આપવામાં આવ્યો.

પ્રખ્યાત કોમેન્ટેટર આકાશ ચોપડાએ કહ્યું કે, આરસીબી-એલએસજી મેચમાં રસીખ સલામને પ્લેયર ઓફ ધ મેચ કેમ ન આપવામાં આવ્યો? આ તો યુવા ખેલાડીની મહેનત સાથે અન્યાય છે. આકાશના મતે, જ્યારે રસીખ જેવા યુવા ખેલાડીઓ દિગ્ગજો વચ્ચે શાનદાર દેખાવ કરે ત્યારે તેમને પ્રોત્સાહન મળવું જોઈએ, નહીં તો તેમનો ઉત્સાહ ઘટી શકે છે.

# 'બીસીસીઆઈમાં ગૌતમ ગંભીરના અનેક દુશ્મન, સિલેક્ટર્સ પણ વિરુદ્ધમાં' મુનાફ પટેલના દાવાથી હોબાળો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય ટીમના પૂર્વ ખેલાડી મુનાફ પટેલે ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીર અંગે એવો ચોંકાવનારો દાવો કર્યો છે, જેનાથી નવો વિવાદ ઉભો થઈ શકે છે. જોકે મુનાફે મનખોલીને ગંભીરના વખાણ પણ કર્યા છે. મુનાફનું કહેવું છે કે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડમાં ગૌતમ ગંભીરના અનેક દુશ્મન છે, સિલેક્ટર્સ પણ તેમના વિરુદ્ધમાં છે, તેમ છતાં તેઓ માત્ર પોતાના કામ પર ધ્યાન કેન્દ્રીત કરે છે. મુનાફ પટેલે 'બોમ્બે સ્પોર્ટ એક્સચેન્જ'ના પૉડકાસ્ટમાં દાવો કર્યો છે કે, ગૌતમ ગંભીર માત્ર બહારથી જ નહીં, અંદરથી પણ વિરોધનો સામનો કરી રહ્યા છે. અનેક સિલેક્ટર્સ અને કોમેન્ટેટર્સને ગંભીર પસંદ નથી. મુનાફે ગંભીરના વખાણ કરતા કહ્યું છે કે, 'તેમનો કડક સ્વભાવ જ તેમની મોટી શક્તિ છે. તેઓ મોટા નામોથી પ્રભાવિત થતા નથી. તેઓ ટીમમાં શિસ્ત જાળવવા માટે કડક નિર્ણય લેવાથી પણ ખચકાતા નથી. આ જ કારણે ખેલાડીઓ તેમનાથી ડરે પણ છે અને સન્માન પણ કરે છે.' મુનાફે એવું પણ કહ્યું છે કે, જો ગંભીરને કોચ પદેથી હટાવવામાં આવે તો ટીમ ઈન્ડિયાને સંભાળવી મુશ્કેલ થઈ જશે. તેમના દાવા મુજબ વર્તમાન સમયમાં ગંભીર એવા કોચ છે, જેમણે ખેલાડીઓ પર નિયંત્રણ રાખેલં છે. જો કોચ ખેલાડીઓને મિત્ર બનાવશે તો ટીમની સિસ્ટમ બગડી શકે છે. પૂર્વ ક્રિકેટરે એમ પણ કહ્યું કે, ગંભીરના આ વલણના કારણે તેમના અનેક દુશ્મનો બની ગયા છે. બીસીસીઆઈમાં પણ તેમના અનેક દુશ્મનો છે. ગંભીરને કોમેન્ટ્રી પેનલના મોટાભાગના લોકો પસંદ કરતા નથી અને ૮૦ ટકા સિલેક્ટર્સ પણ તેમનાથી નાખુશ છે. તેમણે વધુમાં કહ્યું કે, અનેક પડકારો છતાં ગંભીર માત્ર પોતાના કામ પર ધ્યાન કેન્દ્રીત કરે છે. તેઓ કોઈપણ વિવાદને



નજરઅંદાજ કરીને ટીમને આગળ વધારી રહ્યા છે. તેમના કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયાએ સફળતા મળી છે, જે એ બાબતોનો પુરાવો છે કે, તેમનું વલણ ભલે કડક હોય, પરંતુ અસરદાર જરૂર છે. આમ તો કોચ ગૌતમ ગંભીરની આગેવાની હેઠળ ટીમ ઈન્ડિયાએ શાનદાર સફળતા મેળવી છે, તેમ છતાં તેઓ હંમેશા ચર્ચામાં રહે છે. ગંભીરને જુલાઈ-૨૦૨૪માં ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ બનાવાયા છે, ત્યારથી અત્યાર સુધીમાં ભારત બે વખત ચેમ્પિયન બન્યું છે. તેની આગેવાની હેઠળ ટીમ ઈન્ડિયા આઈસીસી ચેમ્પિયન ટ્રોફી-૨૦૨૫ અને ટી૨૦ વર્લ્ડકપ-૨૦૨૬માં ચેમ્પિયન બની છે. આ સફળતાઓ છતાં ગંભીર વિરુદ્ધની ટીકાઓ ઓછી થઈ નથી.

# અજિંક્ય રહાણેની કેપ્ટન્સી છીનવાઈ શકે, રિંકુ સિંહ પણ સદંતર નિષ્ફળ, કેકેઆર માટે માથાનો દુઃખાવો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કોલકાતા નાઈટ રાઈડર્સ માટે આઈપીએલ ૨૦૨૬ અત્યાર સુધી કોઈ ખરાબ સ્વપ્ન સાબિત થઈ રહ્યું છે. ટીમ માત્ર મેદાન પર જ નથી હારી રહી, પરંતુ તેની રણનીતિ અને નેતૃત્વ પર પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. ૫ મેચ અને એક પણ જીત મળી શકી નથી. આ આંકડો કેકેઆર ના ચાહકો માટે ચિંતાજનક છે.




કેકેઆરની સૌથી મોટી સમસ્યા એ છે કે, તે વર્તમાન પ્રદર્શન કરતા ભૂતકાળની યાદોમાં વધુ જીવી રહી છે. રિંકુ સિંહે ક્યારેક ૫ બોલમાં ૫ છક્કા માર્યા હતા, પરંતુ ટીમે એ પીક મોમેન્ટને કાયમી સત્ય માની લીધું છે. પૂર્વ ભારતીય કેપ્ટન કૃષ્ણમાચારી શ્રીકાંતે પણ આકરી ટીકા કરતા કહ્યું કે, રિંકુ સિંહ કોઈ વિસ્ફોટક ફિનિશર નથી. તે સ્ટ્રાઈક રોટેટ કરવામાં સારો છે, પણ જ્યારે રન રેટ ૧૦-૧૨ પર પહોંચે ત્યારે તે ફેલ જાય છે. આઈપીએલ ૨૦૨૬ની ૪ પારીઓમાં રિંકુનો સ્કોર ૩૩, ૩૫, ૪, અને ૬ રન રહ્યો છે. છેલ્લા ૨૬ આઈપીએલ પારીઓમાં તેના નામે એક પણ ફિફ્ટી નથી. તેમ છતાં, ૧૩ કરોડના આ ફિનિશરને ટીમ મેનેજમેન્ટ સતત પ્રમોટ કરી રહ્યું છે, જે હવે આત્મવિશ્વાસ નહીં પણ જિદ જેવું લાગી રહ્યું છે.

કેપ્ટન અજિંક્ય રહાણે માટે પણ આ સિઝન અત્યંત મુશ્કેલ બની રહી છે. જો સિઝનની વચ્ચે જ તેની પાસેથી કપ્તાની છીનવી લેવામાં આવે તો નવાઈ નહીં હોય. રહાણેનો આઈપીએલ કપ્તાનીનો રેકોર્ડ ખુબ જ નબળો છે. ૪૩ મેચોમાં કપ્તાની કરી હોવા છતાં તેનો જીતનો દર માત્ર ૩૪.૧૪% છે, જે ૩૦ થી વધુ મેચમાં કપ્તાની કરનાર ખેલાડીઓમાં સૌથી ખરાબ છે. રહાણેની બેટિંગમાં પણ એ આક્રમકતા જોવા નથી મળી રહી જે આજના ઈમ્પેક્ટ પ્લેયરના જમાનામાં જરૂરી છે. તેનો ૧૨૫ આસપાસનો સ્ટ્રાઈક રેટ ટોપ ઓર્ડર માટે પૂરતો નથી. આ અગાઉ પણ રાજસ્થાન રોયલ્સે રહાણેને વચ્ચે સિઝનમાંથી કપ્તાની પરથી હટાવ્યો હતો, એટલે જો **KKR** આ નિર્ણય લેશે તો તે રહાણે માટે નવી વાત નહીં હોય.

# 'નાડા' ના નવા લિસ્ટમાં અભિષેક - અક્ષર : નિયમોનું પાલન કરવું પડશે

(એજન્સી દ્વારા)


મુંબઈ : નેશનલ એન્ટી-ડોપિંગ એજન્સીએ ૨૦૨૬ ના બીજા ક્વાર્ટર માટે આરટીપી યાદી બહાર પાડી, જેમાં અભિષેક શર્મા અને અક્ષર પટેલનો સમાવેશ થયો. નવી યાદીમાં ૩૪૮ ખેલાડીઓનો સમાવેશ થાય છે જેમણે ડોપ પરીક્ષણ માટે નિયમિતપણે તેમના સ્થાનની માહિતી આપવી પડશે.



ભારતની નેશનલ એન્ટી-ડોપિંગ એજન્સીએ ૨૦૨૬ ના બીજા ક્વાર્ટર માટે તેના રજિસ્ટર્ડ ટેસ્ટિંગ પૂલની નવી યાદી બહાર પાડી છે, જેમાં અભિષેક શર્મા અને અક્ષર પટેલનો સમાવેશ થાય છે. આ બે ખેલાડીઓ સ્મૃતિ મંધાના અને શ્રેયસ ઐયરનું સ્થાન લે છે. આરટીપીમાં સમાવિષ્ટ ખેલાડીઓએ નાડા ને તેમના સ્થાનની માહિતી પ્રદાન કરવી જરૂરી છે અને દરરોજ નિયત સમયે ડોપ પરીક્ષણ માટે ઉપલબ્ધ રહેવું જરૂરી છે. ત્રણ વખત માહિતી સબમિટ કરવામાં નિષ્ફળતાને ડોપિંગ ઉલ્લંઘન ગણવામાં આવે છે.

એથ્લેટિક્સમાં રમતવીરોની સંખ્યા ૧૧૮ થી વધીને ૧૩૪ થઈ ગઈ છે. આમાં અવિનાશ સાબલે, જ્યોતિ યારાજી, તેજસ્વિન શંકર અને અનિમેષ કુજુર જેવા અગ્રણી નામોનો સમાવેશ થાય છે. શૈલી સિંહ, એમ. શ્રીશંકર અને તજિન્દરપાલ સિંહ તૂરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

## વિરાટ કોહલીના ફેન બન્યા સંજીવ ગોએન્કા



બેંગલુરું : બુધવારે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુએ લખનૌ સુપર જાયન્ટ્સને ૫ વિકેટથી હરાવ્યું. મેચની સૌથી યાદગાર ક્ષણ મેચના અંત પછી આવી, જ્યારે લખનૌના માલિક સંજીવ ગોએન્કા મેદાન પર આવ્યા અને વિરાટ કોહલીને ગળે લગાવ્યા અને તેમના ઉત્તમ પ્રદર્શનની પ્રશંસા કરી.હાર છતાં,ગોએન્કાનો આ હાવભાવ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

## નૂર અહેમદની સફળતામાં ધોનીનો 'ગુરૂમંત્ર' કામ કરી ગયો



(એજન્સી દ્વારા) ચેન્નાઈ : આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની બુધવારે રમાયેલી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ચેન્નાઈ સુપર કિંગ્સની સફળતામાં અફઘાનિસ્તાનના યુવાન સ્પિનર નૂર અહેમદે મુખ્ય ભૂમિકા ભજવી હતી. ચેન્નાઈ સુપર કિંગ્સના આસિસ્ટન્ટ કોચ શ્રીધરન શ્રીરામે મેચ બાદ જણાવ્યું હતું કે, નૂરની આ સફળતા પાછળ મહેન્દ્રસિંહ ધોનીનું માર્ગદર્શન જવાબદાર છે. શ્રીરામે કહ્યું હતું કે "ધોનીએ પ્રેક્ટિસ સેશન દરમિયાન નૂર સાથે લાંબી વાતચીત કરી હતી. તેણે નૂરને વધુ લેગ બ્રેક બોલ ફેંકવા પર ભાર મૂકવા જણાવ્યું હતું.

# આઈપીએલમાં હરતી ફરતી ફાઇવ સ્ટાર હોટલ

(એજન્સી દ્વારા)

નવી દિલ્લી : જો તમને લાગે કે આઈપીએલ ૨૦૨૬ માં ટીમ બસો ફક્ત ખેલાડીઓને હોટલથી સ્ટેડિયમ સુધી લઈ જવાનું એક સાધન છે, તો તમે ખોટા છો. આ બસો મૂળભૂત રીતે ફરતી ફાઈવ-સ્ટાર હોટલ છે, ખાસ કરીને ખેલાડીઓની સુવિધા, આરામ અને સલામતીને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે. આ બસો લક્ઝરી લાઉન્જ અથવા પ્રાઈવેટ સ્પેસ જેવી જ સુવિધાઓ આપે છે.




આઈપીએલ ટીમ બસોનો ખર્ચ નિયમિત બસો કરતાં અનેક ગણો વધારે હોય છે. એક ફ્રેન્ચાઈઝી તેની જરૂરિયાતો, કસ્ટમાઈઝેશન, બ્રાન્ડિંગ અને ટેકનોલોજીના આધારે બસ પર ૭૦ લાખથી ૧.૫ કરોડ સુધીનો ખર્ચ કરે છે. સરેરાશ, એક બસની કિંમત લગભગ ૧ કરોડ છે. જેટલી વધુ લક્ઝરી અને હાઈટેક સુવિધાઓ, તેટલી વધુ કિંમત. આ બસો નિયમિત કોમર્શિયલ કોચ જેવી નથી; તેમાં સંપૂર્ણપણે ફેરફાર કરવામાં આવ્યા છે. ટીમો પ્રીમિયમ બસ મેન્યુફેક્ચરર સાથે કામ કરીને ઈન્ટિરિયર ડિઝાઈન કરે છે જેથી ખેલાડીઓને તેમની મુસાફરી દરમિયાન આરામદાયક વાતાવરણ મળે. તેમાં અદ્યતન બેઠક વ્યવસ્થા, ઉચ્ચ તકનીકી મનોરંજન અને સરળ સવારી માટે સુધારેલ સસ્પેન્શન પણ છે. આ બધા પરિબળો ખર્ચમાં નોંધપાત્ર વધારો કરે છે. **IPL** માં બધું જ બ્રાન્ડિંગ વિશે છે, અને ટીમ બસ તેનો એક મહત્વપૂર્ણ ભાગ છે. દરેક બસ ટીમના રંગો, સ્પોન્સર લોગો અને ખેલાડીઓના ફોટા થી શણગારેલી છે.

## ગુજરાત ટાઈટન્સની મોટી જાહેરાત

અમદાવાદ : આઈપીએલ-૨૦૨૬માં અમદાવાદમાં એક મેચની તારીખમાં ફેરફાર થયા બાદ ગુજરાત ટાઈટન્સે ટિકિટો અંગે મહત્ત્વની જાહેરાત કરી છે. ટીમના ફ્રાન્ચાઈઝીએ ફેરફાર થયેલ મેચની ટિકિટો અંગે ટિકિટધારકોને બે વિકલ્પો આપ્યા છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારી ગુજરાત ટાઈટન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સની મેચ હવે ૨૬ એપ્રિલના બદલે ૨૧ મેના રોજ સાંજે ૭.૩૦ રમાશે. આ અંગે ગુજરાત ટાઈટન્સ ફ્રેન્ચાઈઝીએ ટિકિટ ખરીદનારા ચાહકો માટે મહત્વની જાહેરાત કરી છે. ગુજરાત ટાઈટન્સના જણાવ્યા મુજબ, જેમણે 'બુક માય શો' દ્વારા ટિકિટ બુક કરાવી છે તેમને એસએમએસ, વોટ્સએપ અથવા ઈમેઈલ દ્વારા બે વિકલ્પ આપવામાં આવશે, જેમાં ટિકિટ ખરીદનારાઓ ૨૧ મેએ યોજાનાર મેચ જોવા માટે ટિકિટ યથાવત્ રાખી શકશે અથવા ટિકિટ કેન્સલ કરાવીને સંપૂર્ણ રિફંડ મેળવી શકશે. જે ચાહકો રિફંડનો વિકલ્પ પસંદ કરશે, તેમને ૮થી ૧૦ દિવસોમાં રકમ પરત મળી જશે.

# જસપ્રિત બુમરાહ આઈપીએલની સળંગ પાંચ મેચમાં વિકેટવિહોણો

(એજન્સી દ્વારા)

મુંબઈ : જસપ્રિત બુમરાહ હાલમાં વિશ્વનો સૌથી ખતરનાક બોલર છે. તે ટેસ્ટ, વન-ડે કે ટી૨૦ કોઈ પણ ફોર્મેટમાં સતત સફળતા હાંસલ કરતો રહ્યો છે. હાલમાં રમાઈ રહેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મુંબઈ ઈન્ડિયન્સ માટે રમી રહેલો બુમરાહ ચાર મેચથી એકેય વિકેટ લઈ શક્યો નથી. મુંબઈની ટીમ ગુરુવારે પંજાબ કિંગ્સ સામે વાનખેડે સ્ટેડિયમ ખાતે આઈપીએલની મેચ રમશે જેમાં બુમરાહ આ સિઝનની પોતાની વિકેટોનું ખાતું ખોલાવે તેવી અપેક્ષા રખાય છે. મુંબઈની આ સિઝનની ચાર મેચમાં તેણે એકેય વિકેટ લીધી નથી. એટલું જ નહીં ગઈ સિઝનની મુંબઈની અંતિમ મેચમાં પણ તેણે વિકેટ લીધી ન હતી. આમ આઈપીએલમાં તે સળંગ પાંચ મેચથી વિકેટ લઈ રહ્યો નથી. યોગાનુયોગે બુમરાહ ગઈ સિઝનની છેલ્લી મેચમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પંજાબ સામે રમ્યો હતો અને ત્યારથી તેની વિકેટ નહીં લેવાની સફરની શરૂઆત થઈ હતી. હવે તે ગુરુવારે ફરીથી પંજાબ કિંગ્સ સામે જ રમવાનો છે ત્યારે અપેક્ષા રખાય છે કે તે આ વખતની સિઝનમાં પોતાની પહેલી વિકેટ લેશે. જોકે આ સળંગ પાંચ મેચના સિલસિલા સિવાય પણ બુમરાહની કારકિર્દીમાં એવા તબક્કા આવ્યા છે જ્યારે તેને સળંગ ત્રણ કે ચાર મેચમાં વિકેટ મળી ન હોય. તેણે ૨૦૧૩થી આઈપીએલમાં રમવાનું શરૂ કર્યું હતું.



# અંજાર વિસ્તાર માટે રૂા.30 કરોડના રસ્તાઓને લીલીઝંડી

## ત્રિકમભાઈ છાંગાની સતત રજૂઆત રંગ લાવી : ૧૫ માર્ગોના કામોને મંજૂરી : ગ્રામ્ય કનેક્ટિવિટી અને ટ્રાફિકમાં મળશે મોટી રાહત

અંજાર - કચ્છઉદય : વિધાનસભા વિસ્તાર માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ અને વ્યાપક વિકાસ પેકેજ જાહેર કરવામાં આવતા વિસ્તારના લોકોમાં ખુશીની લાગણી પ્રસરી છે. રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી તથા સ્થાનિક ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાની સતત રજૂઆતો અને પ્રયત્નોને પરિણામ સ્વરૂપ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંદાજે રૂા. ૨૯.૪૫ કરોડના માર્ગ વિકાસ કાર્યોને મંજૂરી આપી છે. આ નિર્ણયથી અંજાર અને ભુજ તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા સુવિધા વધુ મજબૂત બનશે.

આ પેકેજ હેઠળ કુલ ૧૫ જેટલા 'ખાસ કિસ્સા'ના માર્ગોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં રતનાલ-મોડસર (૭ કિ.મી.), ધાણેટી-ઉખડમોરા (૪.૫ કિ.મી.), મમુઆરા-હબાય (૬ કિ.મી.), ચાંદ્રોડા એપ્રોચ રોડ (૨ કિ.મી.), ચપરેડી-નાડાપા (૬ કિ.મી.), જવાહરનગર-મોડસર-હિરાપર (૩.૫ કિ.મી.), ન્યુ રતનાલ એપ્રોચ રોડ (૨ કિ.મી.), નવી દુધઈ-ઈન્દ્રપ્રસ્થ વિસ્તાર (૮ કિ.મી.), આંબાપર-ચાંદરાણી (૩.૧ કિ.મી.), ચંદિયા-મથડા (૬ કિ.મી.), પાંતિયા એપ્રોચ રોડ (૨ કિ.મી.), રાયપર-ખોખરા જોડતો માર્ગ (૧ કિ.મી.), બિટ્ટાવલાડિયા એપ્રોચ રોડ (૨ કિ.મી.) તેમજ રાતાતળાવ-સતાપર (૩.૫ કિ.મી.) જેવા માર્ગોના વિકાસનો સમાવેશ થાય છે. ઉપરાંત અંજાર કોર્ટથી રાધાનગર સુધીના માર્ગને પહોળો કરવાની મહત્વપૂર્ણ યોજના પણ આ મંજૂરીમાં સામેલ છે, જેમાં માર્ગની પહોળાઈ ૩.૭૫ મીટરથી વધારીને ૫.૫ મીટર કરવામાં આવશે. આથી ચિત્રકૂટ સર્કલ વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે ઘટશે અને શહેરમાં વાહન વ્યવહાર વધુ સરળ બનશે. નાગલપર, સિનુગ્રા, ખંભરા સહિતના વિસ્તારોના લોકો માટે આ માર્ગ મહત્વપૂર્ણ રાહતરૂપ બનશે.

ધાર્મિક અને પ્રવાસન દૃષ્ટિએ મહત્વ ધરાવતા રાતાતળાવ - સતાપર (સચ્ચિદાનંદ મંદિર) માર્ગના વિકાસથી ભક્તો અને પ્રવાસીઓને પણ વિશેષ લાભ મળશે. ગોવર્ધન પર્વત વિસ્તારમાં થયેલા વિકાસને ધ્યાનમાં રાખતા આ માર્ગ ભવિષ્યમાં પ્રવાસન માટે મહત્વપૂર્ણ સાબિત થશે. આ નિર્ણયને સચ્ચિદાનંદ સંપ્રદાયના ગાદીપતિ ત્રિકમદાસજી મહારાજે આવકાર્યો છે.

રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોના લોકો માટે સારા રસ્તા જીવનરેખા સમાન છે અને લાંબા સમયથી બાકી રહેલા આ માર્ગોને મંજૂરી અપાવવા સતત પ્રયત્નો કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી દ્વારા આ રજૂઆતને માન્યતા આપીને મોટી રકમ ફાળવતા તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.

આ વિકાસકાર્યોને મંજૂરી મળતા અંજાર તાલુકા ભાજપ પ્રમુખ બી.એન. આહીર, મહામંત્રી કાનજીભાઈ આહીર, રૂપાભાઈ રબારી, તાલુકા પંચાયત પ્રમુખ શોભનાબા જાડેજા, જિલ્લા કોષાધ્યક્ષ સુરેશભાઈ ટાંક, શહેર પ્રમુખ હિતેનભાઈ વ્યાસ, પૂર્વ પ્રમુખ ડેનીભાઈ શાહ સહિત અનેક આગેવાનો અને કાર્યકરોએ રાજ્યમંત્રીનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા. આ રીતે લગભગ રૂા. 30 કરોડના આ વિકાસ પેકેજથી અંજાર વિધાનસભા વિસ્તારમાં માર્ગ સુવિધાનો વ્યાપક સુધારો થશે, ગ્રામ્ય અને શહેરી વિસ્તારો વચ્ચેનું જોડાણ મજબૂત બનશે અને સમગ્ર વિસ્તારના આર્થિક-સામાજિક વિકાસને નવી દિશા મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# લાયન્સ ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સમાં સેવાકીય કાર્યોની ભવ્ય રજૂઆત

## ૨૨ વર્ષ બાદ ભુજને યજમાનીનો અવસર : 'અનંતમ' કોન્ફરન્સમાં વર્ષભરના પ્રોજેક્ટોની સમીક્ષા

ભુજ - કચ્છ ઉદય : લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-જેની ૩૭મી ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સ 'અનંતમ'નું ભવ્ય આયોજન ભુજ ખાતે કરવામાં આવ્યું હતું. લગભગ ૨૨ વર્ષ બાદ ભુજને આ પ્રતિષ્ઠિત કોન્ફરન્સની યજમાની કરવાનો અવસર મળ્યો હતો, જેને લઈને સમગ્ર શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

ડિસ્ટ્રીક્ટ ગવર્નર અભય શાહના નેતૃત્વ હેઠળ યોજાયેલી આ કોન્ફરન્સમાં કલબના સભ્યો, પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નરો, કેબિનેટ અધિકારીઓ તથા અનેક મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન વીતેલા ત્રિમાસિક તેમજ સમગ્ર વર્ષ દરમિયાન કરવામાં આવેલા સેવાકીય પ્રોજેક્ટોની વિગતવાર રજૂઆત અને સમીક્ષા કરવામાં આવી હતી.

કેબિનેટના પદાધિકારીઓ દ્વારા પોતાના ઝોન અને રિજિયનમાં થયેલા સેવાકીય કાર્યોનો વિસ્તૃત અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. વર્ષ દરમિયાન ૧૨ નવી ક્લબોની સ્થાપના, વિવિધ સેવા પ્રવૃત્તિઓ, આરોગ્ય, શિક્ષણ અને સમાજલક્ષી પ્રોજેક્ટ્સ મારફતે હાંસલ કરેલી સિદ્ધિઓની સમીક્ષા કરવામાં આવી હતી.

કોન્ફરન્સ દરમિયાન સન્માન સમારોહ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રેષ્ઠ કામગીરી કરનારા સભ્યોને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન અભય શાહે પ્રાસંગિક ઉદ્બોધન આપતાં સેવાકીય પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવા અનુરોધ કર્યો હતો. વિશેષ કાર્યક્રમમાં ભુજની શી-ટીમના રમીલાબેન અને શીતલબેને મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણ અંગે પ્રેરણાદાયી ઉદ્બોધન આપ્યું હતું.

આ કોન્ફરન્સમાં ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-જેના ૨૪ પૂર્વ ગવર્નરો, ૨ પૂર્વ મલ્ટિપલ કાઉન્સિલ ચેરમેન, આગામી વર્ષે ડિસ્ટ્રીક્ટ ગવર્નર બનનાર રાજકોટના ડો. હાર્દિક મહેતા તથા વાઈસ ગવર્નર જામનગરના નીરવ વડોદરિયા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે યોજાયેલી દ્વિતીય વાઈસ ગવર્નર ચૂંટણીમાં જૂનાગઢના જયકિશન દેવાણી વિજયી બનતા તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સનું સંચાલન યોગિતા હાથી અને પ્રફુલ્લ શાહે કર્યું હતું, જ્યારે આભારવિધિ ડિસ્ટ્રીક્ટ કેબિનેટ સેક્રેટરી સંજય ઠક્કરે વ્યક્ત કરી હતી. હોસ્ટ લાયન્સ ક્લબ ભુજના પ્રમુખ ચંદ્રકાંત સોની સહિત ઝોન-૧ અને ઝોન-૨ના સભ્યોએ સમગ્ર આયોજનની સફળ વ્યવસ્થા સંભાળી હતી.

# વેડહારમાં આનંદેશ્વર મહાદેવ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

## 30 લાખના ખર્ચે નિર્મિત મંદિરના પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે શોભાયાત્રા, યજ્ઞ અને સંતસંગથી સમગ્ર વિસ્તાર ભક્તિમય બન્યો

ભુજ - કચ્છ ઉદય : નખત્રાણા તાલુકાના વેડહાર ગામે માલદે સોઢા શરણાર્થીઓના સહયોગથી અંદાજે 30 લાખના ખર્ચે નિર્મિત નવનિર્મિત આનંદેશ્વર મહાદેવ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અત્યંત ભવ્ય અને ધાર્મિક શ્રદ્ધાભાવ સાથે ઉજવાયો હતો. આ પ્રસંગે સમગ્ર ગામ સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા અને આખું વાતાવરણ ભક્તિરસમાં તરબોળ બની ગયું હતું.

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના પ્રારંભે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. શોભાયાત્રા દરમિયાન વેડહાર તલવાર રાસ અને કચ્છી વાવલે જેવા લોકનૃત્યોની ઝાંખીએ સૌનું વિશેષ આકર્ષણ ખેંચ્યું હતું. "હર હર મહાદેવ"ના નાદથી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યો હતો અને સરહદ વિસ્તાર સુધી ભક્તિની ગૂંજ સંભળાઈ હતી.

મહોત્સવ દરમિયાન વિવિધ સંતો-મહંતોની પાવન ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ આધ્યાત્મિક બનાવ્યો હતો. શાંતિદાસ બાપુ, કલ્યાણદાસ બાપુ, હરિસિંહ દાદા, જગજીવનદાસ બાપુ, દિલીપ દાદા કાપડી, મહેશનાથ બાપુ, પરસોત્તમ બાપુ, બાલકનાથ બાપુ, પીર ભેરજી દાદા, પીર દિલીપસિંહ દાદા, અંતરબા, ઈશ્વરપુરી માતાજી, કાનજી કાપડી દાદા સહિત અનેક સંતોએ આશીર્વચન આપ્યા હતા. તેમના આશીર્વાદથી સમગ્ર ધાર્મિક પ્રસંગ વધુ પાવન અને અર્થસભર બન્યો હતો.

પ્રાણપ્રતિષ્ઠા વિધિ અંતર્ગત હોમ-હવન, મહાઆરતી, સ્થાપિત દેવોની વિધિવત પૂજા, સંતવાણી તેમજ રાસગરબા જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. યજ્ઞના આચાર્ય તરીકે શાસ્ત્રી યોગેશભાઈ શ્યામસુંદર દ્વારા તમામ વિધિઓ શાસ્ત્રોક્ત રીતે સંપન્ન કરાવવામાં આવી હતી. આ ધાર્મિક મહોત્સવ દરમિયાન ગામના આગેવાનો અને દાતાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનમાં દિલીપસિંહ, શંકરસિંહ, બળવંતસિંહ, લક્ષ્મણસિંહ, ચતુરસિંહ, મહાદાનસિંહ, વિક્રમસિંહ, દશરથસિંહ, ખેતસિંહ બહાદુરસિંહ સહિત અનેક આગેવાનો અને ગ્રામજનોનો સક્રિય સહયોગ રહ્યો હતો. સંચાલન લક્ષ્મણસિંહ સોઢાએ અને આભારવિધિ નવુભા સોઢાએ વ્યક્ત કરી હતી. સમગ્ર વેડહાર ગામમાં આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને અનોખો ભક્તિભાવ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

# ભુજના ડો. ગૌરવ દિવાણીને રાષ્ટ્રીય મંચ પર 'યંગ શાઇનિંગ સ્ટાર' એવોર્ડ

ભુજ - કચ્છ ઉદય : ભુજની જાણીતી સંઘવી હોસ્પિટલના કાર્ડિયોલોજિસ્ટ ડો. ગૌરવ દિવાણી (પટેલ)ને તાજેતરમાં યોજાયેલી રાષ્ટ્રીય સ્તરની પ્રતિષ્ઠિત કોન્ફરન્સમાં 'યંગ શાઈનિંગ સ્ટાર કાર્ડિયોલોજિસ્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત નહીં પરંતુ સમગ્ર સંઘવી હોસ્પિટલની પ્રતિબદ્ધતા અને ગુણવત્તાયુક્ત આરોગ્યસેવાનું પ્રતિબિંબ ગણાઈ રહી છે.

હોસ્પિટલ મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ડો. ગૌરવ દિવાણીએ ખૂબ ઓછા સમયમાં જ દર્દીઓમાં વિશ્વાસ અને શ્રદ્ધા ઊભી કરી છે. આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ, સચોટ નિદાન અને સમયસર ઈન્ટરવેન્શન દ્વારા તેમણે અનેક જટિલ હૃદયરોગના કેસોમાં સફળ સારવાર આપી છે. ખાસ કરીને એન્જિયોપ્લાસ્ટી અને ઈમર્જન્સી કાર્ડિયાક કેર ક્ષેત્રે તેમની કુશળતા નોંધપાત્ર રહી છે.

આજના સમયમાં યુવાનોમાં પણ હૃદયરોગના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે. વધતો માનસિક તણાવ, બેસતી જીવનશૈલી, અનિયમિત ખોરાકની આદતો અને અસ્થિર સમયપત્રક જેવા પરિબળો તેની પાછળના મુખ્ય કારણો માનવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં સમયસર તપાસ અને યોગ્ય સારવાર અત્યંત જરૂરી બની છે. સંઘવી હોસ્પિટલ દ્વારા જનજાગૃતિ માટે પણ વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નિયમિત હેલ્થ ચેકઅપ કેમ્પ, હાર્ટ અવેરનેસ કાર્યક્રમો અને ઝડપી ઈમર્જન્સી રિસ્પોન્સ સેવાઓ દ્વારા લોકો સુધી ગુણવત્તાયુક્ત સારવાર પહોંચે તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. હોસ્પિટલ મેનેજમેન્ટે જણાવ્યું હતું કે, આગામી સમયમાં પણ અદ્યતન કાર્ડિયાક કેર, નવીન સારવાર પદ્ધતિઓ અને આરોગ્ય જાગૃતિ માટે સતત કાર્ય કરવામાં આવશે. ડો. ગૌરવ દિવાણીને મળેલ આ સન્માનથી ભુજ શહેર તેમજ સમગ્ર કચ્છ જિલ્લામાં ગૌરવની લાગણી પ્રસરી છે અને આરોગ્યક્ષેત્રે કાર્યરત અન્ય તબીબોને પણ પ્રેરણા મળી રહી છે.

# ભક્તિ પરિપક્વ થાય ત્યારે જીવન બને નિર્મળ

## માનકૂવામાં ભાગવત કથામાં માતાજીની ભક્તિનો મહિમાગાન : માનસરોવર રામમંદિરે પિતૃ મોક્ષાર્થે યોજાયેલી કથામાં ચૈત્ર નવરાત્રિનું આધ્યાત્મિક મહત્વ સમજાવાયું

માનકુવા - કચ્છ ઉદય : ભુજ તાલુકાના માનકુવા ગામે આવેલ માનસરોવર રામમંદિરમાં પિતૃઓના મોક્ષાર્થે યોજાયેલી શ્રીમદ્ ભાગવત કથામાં માતાજીની ભક્તિનું વિશેષ મહિમાગાન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી ભાવભેર કથા શ્રવણનો લાભ લીધો હતો અને સમગ્ર પરિસરમાં ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનો અનોખો માહોલ છવાઈ ગયો હતો.

વ્યાસપીઠ પરથી કથાવક્તા જયેશ મનસુખલાલ ઉપાધ્યાય (માનકૂવા)એ ચૈત્ર નવરાત્રિના આધ્યાત્મિક મહત્વ પર વિશદ સમજ આપતા જણાવ્યું હતું કે નવરાત્રિ આત્મકલ્યાણનું પર્વ છે, જે મનુષ્યને અંદરથી શુદ્ધિ તરફ લઈ જાય છે. માતાજીની શક્તિમાં શ્રદ્ધા અને ભક્તિ સાથે જીવન જીવવાથી માનવજીવનમાં સુરક્ષા, સંતુલન અને સકારાત્મકતા પ્રગટ થાય છે. તેમણે કહ્યું હતું કે ભગવતી દુષ્ટ શક્તિઓનો નાશ કરે છે અને ભક્તને ધર્મમાર્ગે આગળ વધારવામાં સહાયરૂપ બને છે.

તેમણે મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીની આરાધનાનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે આ ત્રિશક્તિના સમન્વયથી જીવનમાં જ્ઞાન, સમૃદ્ધિ અને શક્તિનો વિકાસ થાય છે. શિવ અને શક્તિ એક જ તત્ત્વના બે રૂપ છે, જે જીવનમાં સંતુલન અને આધ્યાત્મિક ઊંચાઈ આપે છે. ચૈત્ર સુદ એકમથી શરૂ થતી નવદૂર્ગાની આરાધના મનુષ્યને આધ્યાત્મિક માર્ગે આગળ વધારતી હોવાનું તેમણે કહ્યું હતું.

વક્તાએ વધુમાં સમજાવ્યું હતું કે જેમ કેરી પાકે ત્યારે મીઠી અને સ્વાદિષ્ટ બને છે, તેમ માતાજીની ભક્તિ જ્યારે પરિપક્વ બને છે ત્યારે મનુષ્યમાં સાત્ત્વિકતા ઉત્પન્ન થાય છે અને તેનું સમગ્ર જીવન નિર્મળ અને પવિત્ર બની જાય છે.

આ ધાર્મિક કથાના મુખ્ય યજમાન વાલજી કુરજી વરસાણી પરિવાર રહ્યા હતા. માનસરોવર રામમંદિર ખાતે યોજાયેલી કથાનું આયોજન મંદિર સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. પૂજનવિધિ હરીશંકર દ્વારા વિધિવત રીતે સંપન્ન કરાઈ હતી, જ્યારે માનસરોવર કારોબારી સમિતિએ સમગ્ર વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો.

રાત્રિના સમયે રાસ-ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગોપાલ ગઢવી (મિરજાપર) દ્વારા ભજન અને ગરબાની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગામમાં ભક્તિરસનો પ્રવાહ વહેતો રહ્યો હતો અને ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# માર્ગ કામ વચ્ચે શેખપીર ચોકડી પર ટ્રાફિક ઠપ્પ

## અવ્યવસ્થિત ટ્રાફિક નિયંત્રણ અને ધૂળથી વધ્યું જોખમ, લોકોને તંત્ર સામે રોષ

કુકમા - કચ્છ ઉદય : ભુજ-ભચાઉ હાઈવે પર આવેલ શેખપીર ચોકડી પાસે માર્ગ નિર્માણ કાર્યના કારણે ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો, જેના કારણે વાહન ચાલકોને લાંબા સમય સુધી રસ્તા પર જ અટવાઈ રહેવું પડ્યું હતું. ખાસ કરીને ઓફિસ અને શાળા સમય દરમિયાન જામ સર્જાતા દૈનિક મુસાફરો માટે પરિસ્થિતિ વધુ મુશ્કેલ બની હતી.

માહિતી મુજબ હાઈવે પર ચાલી રહેલા કામને કારણે માર્ગ સંકોચાઈ ગયો હતો, જેના કારણે ટ્રક, ટ્રેઈલર અને નાના વાહનો વચ્ચે અવરોધ સર્જાઈ લાંબી કતારો લાગી ગઈ હતી. અનેક વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહ્યા હતા, જેના કારણે સમય અને ઈંધણ બન્નેનો વ્યય થયો હતો.

જામ દરમિયાન રસ્તાની બાજુના કાચા માર્ગ પરથી પસાર થતાં વાહનોના કારણે ભારે ધૂળ ઉડી રહી હતી, જેના કારણે દશ્યતા ઓછી થઈ ગઈ હતી. આ પરિસ્થિતિમાં ખાસ કરીને બાઈકચાલકો અને નાના વાહનચાલકો માટે અકસ્માતનો ભય ઊભો થયો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર માર્ગ નિર્માણ કાર્ય દરમિયાન યોગ્ય ટ્રાફિક મેનેજમેન્ટનો અભાવ રહેતો હોવાથી આવી સમસ્યાઓ વારંવાર સર્જાય છે. માર્ગદર્શક બોર્ડ, ડાયવર્ઝન અને ટ્રાફિક નિયંત્રણ માટે કોઈ અસરકારક વ્યવસ્થા ન હોવાને કારણે પરિસ્થિતિ વધુ બગડે છે.

આ પરિસ્થિતિને પગલે સ્થાનિક લોકોએ તંત્રને તાત્કાલિક પગલાં લેવા અપીલ કરી છે. માર્ગ નિર્માણ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થાને પ્રાથમિકતા આપવામાં આવે, યોગ્ય સંકેતચિહ્નો મુકવામાં આવે અને ધૂળ નિયંત્રણ માટે નિયમિત પાણીનો છંટકાવ કરવામાં આવે તો મુસાફરોને રાહત મળી શકે તેમ છે.

# માધાપર માર્ગે ગણેશ કાંટા પાસે સર્કલ અવગણનાનો ભોગ

## જાળવણીના અભાવે રોપા સૂકાયા, ગ્રિલ તૂટી : ભારે વાહનોના ધક્કાથી સર્કલ બગડ્યું : સુંદરતા બદલે જોખમનું કેન્દ્ર બન્યું

માધાપર - કચ્છ ઉદય : માધાપર નળવાળા સર્કલથી મહિલા આશ્રમ ચોકડી સુધીના ફોરલેન માર્ગ પર ગણેશ કાંટા અને હિતેન ધોળકિયા પ્રાથમિક શાળા પાસે તાજેતરમાં બનાવવામાં આવેલું સર્કલ હવે યોગ્ય જાળવણીના અભાવે બગડી જતાં સ્થાનિકોમાં ચિંતા અને રોષ બંને જોવા મળી રહ્યા છે.

આ સર્કલનું નિર્માણ સમયે સુંદર લેન્ડસ્કેપિંગ સાથે વૃક્ષારોપણ અને ઘાસવાવેતર કરવામાં આવ્યું હતું, જેથી માર્ગને આકર્ષક બનાવાઈ શકે. સાથે જ છોડની સુરક્ષા માટે લોખંડી ગ્રિલ પણ લગાવવામાં આવી હતી. પરંતુ થોડા જ મહિનામાં યોગ્ય સંભાળના અભાવે સમગ્ર વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ગ્રિલમાં બનાવવામાં આવેલા ખુલ્લા ભાગોમાં દરવાજા ન લગાવાતા રખડતાં ઢોરો સરળતાથી અંદર ઘૂસી ગયા હતા અને નવા રોપાઓને નુકસાન પહોંચાડ્યું હતું. સમયસર પાણીની વ્યવસ્થા અને નિયમિત દેખરેખ ન રાખવાના કારણે મોટાભાગના છોડ અને ઘાસ સૂકાઈ ગયા છે, જેના કારણે સર્કલની સુંદરતા સંપૂર્ણ રીતે નષ્ટ થઈ ગઈ છે.

આ સાથે જ હાઈવે પર ચાલતા ભારે વાહનોની અવરજવર દરમિયાન અનેક વખત ટક્કર લાગવાથી લોખંડી ગ્રિલ તૂટી ગઈ છે. પરિણામે સર્કલ માત્ર બિનઆકર્ષક જ નહીં પરંતુ હવે જોખમી પણ બની ગયું છે.

વળાંકવાળા સ્થળે આવેલું હોવાથી વાહનચાલકો માટે દશ્યતા ઘટે છે અને અકસ્માતની સંભાવના સતત રહે છે.

આ માર્ગ પરથી ખાવડા તરફથી મીઠું ભરેલા ટ્રક, સિમેન્ટ અને લિગ્નાઈટ જેવા ભારે વાહનોનો ભારે ટ્રાફિક રહે છે. તેમજ નજીકમાં શાળા હોવાથી બાળકો અને પદયાત્રીઓની અવરજવર પણ રહે છે, જેના કારણે આ વિસ્તાર વધુ સંવેદનશીલ બન્યો છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે લાખો રૂપિયાના ખર્ચે બનાવાયેલું આ સર્કલ માત્ર થોડા મહિનામાં જ અવ્યવસ્થાનો શિકાર બન્યું છે. જો તાત્કાલિક જાળવણી અને સુધારણા કરવામાં નહીં આવે તો અહીં ગંભીર અકસ્માત સર્જાવાની શક્યતા નકારી શકાય તેવી નથી.

લોકોએ તંત્રને અપીલ કરી છે કે તાત્કાલિક ધોરણે સર્કલનું પુનઃમરામત કામ, રોપાઓની સુરક્ષા માટે મજબૂત વ્યવસ્થા, નિયમિત પાણી પુરવઠો તેમજ ભારે વાહનોની ગતિ નિયંત્રણ માટે સ્પીડ બ્રેકર અથવા અન્ય ટ્રાફિક નિયંત્રણ પગલાં અમલમાં મુકવામાં આવે, જેથી આ સ્થળ ફરીથી સુરક્ષિત બની શકે.

# અબડાસામાં કોમર્શિયલ ગેસની અછતથી હોટેલ-કેટરિંગ ઉદ્યોગ પર સંકટ

## નલિયા એક માત્ર એજન્સી પર ભાર વધ્યો : વેપારીઓના ઓર્ડર અટવાયા, તાત્કાલિક વ્યવસ્થા કરવાની માંગ તેજ : લગ્નસરા સિઝનમાં પણ પુરવઠો ખોરવાયો

નલિયા - કચ્છ ઉદય : અબડાસા તાલુકામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની સતત અછતને કારણે કેટરિંગ વ્યવસાય, મીઠાઈ ઉત્પાદન એકમો, હોટેલ્સ, નાસ્તા ગૃહો તથા નાના ફૂડ સ્ટોલ સંચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને હાલ ચાલી રહેલી લગ્નસરાની સિઝનમાં માંગ અનેકગણી વધી હોવા છતાં પુરવઠો સમયસર ન મળતા સમગ્ર વેપાર ચક્ર ખોરવાઈ ગયું છે. મળતી વિગતો મુજબ સમગ્ર અબડાસા તાલુકામાં કોમર્શિયલ ગેસનું વિતરણ મુખ્યત્વે નલિયા સ્થિત એકમાત્ર એજન્સી મારફતે થતું હોવાથી ભારે દબાણ સર્જાયું છે. માંગની તુલનામાં પુરવઠો ઓછો મળતાં કેટરિંગ ઓર્ડર સમયસર પૂર્ણ કરી શકાતાં નથી, જેના કારણે ગ્રાહકો સુધી સેવા પહોંચાડવામાં વિલંબ થઈ રહ્યો છે અને વેપારીઓને સીધું આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે.

કેટરર્સ એસોસિયેશનના પ્રતિનિધિ દિનેશ સિંધવે જણાવ્યું હતું કે હાલ લગ્નસરા ઉપરાંત વિવિધ સામાજિક કાર્યક્રમો અને સ્થાનિક ઈવેન્ટ્સના કારણે કામકાજમાં તેજી છે, પરંતુ ગેસ સિલિન્ડર નિયમિત ન મળતા રસોઈ વ્યવસ્થા ખોરવાઈ રહી છે. અનેક વખત ઓર્ડર સ્વીકાર્યા બાદ પણ પૂરતો ગેસ ઉપલબ્ધ ન હોવાથી સમયસર ભોજન તૈયાર કરી શકાતું નથી, જેના કારણે વેપારીઓની પ્રતિષ્ઠા પર પણ અસર પડી રહી છે. મીઠાઈ અને ફરસાણ ઉદ્યોગ સાથે જોડાયેલા વેપારીઓ તેમજ સાંજના નાસ્તા વેચતા નાના વ્યવસાયકારો પણ આ પરિસ્થિતિથી પ્રભાવિત થયા છે. ગેસના અભાવે ઉત્પાદન પ્રક્રિયા ધીમી પડી ગઈ છે, પરિણામે તૈયાર માલ સમયસર બજારમાં પહોંચતો નથી અને ગ્રાહક માંગ પૂરી કરવામાં મુશ્કેલી સર્જાઈ રહી છે. કેટલીક જગ્યાએ તો ઉત્પાદન ઘટાડવાની ફરજ પડી રહી હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. વેપારી વર્ગનું કહેવું છે કે સીઝનલ ડિમાન્ડને ધ્યાનમાં રાખીને પૂર્વ આયોજન અને વધારાના સ્ટોકની વ્યવસ્થા કરવી જરૂરી હતી, પરંતુ હાલની સ્થિતિમાં આયોજનની કમી સ્પષ્ટ દેખાઈ રહી છે. ખાસ કરીને લગ્નસરા જેવા પીક સમયગાળામાં આવી અછત સર્જાવાથી સમગ્ર વેપાર ક્ષેત્ર પર દબાણ વધી ગયું છે.

સ્થાનિક વેપારી સંગઠનો અને કેટરિંગ એસોસિયેશને તંત્રને તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની અપીલ કરી છે. તેમની માંગ છે કે કોમર્શિયલ ગેસ સપ્લાય વ્યવસ્થાને મજબૂત બનાવવામાં આવે, વધારાનો પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવે અને નિયમિત વિતરણ સુનિશ્ચિત કરવામાં આવે, જેથી અબડાસા તાલુકાના નાના-મોટા ઉદ્યોગોને થતું નુકસાન અટકાવી શકાય. વેપારીઓએ ચેતવણી પણ આપી છે કે જો આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ નહીં લાવવામાં આવે તો આગામી દિવસોમાં કેટરિંગ, મીઠાઈ અને ફૂડ ઉદ્યોગને વધુ ગંભીર અસર પહોંચી શકે છે, જેનો સીધો પ્રભાવ રોજગાર અને સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓ પર પણ પડશે.

# ગાંધીધામમાં જૂના કોચમાંથી બનશે આધુનિક રેસ્ટોરાં

## કોચ રેસ્ટોરાંથી પ્રવાસીઓને મળશે ટ્રેનમાં ભોજનનો રોમાંચક અનુભવ : કામ ઝડપ ભેર આગળ

ગાંધીધામ - કચ્છ ઉદય : કચ્છ જિલ્લામાં રેલવે દ્વારા મુસાફરો માટે આધુનિક સુવિધાઓ વધારવાના ભાગરૂપે નવા-નવા પ્રકલ્પો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ જ શ્રેણીમાં ગાંધીધામ રેલવે સ્ટેશન પાસે શરૂ કરવામાં આવેલ કોચ રેસ્ટોરાં પ્રોજેક્ટ હાલ નિર્માણાધીન છે, જે પૂર્ણ થયા બાદ પ્રવાસન અને હૉસ્પિટાલિટી ક્ષેત્રે એક નવી ઓળખ ઊભી કરશે.

રેલવે વિભાગ દ્વારા સમગ્ર દેશમાં જૂના અને ઉપયોગમાંથી બહાર થયેલા કોચને રીનોવેટ કરીને તેમાં રેસ્ટોરાં વિકસાવવાનો નવતર વિચાર અમલમાં મૂકવામાં આવ્યો છે. આ જ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીધામમાં પણ આ પ્રકારનું અનોખું ડાઈનિંગ સ્પેસ તૈયાર થઈ રહ્યું છે. રેલવે સ્ટેશનની બાજુમાં જ આ કોચ રેસ્ટોરાંનું નિર્માણ કાર્ય તેજ ગતિએ ચાલી રહ્યું છે.

મળતી વિગતો મુજબ, જૂના રેલવે કોચને સંપૂર્ણ રીતે આધુનિક ડિઝાઈન સાથે રૂપાંતરિત કરવામાં આવશે. નેશનલ હાઈવેના સર્વિસ રોડ તરફથી પ્રવેશદ્વાર તૈયાર કરવામાં આવી રહ્યો છે, જ્યારે રેલવે ટ્રેક નજીક ખાસ પાટા બિછાવીને કોચને સ્થાપિત કરવાની યોજના છે. આ સમગ્ર પ્રોજેક્ટને આકર્ષક અને પરિવારમૈત્રી બનાવવા માટે વિશેષ ડિઝાઈનિંગ કરવામાં આવી રહ્યું છે.

આ કોચ રેસ્ટોરાંમાં એકસાથે અંદાજે ૪૦ જેટલા લોકો બેસીને ભોજન કરી શકશે. ખાસ વાત એ છે કે અહીં ભોજન દરમિયાન લોકોને ટ્રેનમાં મુસાફરી કરતા હોવાનો અનુભવ મળશે, જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. ઉપરાંત બહાર ખુલ્લી અને આરામદાયક બેઠક વ્યવસ્થા પણ વિકસાવવામાં આવી રહી છે, જેથી વિવિધ વયના લોકો માટે અનુકૂળ વાતાવરણ મળી રહે.

પ્રોજેક્ટ હેઠળ સમગ્ર પરિસરને સુંદર અને આકર્ષક બનાવવા માટે ગાર્ડનિંગ તેમજ લેન્ડસ્કેપિંગનું કામ પણ હાથ ધરવામાં આવ્યું છે. સાથે જ ઈ-આકારનું કોમર્શિયલ કોમ્પ્લેક્સ પણ વિકસાવવામાં આવી રહ્યું છે, જેમાં દુકાનોનું મોટાભાગનું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે. આ સમગ્ર વિસ્તારને પ્રવાસન અને વેપારનું નવું કેન્દ્ર બનાવવા માટે આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાથમિક માહિતી મુજબ, આ પ્રોજેક્ટ માટે રેલવે દ્વારા જૂનો કોચ ફાળવી દેવામાં આવ્યો છે અને જરૂરી પાટા પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. જોકે, ટેકનિકલ અને લોજિસ્ટિક કારણોસર કોચને સ્થળ પર લાવવામાં થોડી મુશ્કેલી ઉભી થઈ રહી છે, જેના નિરાકરણ માટે કામગીરી ચાલી રહી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગાંધીધામમાં રેલવે સ્ટેશન આસપાસ લાંબા સમયથી બિનઉપયોગી પડેલી જમીનનો યોગ્ય ઉપયોગ કરીને આવક વધારવાનો આ મહત્વપૂર્ણ પ્રયાસ છે. કંડલા અને મુન્દ્રા બંદર જેવા મોટા વેપાર કેન્દ્રોની હાજરીને કારણે ગાંધીધામ પહેલેથી જ રેલવે આવકમાં મહત્વનું યોગદાન આપે છે, અને આ પ્રોજેક્ટથી આવકમાં વધુ વધારો થવાની આશા છે. સૂત્રોના જણાવ્યા મુજબ ભવિષ્યમાં ભુજ ખાતે પણ આવા પ્રકારના કોચ રેસ્ટોરાં સ્થાપવાની યોજના વિચારાધીન છે, પરંતુ ત્યાં હાલ જમીન સંબંધિત અવરોધો અને પ્રાથમિક તૈયારીઓના અભાવે કામગીરી આગળ વધી નથી.

# કર્મભૂમિનું ઋણ ચૂકવવા ગૌવંશ સેવા ધામને જીવદયા માટે અનુદાન અપાયું

ભુજ - કચ્છઉદય : સનાતન સંસ્કૃતિમાં દાન ધર્મનો મહિમા અપરંપાર છે અને તેમાં પણ ગૌ સેવા માટે આપવામાં આવતા દાનનું પુણ્ય અનેક ગણું દર્શાવવામાં અઆવ્યું છે, જીવદયા અને સામાજિક સેવાના કાર્યોમાં ઉમદા ભાવ સાથે દાન આપનારા ઉદારદિલ દાતાઓને દાન આપવા કારણ મળવું જોઈએ અને આવી જ ઉમદા ભાવનાને ચરિતાર્થ કરતા માદરે વતનને છોડી જીવનના અનેક વર્ષો નોકરી અર્થે કચ્છ જિલ્લામાં રહી કચ્છને કર્મભૂમિ બનાવનાર એક નિવૃત અધિકારીએ વતન ઉત્તર ગુજરાતમાં સ્થાઈ થયા બાદ કચ્છની પાવન ધરા સાથે આજે પણ જીવંત ઘરોબો ધરાવતા કર્મ ભૂમિ કચ્છના ઋણમાંથી આંશિક મુક્ત થવા નામ ન આપવાની શરત સાથે ૫૫૫૫૫/ ના પંચાવન હજાર પાંચસો પંચાવન રૂપિયા અનુદાનનો ચેક અજરામર ટ્રસ્ટ ભુજના ગૌ વંશ સેવાધામ પ્રકલ્પ માટે અર્પણ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, અજરામર ટ્રસ્ટ દ્વારા ભુજ તાલુકાના ભારાપર ગામે વાંકી તિર્થ જતા માર્ગે રખડતા ભટકતા ગૌ વંશ માટે સુવિધાયુક્ત આશ્રય સ્થાન નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ અનુદાન આપી જીવદયા કાર્યમાં સહભાગી થવા બદલ સંસ્થાના વરિષ્ઠ માર્ગદર્શક મંડળના સભ્યો હિંમતસિંહ વસણ, વિનોદભાઈ ગાલા, મનસુખભાઈ શાહ, નિલેશ મહેતા, અતુલભાઈ જોશી, એચ. પી. વરીયાએ દાતાની ગૌસેવાની ઉમદા ભાવનાને બિરદાવી હતી. સંસ્થાના ટ્રસ્ટીઓ મીના બોરીચા દીપક મહેતા અને મયુર બોરીચાએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# ગાંધીધામ-ભચાઉ હાઈવે પર 'તેલચોરો'નો ફરી વકરતો આતંક

**ભચાઉ હાઈવે પાસેથી થોડા સમય પહેલા ૨૬ લાખના શંકાસ્પદ ડિજલ ઝડપાયા બાદ ગત રોજ ફરીથી ચોરાઉ શંકાસ્પદ ડિજલનો પોલીસે પકડયો જથ્થો : જો કે આ કિસ્સાઓ તો માત્ર 'પાસેરામાં પૂણી' સમાન કાર્યવાહી છે? :કચ્છમાં તેલચોરોનું નેટવર્ક ફરી સક્રિય થયું હોય તેમ લાગી રહ્યું છે. જોકે, આ કેસમાં ઝડપાયેલો મુદ્દામાલ તો વાસ્તવિક ચોરીના નેટવર્ક સામે 'પાસેરામાં પૂણી' સમાન હોવાની ચર્ચાઓ જાગી છે.**

**આવી પુનરાવર્તિત ઘટનાને પગલે અનેક સળગતા પ્રશ્નો ઉભા થયા છેઃ મદદગાર હોટલો સામે પગલાં કેમ નહીં? જે હોટલ કે પાર્કિંગ પ્લોટમાં આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલે છે, તેમના માલિકો સામે કડક કાર્યવાહી કરવામાં પોલીસ કેમ ખચકાય છે?**

## ચોરાઉ ડિઝલ ખરીદનાર કોણ છે?

ગાંધીધામ : ડિઝલની ચોરી પકડાયા છે, ચોરી કનારાઓ પણ સ્થળ પરથી નાના મોટા આરોપીઓ મળી રહ્યા છે પણ સવાલ એ નિરૂત્તર રહી જાય છે કે, આ ચોરાઉ ડીઝલનો જથ્થો જતો કયા હતો? ચોરાઉ ડિઝલની ખરીદી કોણ કરતા હતા?ચોરાયેલું ડિઝલ ક્યાં જાય છે? કયા શખ્સો આ સસ્તું ડિઝલ ખરીદીને મોટા નફામાં વેચે છે? જ્યાં સુધી ખરીદનારના નેટવર્કને તોડવામાં નહીં આવે, ત્યાં સુધી ચોરી અટકવાની નથી.ગાંધીધામથી ભચાઉ સુધીના અનેક પાર્કિંગ પ્લોટ બેનામી હેરફેરના અડ્ડા બન્યા છે. ઝડપાયેલા શખ્સો આ માલ કોને વેચતા હતા? આ ચોરાઉ ડિઝલના ખરીદનારા મોટા માથાઓ કોણ છે?

ગાંધીધામ : ભચાઉથી ગાંધીધામ તરફના હાઈવે પર હજુ તો થોડા સમય પહેલા જ બજરંગ હોટલ પાસેના પાર્કિંગમાં પોલીસે દરોડો પાડીને શંકાસ્પદ ડીઝલની હેરાફેરી કરતા બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. તે વખતે પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. બાતમી હતી કે પાર્કિંગમાં ઉભેલા ટ્રેલરમાંથી ડીઝલ ચોરી કરી કેરબાઓ ભરીને સફેદ અલ્ટો કારમાં સગેવગે કરવામાં આવી રહ્યું છે.પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતા ૮૦ લીટર શંકાસ્પદ ડીઝલ (કિંમત રૂ. ૭,૨૦૦) મળી આવ્યું હતું. આ ગુનામાં સંડોવાયેલા શખ્સો પાસેથી તે વખતે કોઈ કાયદેસરના આધાર પુરાવા ન મળતા પોલીસે ડીઝલ, ટ્રેલર અને કાર સહિત કુલ રૂ. ૨૬,૦૭,૩૦૦નો મુદ્દામાલ કબજે કરી બંનેની અટકાયત કરી હતી. હજુ તો આ ઘટનાની સ્યાહી સુકાઈ જ નથી ત્યાં તો ફરીથી ગત રોજ હઆીથી ડીઝલનો તગડો જથ્થો ફરીથી આધારપુરાવા વિનાનો ઝડપી પાડવામા આવ્યો છે. આ સમયે સવાલો ઉભા થવા પામી રહ્યા છે કે, કચ્છનો હાઈવે માત્ર માલસામાનની હેરફેરનો માર્ગ જ નથી રહ્યો, પણ ગુનાહિત પ્રવૃત્તિઓનું એપીસેન્ટર પણ બની રહ્યો હોય તેવું ભચાઉ નજીક ઝડપાયેલા ડીઝલ ચોરીના રેકેટ પરથી ફલિત થાય છે. ભચાઉ-ગાંધીધામ સર્વિસ રોડ પર આવેલી હોટલોના પાર્કિંગ પ્લોટમાં જે રીતે ખુલ્લેઆમ ટ્રેઈલરોમાંથી ડીઝલ કાઢીને કારમાં ભરાતું હતું, તે દર્શાવે છે કે ગુનેગારોમાં કાયદાનો ડર ઓસરી રહ્યો છે. જોકે, પોલીસે બે કીસ્સાઓમાં તાજેતરમાં જ કડક કાયવાહી કરી છે. પણ શું આટલી કાર્યવાહી પૂરતી છે?ખરો પ્રશ્ન એ છે કે, આ તો માત્ર 'પાસેરામાં પૂણી' સમાન કિસ્સો છે. કચ્છના હાઈવે પર વર્ષોથી આ પ્રકારના નેટવર્ક કાર્યરત છે. જ્યારે પણ આવી ધરપકડ થાય છે ત્યારે માત્ર નાના પ્યાદાઓ જ જેલના સળિયા પાછળ જાય છે, પરંતુ આ કાળા કારોબારના 'કિંગપિન' સુધી પોલીસનો પંજો ક્યારેય પહોંચતો નથી. તપાસના કેન્દ્રમા હકીકતમાં આ વિવિધ પાસાઓનો સમાવેશ કરવો જોઈએ. પાર્કિંગ પ્લોટ અને હોટલોની ભૂમિકા આવી ચોરીઓમાં શું હોય છે? હાઈવે પરની હોટલો અને પાર્કિંગ પ્લોટમાં જો આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલતી હોય, તો તેના માલિકો કે સંચાલકોની મિલીભગત વગર તે શક્ય જ નથી. શું પ ોલીસ આ હોટલ સંચાલકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની હિંમત બતાવશે? માત્ર ૮૦ લીટર ડીઝલ અને ગાડીઓ પકડવાથી સંતોષ માનવાને બદલે પોલીસે આ આખા નેટવર્કના મૂળ સુધી પહોંચવું પડશે. ગાંધીધામથી ભચાઉ સુધીના પટ્ટામાં જે રીતે બેનામી હેરફેરના ધંધા ફૂલ્યા-ફાલ્યા છે, તે પોલીસ તંત્રની કાર્યપ્રણાલી સામે પણ સવાલો ઉભા કરે છે. જો પોલીસ ખરેખર હાઈવેને સુરક્ષિત બનાવવા માંગતી હોય, તો આ 'તેલચોરો'ના આકાઓ સુધી પહોંચવું જ રહ્યું. નહીં તો, આવી નાની-મોટી ધરપકડો માત્ર હેડલાઈન્સ બનીને રહી જશે અને ગેરકાયદેસર ધંધા નિર્બાધપણે ચાલુ રહેશે. ?સ્થાનિકોમાં ચર્ચા છે કે જો પોલીસ આ કેસના મૂળ સુધી પહોંચે, તો હાઈવે પર ચાલતા આ મોટા રેકેટનો પ દર્ફાશ થઈ શકે છે. હાલ તો પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, પરંતુ સામાન્ય નાગરિકોની માંગ છે કે માત્ર પ્યાદાઓને પકડવાને બદલે આખા નેટવર્કને નેસ્તનાબૂદ કરવામાં આવે.

## સવાલોના ઘેરામાં પ્રશાસનઃ શું આ 'તેલ-ખેલ' મિલીભગત વગર શક્ય છે?

ગાંધીધામ : ભચાઉ-ગાંધીધામ હાઈવે પર વર્ષોથી ચાલતા આ ધંધા માત્ર અમુક ચીભડ શખ્સો પકડાયા એટલે પૂરા થઈ જતા નથી. આ ઘટના પોલીસ અને સ્થાનિક પ્રશાસન સામે અનેક ગંભીર સવાલો ઉભા કરે છેઃ અમુક પાર્કિંગ પ્લોટ કે ગુનાખોરીના અડ્ડા? હાઈવે પરની હોટલો પાસે આવેલા પાર્કિંગ પ્લોટમાં રાત્રે કે સાંજે શું પ્રવૃત્તિ ચાલે છે તેનું ચેકિંગ કેમ કરવામાં આવતું નથી? શું પ્રશાસન આ પાર્કિંગ પ્લોટના માલિકોના ડેટા કે ત્યાં થતી હિલચાલ પર નજર રાખવામાં નિષ્ફળ રહ્યું છે? ગેરકાયદેસર કટીંગ પોઈન્ટ્સઃ ગાંધીધામથી ભચાઉ સુધીના પટ્ટામાં અનેક એવા 'કટીંગ પોઈન્ટ્સ' છે જ્યાં ટ્રેઈલરોમાંથી માલ ચોરી કે અદલાબદલી થાય છે. શું પોલીસ પાસે આ ચોક્કસ સ્થળોની યાદી નથી? જો હોય, તો ત્યાં કાયમી પેટ્રોલિંગ કેમ ગોઠવવામાં આવતું નથી? <u>**પૂરવઠા વિભાગની મૌન ભૂમિકાઃ**</u> માત્ર પોલીસ જ નહીં, પણ જિલ્લા પૂરવઠા વિભાગ પણ આ કાળા બજાર રોકવા માટે કેમ કોઈ નક્કર પગલાં નથી ભરતું? બજારમાં ચોરાઉ ડીઝલ વેચાતું હોય ત્યારે આ વિભાગની ઉંઘ કેમ નથી ઉડતી? <u>**રજિસ્ટર્ડ વાહનોનો દુરુપયોગઃ**</u> ચોરીના કામમાં વપરાતી અલ્ટો જેવી કાર કે ટ્રેઈલરો શું અગાઉ પણ આવા ગુનામાં વપરાયા છે? આવા વાહનોના માલિકો સુધી તપાસનો છેડો કેમ પહોંચતો નથી? <u>**ખોફ કે ખાઈકી?**</u>શું તેલચોરોનો ખોફ એટલો છે કે હોટલ સંચાલકો મોઢું નથી ખોલતા, કે પછી ઉપર સુધી પહોંચતા હપ્તાઓને કારણે આ આખો ખેલ 'સીસ્ટમ' ની નજર સામે જ ચાલી રહ્યો છે?

## ડ્રાઈવરોની મજબૂરી કે મિલીભગત?

ગાંધીધામ : તેલના પરીવહન કરનારા વાહનવાળા કે ડ્રાયવરોની ભુમિકા ઘટનાઓમાં પ્રાથમિક ધોરણે શંકામાં આવી જાય છે. તો આ ડ્રાઈવરોની મજબુરી છે કે પછી લાલચભરી મિલીભગત છે? શું ટ્રેઈલરના ડ્રાઈવરોને ધમકાવીને આ જથ્થો પડાવવામાં આવે છે કે પછી કમિશનની લાલચે આ ખેલ ખેલાય છે? આ દિશામાં ઊંડી તપાસ અનિવાર્ય છે. આ શખ્સો કેટલી ગાડીઓમાંથી ડીઝલ કાઢતા હતા? શું તેઓ ડ્રાઈવરોને ધમકાવીને આ જથ્થો પડાવતા હછી કોઈ મોટી ગેંગના ઈશારે આ કામ ચાલતું હતું?

## ભચાઉ પોલીસે ૫૭૦ લિટર શંકાસ્પદ ડીઝલ કબજે કર્યું



ભચાઉ - કચ્છ ઉદય : ભચાઉ - ગાંધીધામ હાઈવે રોડ પર ગોલ્ડન ઈગલ હોટલની ડાબી બાજુ ઓરડી પાછળ ગેરકાયદે ડીઝલ છુપાવ્યું હોવાની બાતમીના આધારે ભચાઉ પોલીસે દરોડો પાડીને ૫૭૦ લિટર ડીઝલ કિંમત રૂા.૫૧,૩૦૦ મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સાથે રાજસ્થાનનો કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અને પંજાબનો કમલજીતસિંઘ બલવીન્દરસિંગ જાટ પકડાયો હતો, જ્યારે લખવિન્દરસિંગ ઉર્ફે લખો અજીતસિંઘ જાટ હાજર મળી આવ્યો ન હતો.

## મોડવદર પાસે માલગાડીમાં માથુ કપાઈ જતા યુવાનનું મોત

**ભીમાસરના ટર્મિનલમાં ટ્રક પરથી પડી જતા રાજસ્થાનના આધેડનો જીવ ગયો**

ભુજ - કચ્છ ઉદય : જિલ્લામાં અપમૃત્યુના અલગ અલગ બે બનાવો સામે આવ્યા છે. ગાંધીધામ તાલુકાના મોડવદર ફાટક ભચાઉથી ગાંધીધામ જતા ટ્રેક પર મીઠીરોહર સીમમાં પીલર નં.૭૮૯ ની બાજુમાં આ બનાવ બન્યો હતો. કોઈ અજાણ્યા ૩૦ વર્ષિય યુવાનનું માલગાડીની હડફેટે આવી જવાના કારણે મોત થયું હતું. માલ ગાડીની હડફેટે આવી જતા આ યુવાનનું માથુ કપાઈ ગયું હતું. હાલ એ -ડિવિઝન પોલીસે અકસ્માત મોતની નોંધ દાખલ કરીને તેની ઓળખ માટેના ચક્રો ગતિમાન કર્યા છે. દરમિયાન અંજાર તાલુકાના ભીમાસર પાસે આવેલ આર્યા ફીટ ટર્મિનલ પાસે બીજો બનાવ બન્યો હતો. અહીં રાજસ્થાનના ૫૦ વર્ષિય પ્રેમસિંહ મગેજસિંહ ટ્રક પરથી પડી જતા ઈજાઓ થવાના કારણે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું મોત થયું હતું. બનાવ અંગે અંજાર પોલીસે એડી દાખલ કરી છે.






## કચ્છ રાજકીય સંગ્રામઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ગરમાવો, ભાજપની 'ચાણક્ય નીતિ' સામે કોંગ્રેસનો 'અસ્તિત્વનો જંગ'

**જિલ્લામાં ચૂંટણીનો જંગ જામ્યો : ફોર્મ ખેંચાતા જ ચિત્ર સ્પષ્ટ, હવે 'રણ' માં ખરાખરીનો ખેલ! : કેસરીયો કેમ્પ ફૂલ એક્શન મોડમાં : સીએમ ભૂપેન્દ્ર પટેલના પ્રચારે ભાજપની 'ભગવા બ્રિગેડ'માં પૂર્યો નવા જોમનો સંચાર : કોંગ્રેસ પક્ષ હજુયે સુસ્ત**

ભુજ-કચ્છઉદય : કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનું રણશિંગું ફૂંકાઈ ચૂક્યું છે. ઉમેદવારી પત્રો પરત ખેંચવાના છેલ્લા દિવસે ૫૮ ઉમેદવારોએ મેદાન છોડતા હવે જંગનું અંતિમ ચિત્ર સાફ થઈ ગયું છે. આગામી ૨૬ એપ્રિલે જ્યારે મતદાન થવાનું છે, ત્યારે જિલ્લા પંચાયત, ૯ તાલુકા પંચાયત અને ગાંધીધામ મહાનગરપાલિકા સહિતની નગરપાલિકાઓ પર કબજો જમાવવા તમામ પક્ષોએ એડીચોટીનું જોર લગાવ્યું છે.




રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે ભાજપ માટે નાની નગરપાલિકા હોય કે સંસદ, દરેક ચૂંટણી 'કરો યા મરો' સમાન હોય છે. ભાજપના પાયાના કાર્યકરોથી લઈને મોવડી મંડળ મેદાને ઉતરી ગયું છે. બીજી તરફ, કોંગ્રેસ હજુ પણ આ પ્રક્રિયામાં ક્યાંક પાછળ હોય તેમ જણાય છે. મતદારોને રીઝવવામાં વર્ષોથી સંઘર્ષ કરતી કોંગ્રેસના કોઈ મોટા ગજાના નેતાની એન્ટ્રી હજુ સુધી થઈ નથી, જે કાર્યકરોમાં ચર્ચાનો વિષય બન્યો છે. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે દયાપરની જાહેર સભા અને ગાંધીધામના કાર્યક્રમો દ્વારા ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરી દીધા છે. સીએમની હાજરીએ ભાજપના ઉમેદવારો અને સમર્થકોમાં નવી ઉર્જા ભરી દીધી છે. ભાજપે ફોર્મ ભરવાની સાથે જ પ્રચારના ધામા નાખી દીધા હતા, જે લીડ હવે વિપક્ષો માટે કાપવી અઘરી બની શકે છે.

મતદાનને હવે ગણતરીના ૯ દિવસ જ બાકી છે, ત્યારે પ્રચારની રણનીતિ બદલાશે. ઉમેદવારો હવે વ્યક્તિગત સંપર્ક પર ભાર મૂકશે. રાત્રિના સમયે સામાજિક અને રાજકીય આગેવાનોને મનાવવા માટે ખાનગી બેઠકોનો દૌર શરૂ થશે. અન્ય અપક્ષ કે નબળા ઉમેદવારો પાસે સમર્થન જાહેર કરાવવા માટે ચોકઠાં ગોઠવવામાં આવશે.કચ્છનું રાજકારણ હંમેશા ચોંકાવનારૂ રહ્યું છે. ૨૬ તારીખે મતદાન મશીનમાં ભાવિ કેદ થાય તે પહેલા હજુ પણ અનેક સમીકરણો બદલાશે. વિરોધી છાવણીમાં ગાબડા પાડવા અને અંતિમ ઘડીએ પ્રતિસ્પર્ધી ઉમેદવારને પોતાની તરફેણમાં કરી લેવા માટેની આંતરિક ગતિવિધિઓ તેજ બની છે.ભાજપના આક્રમક પ્રચાર સામે કોંગ્રેસ અને અન્ય પક્ષો અંતિમ દિવસોમાં કેવી ફાઈટ આપે છે, તેના પર સૌની મીટ મંડાયેલી છે. કચ્છની જનતા 'વિકાસ' ને મત આપશે કે 'પરિવર્તન' ને, તેનો ફેંસલો હવે ગણતરીના દિવસોમાં થશે.

## લોડાઈમાં પાણીપુરી ખાધા બાદ ફૂડ પોઈઝનિંગઃ ૪૦ થી વધુ લોકોની તબિયત લથડી

**સામૂહિક ઝાડા - ઉલ્ટી શરૂ થતા સ્થાનિક પીએચસીમાં સારવાર અપાઈ : સાતથી આઠ લોકોની તબીયત વધુ ખરાબ હોતા ભુજ ખસેડાયા**

ભુજ : તાલુકાના લોડાઈ ગામમાં પાણીપુરી ખાધા બાદ સામૂહિક ફૂડ પોઈઝનિંગની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. ગામના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અંદાજે ૪૦ થી ૫૦ જેટલા લોકોને તેની ગંભીર અસર થઈ છે. પાણીપુરી ખાધા બાદ લોકોની તબિયત બગડવાની શરૂ થઈ હતી. શરૂઆતમાં સ્થાનિકોએ સ્થિતિ સામાન્ય માની નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર લીધી હતી. જોકે, કેટલાક દર્દીઓની સ્થિતિ વધુ વણસતા અને તબિયત વધુ ખરાબ થતાં તેમને ભુજની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

સ્થાનિક સૂત્રોના કહેવા પ્રમાણે ૧૪ તારીખે આ બનાવ બન્યો હતો. પાણીપુરી ખાધા બાદ ઝાડા - ઉલ્ટી શરૂ થયા હતા. એક સાથે આટલી મોટી સંખ્યામાં લોકો બીમાર પડતા લોડાઈ ગામમાં ફફડાટ ફેલાયો હતો. તમામને પીએસચી ખાતે સારવાર આપવામાં આવી હતી. તે પૈકી આઠ લોકોની તબીયત ખરાબ થતા ભુજમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાં જી.કે. જનરલ હોસ્પિટલમાં ચાર, કેસરાણી હોસ્પિટલમાં એક, ડોક્ટર રીખવ શાહની હોસ્પિટલમાં બે અને વાયબલમાં એક દર્દી દાખલ હોવાનું જાણવા મળ્યું છે. હાલ દર્દીઓની સારવાર ચાલી રહી છે. આ બાબતે ગામના સરપંચ વાલાભાઈથી વાત કરતા તેમણે બનાવ બન્યો હોવા બાબતે સમર્થન આપ્યું હતું.

## કચ્છમાં ઉનાળુ વાવેતરમાં ઘાસચારો અને મગફળીનું પ્રભુત્વ

**જિલ્લામાં કુલ ૩૭ હજાર હેક્ટરથી વધુમાં વાવણી સંપન્ન**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે ઉનાળુ ઋતુ દરમિયાન વિવિધ પાકોના વાવેતરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા આંકડાઓ મુજબ કચ્છ-ભુજ જિલ્લામાં કુલ ૩૭,૧૫૯ હેક્ટર વિસ્તારમાં ઉનાળુ પાકોનું વાવેતર પૂર્ણ થયું છે.

આ વર્ષે ખેડૂતોએ પશુધન માટેના ઘાસચારા અને તેલીબિયાં પાક મગફળી પર વિશેષ પસંદગી ઉતારી હોય તેમ જણાય છે. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં થયેલા વાવેતરમાં સૌથી વધુ હિસ્સો ઘાસચારાનો રહ્યો છે, જે કુલ ૧૬,૨૧૬ હેક્ટરમાં વવાયો છે. ત્યારબાદ મગફળીનું ૫,૩૯૯ હેક્ટરમાં અને બાજરીનું ૫,૪૬૨ હેક્ટરમાં વાવેતર નોંધાયું છે. આ ઉપરાંત જિલ્લામાં ૪,૭૬૪ હેક્ટરમાં શાકભાજી અને ૨,૦૨૬ હેક્ટરમાં તલનું વાવેતર કરવામાં આવ્યું છે.

તાલુકાવાર વિગતો તપાસતા ભુજ તાલુકામાં સૌથી વધુ ૬,૦૫૦ હેક્ટરમાં વાવેતર થયું છે, જ્યારે ભચાઉમાં ૫,૦૮૫ હેક્ટર અને અબડાસામાં ૪,૬૫૮ હેક્ટર વિસ્તારમાં ખેતી કાર્ય સંપન્ન થયું છે. અન્ય તાલુકાઓમાં પણ ખેડૂતોએ મગ, અડદ, ગુવારગમ અને શેરડી જેવા પાકોમાં રસ દાખવ્યો છે. ખાસ કરીને ઉનાળાની ગરમીને ધ્યાને રાખીને ખેડૂતોએ શક્કરટેટી અને તડબૂચ જેવા ફળ પાકોનું પણ મર્યાદિત પરંતુ નોંધપાત્ર વાવેતર કર્યું છે. જિલ્લામાં કુલ વાવેતરનો આ આંકડો ગત વર્ષોની સરેરાશની નજીક પહોંચ્યો છે, જે કચ્છના કૃષિ ક્ષેત્ર માટે આશાસ્પદ ચિત્ર રજૂ કરે છે. પૂરતા પ્રમાણમાં થયેલા વાવેતરને પગલે આગામી દિવસોમાં બજારમાં સ્થાનિક જણસોની આવક વધવાની શક્યતા સેવાઈ રહી છે.